મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

■ Issue 193 ■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ શ્રાવણ વદ- ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR

■ www.bombaysamachar.com ■ 15 August 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20

શુક્રવાર, ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

▸ કિશ્તવાડના ધર્મસ્થળ મચેલના ચશોતી ગામમાં ભયંકર તારાજી

▸ શ્રદ્ધાળુઓ મચેલ ગામમાં પૂજા-પ્રાર્થના માટે જઈ રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી

# તબાહી જમ્મુ-કાશ્મીરમાં વાદળ ફાટતાં ૫૫ જણનાં મોત

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીરના જમ્મુ ડિવિઝનના કિશ્તવાડમાં આવેલા ધાર્મિકસ્થળ મચેલના ચશોતી ગામમાં વાદળ ફાટવાની બનેલી ઘટનામાં ઓછામાં ઓછા પંચાવન જણનાં મોત થયાં હતાં તો ૧૫૦ કરતાં પણ વધુ લોકો જખમી થયા હતા અને ૨૦૦ કરતાં પણ વધુ લોકો ગુમ હોવાનું વહીવટીતંત્રએ ગુરુવારે કહ્યું હતું.

વહીવટીતંત્રના જણાવ્યાનુસાર અત્યાર સુધીમાં પચાસ કરતાં પણ વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા હોવા ઉપરાંત ૪૦ મૃતદેહ કબજે કરવામાં આવ્યા છે. ઘટનાનો મરણાંક વધવાની શક્યતા હોવાનું પણ તેમણે કહ્યું હતું. વાદળ ફાટવાને કારણે એ વિસ્તારમાં તબાહી મચી ગઈ હતી અને ભારે નુકસાન થયું હતું. શ્રદ્ધાળુઓ મચેલ ગામમાં પૂજા-પ્રાર્થના માટે જઈ રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી એમ જણાવતાં કિશ્તવાડના નાયબ પોલીસ કમિશનર પંકજ શર્માએ કહ્યું હતું કે વાદળ ફાટવાને કારણે કિશ્તવાડાના ચશોતી વિસ્તારમાં અચાનક પૂર આવ્યું હતું અને પરિસ્થિતિએ ગંભીર વળાંક લીધો હતો.

ચસોતી, મચેલ માતા યાત્રાનું પ્રારંભ સ્થાન છે.

કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્ર સિંહે કહ્યું હતું કે ઘટનાને પગલે વહીવટીતંત્ર તાબડતોબ સક્રિય બની ગયું હતું અને રાહત તેમ જ બચાવ કામગીરી આરંભી દીધી હતી. વાદળ ફાટવાને કારણે થયેલાં નુકસાનની આકારણી (જુઓ પાનું ૨) ▸▸

## કેન્દ્ર સરકારની સતત નિગરાની

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુરુવારે જમ્મુ-કાશ્મીરના લેફ. ગવર્નર અને મુખ્ય પ્રધાન સાથે વાત કરી કિશ્તવાડમાં વાદળ ફાટવાને કારણે નિર્માણ પામેલી પરિસ્થિતિ અંગે જાણકારી મેળવી હતી અને અસરગ્રસ્ત લોકોને તમામ સહાય પૂરી પાડવાની બાંયધરી આપી હતી. સ્થાનિક વહીવટીતંત્રએ બચાવ અને રાહત કામગીરી આરંભી દીધી હોવાનું (જુઓ પાનું ૨) ▸▸





**કુદરતનું રૌદ્ર રૂપઃ** જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડમાં ગઈ કાલે વાદળ ફાટતાં ભયંકર વિનાશ સર્જાયો હતો. આ ભયંકર કુદરતી હોનારત પછી મોટા પાયે બચાવ અને રાહત કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. ગુરુવારે મોડી રાત સુધી બચાવ કાર્ય પૂરજોરથી ચાલુ હતું. (સુરેશ એસ. ડુગ્ગર)



જળપરીઃ બેંગલૂરુના માછલીઘરમાં સ્વાતંત્ર્ય દિનની પૂર્વસંધ્યાએ ગુરુવારે ખાસ કાર્યક્રમમાં જળપરીનો વેશ ધારણ કરી પર્ફોર્મ કરી રહેલી યુવતી. (એજન્સી)

**મુંબઈ સમાચાર**

**સર્વે વાચકોને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા અને પારસી વાચકોને નવું વર્ષ મુબારક.**

**- વ્યવસ્થાપક**

## આજે ટૅરિફથી આઝાદી કે પછી...?

### ટ્રમ્પ અને પુતિનની બેઠક પર જગતની નજરઃ ભારત માટેના ટૅરિફનું ભવિષ્ય આમાં નક્કી થશેઃ જોકે એ પહેલાં અમેરિકાએ વધુ ટૅરિફની ધમકી આપી

અલાસ્કાઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને રશિયાના પ્રમુખ વ્લાદીમિર પુતિન વચ્ચેની બેઠકનાં અંતિમ પરિણામને આધારે ટ્રમ્પ વહીવટીતંત્ર ભારત પર વધુ ટૅરિફ લાદવો કે નહીં એ અંગેનો નિર્ણય લેશે એવી ચેતવણી અમેરિકાના નાણાં પ્રધાન સ્કૉટ બૅસન્ટે આપી હતી. જોકે આજની ટ્રમ્પ અને પુતિન વચ્ચેની શિખરમંત્રણા સફળતા થશે તો ભારતને ઊંચા ટૅરિફથી આઝાદી મળી શકે એમ છે.

રેડિયો સાથે ટ્રમ્પે કરેલી વાતચીત અમે સાંભળી હતી અને તેનો મુખ્ય મુદ્દો તેમની પુતિન સાથેની બેઠકનો હતો, એણ પણ તેમણે કહ્યું હતું.

અગાઉ, ગુરુવારે પુતિને યુક્રેન સાથેના યુદ્ધનો અંત આણવા અમેરિકા દ્વારા કરવામાં આવી રહેલા નિષ્ઠાપૂર્વકના પ્રયાસની (જુઓ પાનું ૨) ▸▸

## બિહારના ૬૫ લાખ મતદારનાં નામ શું કામ છેક્યાં? કારણો આપે ચૂંટણી પંચઃ સુપ્રીમ

નવી દિલ્હીઃ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવેલા ૬૫ લાખ મતદારની વિગતો કારણ સહિત જાહેર કરવાનો સુપ્રીમ કોર્ટે ગુરુવારે ચૂંટણી પંચને આદેશ આપ્યો હતો.

બિહારમાં મતદાર યાદીમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)માં પારદર્શિતાને વેગ આપવા સુપ્રીમ કોર્ટે આ આદેશ આપ્યો હતો.

બિહારમાં મતદાર યાદીમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ની કવાયત હાથ ધરવાને (જુઓ પાનું ૨) ▸▸

## ઉંબાડિયું કર્યું તો જોવા જેવી થશેઃ પાકિસ્તાનને ભારતની ચેતવણી

નવી દિલ્હીઃ ભારતે ફરી એકવાર પાકિસ્તાનને ઠપકો આપ્યો છે. પાકિસ્તાનના લશ્કરી વડા અસીમ મુનીર સહિતના નેતાઓ દ્વારા આપવામાં આવેલી ધમકીઓનો ભારતે જડબાતોડ જવાબ આપતા કહ્યું કે પાડોશી દેશને નિયંત્રણમાં રહેવાની જરૂરી છે નહીંતર તેને પીડાદાયક પરિણામો ભોગવવા પડશે. ભારત તરફથી આ પ્રતિક્રિયા (જુઓ પાનું ૨) ▸▸

## યોગીની પ્રશંસા કરનાર એસપીના ધારાસભ્ય પૂજા પાલને ગડગડિયું

લખનઊ : વિધાનસભામાં ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથની ગેંગસ્ટર-રાજકારણી અતિક અહમદને ધૂળ ચટાડવા બદલ પ્રશંસા કરવા બદલ સમાજવાદી પક્ષે ગુરુવારે તેના ધારાસભ્ય પૂજા પાલને કથિત પક્ષ વિરોધી પ્રવૃત્તિઓનું કારણ આપીને બરતરફ કર્યા હતાં.

આ પગલાંને નાયબ મુખ્ય પ્રધાન બ્રજેશ પાઠકે સમાજવાદી પાર્ટીનો મહિલા વિરોધી અભિગમ ગણાવ્યો હતો.

પાલને જારી કરાયેલા પત્રમાં, પાર્ટીએ વારંવાર ચેતવણીઓ છતાં પાલ પર પોતાના હિત વિરુદ્ધ પ્રવૃત્તિઓ કરવાનો આરોપ મૂક્યો હતો.

એસપીના પ્રમુખ અખિલેશ યાદવ દ્વારા હસ્તાક્ષર કરાયેલા પત્રની એક નકલ વિધાનસભાના સ્પીકરને પણ મોકલવામાં આવી છે.

પત્રની નકલ સોશ્યલ મીડિયા પર લીક થઈ છે અને સપાના સૂત્રોએ મહિલા ધારાસભ્યની હકાલપટ્ટીની પુષ્ટિ કરી હતી.

પત્રમાં કહેવામાં આવ્યું છે કે પાલના કાર્યો ગંભીર અનુશાસનહીનતા સમાન છે અને તેમને તાત્કાલિક અસરથી પક્ષના તમામ પદો પરથી દૂર કરવામાં આવી રહ્યા છે.

## એચ-વનબી વિઝા માટે ઊંચા પગારવાળાઓ પહેલી પસંદગી

વૉશિંગ્ટનઃ અમેરિકાની સરકાર એચ-વનબી વિઝાના નિયમો આપવાની સિસ્ટમમાં ફેરફાર કરવાનો વિચાર કરી રહી છે. જેનાથી ભારતીય વિદ્યાર્થીઓની મુશ્કેલી વધી શકે છે. હાલ એચ-વનબી વિઝા લોટરી સિસ્ટમ દ્વારા આપવામાં આવે છે. લોટરી સિસ્ટમ યોગ્ય લાયકાત ધરાવતા અરજદારોને તેમના પગારને ધ્યાનમાં લીધા વિના વિઝા મેળવવાની સમાન તક આપે છે. તેથી આ સિસ્ટમમાં નવા સ્નાતકો અને (જુઓ પાનું ૨) ▸▸



**સુપરસ્ટાર માટે સેલિબ્રેશનઃ** સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સુપરસ્ટાર રજનીકાંતની ‘કૂલી’ ફિલ્મ ગઈકાલે રીલિઝ થઈ તેની ચેન્નઈમાં એક થિયેટરની બહાર ઉજવણી કરી રહેલા ચાહકો. (એજન્સી)

## પાકિસ્તાનમાં આઝાદી દિનની ઉજવણીમાં જાંગઃ ગોળીબાર થયો, બાળકીનો જીવ ગયો

કરાચીઃ પાકિસ્તાન આમ તો આતંકવાદી પ્રવૃત્તિઓના કારણે બદનામ થયેલું જ છે, અને હવે સુરક્ષા મામલે પણ પાણી ફરી રહ્યું હોવાનું સમાચાર પ્રકાશમાં આવ્યાં છે. આજે ૧૪મી ઓગસ્ટને પાકિસ્તાન પોતાનો સ્વતંત્રતા દિવસ માને છે. કરાચીમાં એક કાર્યક્રમ દરમિયાન મોટી દુર્ઘટના સર્જાઈ હોવાનું જાણવા મળ્યું છે. સ્વતંત્રતા દિવસના સમારોહમાં ફાયરિંગ થયું જેમાં આઠ વર્ષની બાળકી સહિત ત્રણ લોકોનું મોત થયું છે. એટલું જ નહીં પરંતુ ૬૦ થી વધારે લોકો ઘાટલ થયાં હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે.

પાકિસ્તાનીઓ સ્વતંત્રતા દિવસની ઉજણી કરી રહ્યાં છે કે, મોતને આમંત્રણ આપી રહ્યાં છે એ જ નથી સમજાતું કારણે આજે આખા શહેરમાં ફાયરિંગની ઘટનાઓ બની છે. જેમાં એક બાળકીને ગોળી વાગી હતી, જેથી તેનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું હતું. આખા શહેરમાં ગોળીબાર થયો હોવાની ઘટનાઓ પ્રકાશમાં આવી હોવાનું મીડિયા રિપોર્ટ્સ દ્વારા જાણવા મળ્યું છે. અધિકારીઓએ આ ઘટનાઓને મોટી લાપરવાહી ગણાવી છે.આ સમગ્ર ઘટનાઓ અંગે કરાચી પોલીસે કહ્યું કે, કરાચીના લિયાકતાબાદ, કોરંગી, લિયારી, મહમૂદાબાદ, અખ્તર કોલોની, કેમારી, જેક્સન, બાલ્ડિયા, ઓરંગી ટાઉન અને પાપોશ નગરમાં વિસ્તારમાં ફાયરિંગની ઘટના બની છે. આ સાથે સાથે નાઝમાબાદ, શરિફાબાદ, સુરજાની ટાઉન, જમાન ટાઉન અને લાંધીમાં પણ ફાયરિંગ થયું હતું. આ પહેલી વખત નથી. ૧૪મી ઓગસ્ટે દર વર્ષે પાકિસ્તાનમાં ફાયરિંગની ઘટનાઓ બનતી રહે છે.

## ભારતનાં રૅટિંગમાં સુધારો કર્યો એસએૅન્ડપીએ

નવી દિલ્હીઃ પ્રમુખ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે તાજેતરમાં ભારતની અર્થવ્યવસ્થાને ‘ડેડ ઈકોનોમી’ ગણાવી હતી. હવે ગ્લોબલ રૅટિંગ એજન્સી એસએન્ડપીએ ભારતના રૅટિંગમાં વધારો કર્યો છે. ક્રેડિટ રેટિંગ એજન્સી એસએન્ડપી ગ્લોબલે ભારતના લોંગ ટર્મ સોવરેન ક્રેડિટ રેટિંગથી વધારીને ‘બીબીબી’ કર્યું છે. તેણે ૧૪ ઓગસ્ટના રોજ આ અંગે એક (જુઓ પાનું ૨) ▸▸

## ઑનલાઈન સટ્ટાબાજી ઍપના કેસમાં ૧૧૦ કરોડ રૂપિયા પર ટાંચ

### ઈડીએ મુંબઈ, સુરત સહિત ૧૭ સ્થળે દરોડા પાડ્યા, ૧૨૦૦થી વધુ ક્રેડિટ કાર્ડ મળ્યાં

નવી દિલ્હીઃ દેશમાં ગેરકાયદે ઓનલાઈન સટ્ટાબાજી પ્લેટફોર્મના કેસ વધી રહ્યા છે. દરમિયાન એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી) મુંબઈની ટીમે ગેરકાયદે ઓનલાઈન સટ્ટાબાજી પ્લેટફોર્મ પરિમેચ સામે મોટી કાર્યવાહી કરી છે. ઈડીએ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ મુંબઈ, દિલ્હી, નોઈડા, જયપુર, સુરત, મદુરાઈ, કાનપુર અને હૈદરાબાદમાં ૧૭ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ દરોડામાં, લગભગ ૧૧૦ કરોડ રૂપિયાની રકમ જપ્ત કરી હતી. ઈડીએ જણાવ્યું હતું કે સાયપ્રસ સ્થિત ‘ગેરકાયદે’ ઓનલાઈન સટ્ટાબાજી પ્લેટફોર્મ પરિમેચના ભારતીય પરિસરો પર દરોડા પાડવામાં આવ્યા બાદ ૧૧૦ કરોડના ટ્રાન્જેક્શન પર રોક લગાવવામાં આવી છે અને ૧૨૦૦ ક્રેડિટ કાર્ડ જપ્ત કરાયા હતા.

ફેડરલ તપાસ એજન્સી અનુસાર, પરિમેચ એપે દેશમાં આક્રમક માર્કેટિંગ દ્વારા પોતાની છાપ ઊભી કરી હતી, જેમાં રમતગમત ટુર્નામેન્ટની સ્પોન્સરશિપ અને જાણીતી હસ્તીઓ સાથે ભાગીદારીનો સમાવેશ થાય છે. આ એપ પર રોકાણકારોને ઉચ્ચ વળતરની લાલચ આપીને અને વર્ષમાં ૩,૦૦૦ કરોડથી વધુ કમાણી કરીને છેતરપિંડી કરવાનો આરોપ છે.

આ રકમ અલગ અલગ લોકો અથવા કંપનીઓના બેન્ક ખાતામાં હતી અને તેનો ઉપયોગ ‘મ્યુલ અકાઉન્ટ્સ’ (અન્ય લોકોના પૈસા રાખવા અને ટ્રાન્સફર કરવા માટે બનાવેલા એકાઉન્ટ્સ) તરીકે થઈ રહ્યો હતો. આ સાથે ઘણા અન્ય મહત્વપૂર્ણ દસ્તાવેજો અને ડિજિટલ ડિવાઈસ પણ જપ્ત કરવામાં આવ્યા છે.

## ઇટલીમાં બોટ ડૂબી, ૨૬નાં મોત

ઇટલીઃ ઇટલીના લેમ્પેડુસા ટાપુ નજીક એક મોટી દુર્ઘટના સર્જાઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. મળતી વિગતો પ્રમાણે આશરે ૧૦૦ લોકો સ્થળાંતર કરી રહ્યાં હતા તેમની બોટ પલટી ગઈ હતી. આ અકસ્માતમાં આશરે ૨૬ લોકોનું મોત થયું હોવાનું જાણવા મળ્યું છે. આ સાથે સાથે અનેક લોકો લાપતા હોવાનું જાણવા મળ્યું છે. ઇટાલિયન કોસ્ટ ગાર્ડ અને સંયુક્ત રાષ્ટ્ર શરણાર્થી એજન્સીએ આ ઘટના અંગે માહિતી આપી હતી.સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે, ૬૦ લોકોને બચાવી લેવામાં આવ્યાં છે. આ દુર્ઘટનામાં બચી ગયેલા ૬૦ લોકોને લેમ્પેડુસાના એક કેન્દ્રમાં લાવવામાં આવ્યા છે. લિબિયાથી નીકળતી વખતે હોડીમાં ૯૨ થી ૯૭ લોકો સવાર હતા.

## સાઉદી અરેબિયામાં એક દિવસમાં આઠને ફાંસી

દુબઈઃ વિશ્વમાં એક દેશ એવો પણ છે જ્યાં જઘન્ય ગુના માટે આરોપીને ફાંસીની સજા આપવામાં આવે છે. જેનો આંકડો અન્ય દેશો કરતા વધારે છે. વાત છે ઇસ્લામિક દેશ સઉદી અરેબિયાની, અહીં ફાંસીની સજા આપવાના કેસોમાં પાછલા વર્ષો કરતા વધારો થયો છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે સાઉદી અરેબિયાએ એક જ દિવસમાં એક બે નહીં પરંતુ આઠ લોકોને ફાંસીની સજા આપી છે. જેમાં મોટાભાગના લોકો ડ્રગ્સની દાણચોરીના આરોપી હતા.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે શનિવારે ચાર સોમાલી અને ત્રણ ઇથોપિયન નાગરિકોને હશીશની દાણચોરી કરવાના ગુનામાં નજરાનમાં ફાંસી આપવામાં આવી હતી. એટલું જ નહીં પરંતુ આ દરમિયાન માતાની હત્યાના આરોપમાં એક સઉદી નાગરિકને પણ ફાંસી આપવામાં આવી છે. મહત્વની વાત એ છે કે, સઉદીમાં ડ્રગ્સના ગુનામાં ફાંસીની સજા આપવાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. તેવામાં હવે સાઉદીએ એક જ દિવસમાં આઠ લોકોને ફાંસીએ ચડાવ્યાં છે.

સઉદી પોતાના દેશમાં ડ્રગ્સની તસ્કરી કરતા લોકોને ફાંસીની સજા આપે છે. જેના કારણે વૈશ્વિક સ્તરે તેની ખૂબ જ આલોચના પણ થાય છે. વિરોધ થયા આવા કેસમાં ફાંસીની સજા આપવામાં થોડા સમય માટે રોક લગાવી હતી પરંતુ ફરી ૨૦૨૧માં સઉદીએ આ રોકને હટાવી દીધી અને ફાંસીની સજા આપવાનું શરૂ કરી દીધું હતું.

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રખડતાં કૂતરાં મુદ્દે સુપ્રીમનો આદેશ જરાય વ્યવહારુ નથી

**ભારતમાં** ક્યારે ક્યો મુદ્દો વિકરાળ સ્વરૂપ ધારણ કરી લે એ નક્કી નહીં ને અત્યારે શેરીઓમાં રખડતાં કૂતરાને મુદ્દે એવું જ થયું છે. દિલ્હીમાં રખડતાં કૂતરાં લોકો પર હુમલા કરે છે અને ખાસ તો નાનાં બાળકોને ભોગ બનાવે છે તેની નોંધ લઈને સુપ્રીમ કોર્ટે રખડતાં કૂતરાનો ત્રાસ રોકવા માટે ૨૮ જુલાઈએ સુઓ મોટો સુનાવણી શરૂ કરેલી. સુપ્રીમ કોર્ટે ૧૧ ઑગસ્ટે ચુકાદો આપેલો કે, દિલ્હી કેપિટલ રિજિયન (એનસીઆર)માં કૂતરા કરડવા અને હડકવાના વધતા કેસોને ધ્યાનમાં રાખીને દિલ્હી પૉનર વિસ્તાર (એનસીઆર)ના રહેણાક વિસ્તારોમાંથી તમામ રખડતાં કૂતરાને ૮ અઠવાડિયાની અંદર દૂર કરીને તેમને શેલ્ટર હોમમાં મોકલી આપવાના રહેશે. સુપ્રીમ કોર્ટે કૂતરાની નસબંધી કરવા પર ફરમાન કર્યું છે કે જેથી તેમની વસતીવધારાને રોકી શકાય. આ કામમાં અવરોધ ઊભો કરનારા વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપી હતી.

સુપ્રીમ કોર્ટના આદેશના પગલે દેકારો મચી ગયો અને જીવદયાપ્રેમીઓ ઊભા થઈ ગયા. થોકબંધ અરજીઓ થઈ ગઈ કે જેમાં સુપ્રીમના ચુકાદાને રદ કરવાની માગ કરવામાં આવી છે. આ દેકારાના પગલે ચીફ જસ્ટિસે આ કેસ બે જજની બેંચ પાસેથી લઈને ત્રણ જજની બેંચને સોંપી દીધો છે. જીવદયાપ્રેમીઓને તો કૂતરાને પકડવા સામે વાંધો છે તેથી આ ચુકાદો જ રદ કરી દેવાની માગણી કરી છે, પણ સુપ્રીમ કોર્ટે પોતાના ઓર્ડર પર હાલ પૂરતો સ્ટે નથી આપ્યો. તેના કારણે ઘમસાણ મચ્યું છે.

આ વિવાદમાં રાજકીય પક્ષો પણ કૂદી પડ્યા છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે સુપ્રીમ કોર્ટના ચુકાદાને યોગ્ય ગણાવ્યો છે, પણ કૉંગ્રેસ સહિતના પક્ષો તેની વિરુદ્ધ છે. સુપ્રીમ કોર્ટના આદેશને પગલે કૂતરાનો કાંટો સાવ કાઢી નખાશે એવો ડર એ લોકો બતાવી રહ્યાં છે.

ભારતમાં સ્ટ્રીટ ડોગ્સ એટલે કે રખડતાં કૂતરાં બહુ ભયંકર સમસ્યા છે એ જોતાં આ સમસ્યાનો ઉકેલ જરૂરી છે તેમાં શંકા નથી. મોટા ભાગના કેસોમાં નાનાં બાળકો ભોગ બને છે તેથી સુપ્રીમ કોર્ટે સુઓ મોટો કરીને ફરમાન કરીને પ્રશંસનીય કામ કર્યું છે. લોકસભામાં કેન્દ્ર સરકારે આપેલા ડેટા પર નજર નાખશો તો સમજાશે કે રખડતાં કૂતરાનો ત્રાસ અસહ્ય છે. કેન્દ્ર સરકારે આપેલી માહિતી પ્રમાણે, ૨૦૨૪માં કૂતરાં કરડવાના ૩૭ લાખથી વધુ કેસ નોંધાયા હતા અને ૫૪ લોકોનું હડકવાથી રામ બોલો ભાઈ રામ થઈ ગયું હતું. ૨૨ જુલાઈએ દિલ્હીમાં છ વર્ષની છબી શર્મા નામની માસૂમ દીકરીનું કૂતરાં કરડવાથી મોત થયું તેના પગલે હોહા થઈ ને સંસદમાં દેકારો મચ્યો પછી રાજ્ય કક્ષાના પશુપાલન મંત્રી એસપી સિંહ બઘેલે લોકસભામાં આ માહિતી આપી હતી. છબીને ૩૦ જૂને કૂતરો કરડ્યો પછી અઠવાડિયા લગી સારવાર છતાં તેને બચાવી શકાઈ નહોતી તેના પરથી જ કૂતરાનો હુમલો જીવલેણ નિવડી શકે છે એ સ્પષ્ટ છે.

આ આંકડા પાછા સત્તાવાર રીતે નોંધાયેલા કેસોના છે. ભારતમાં એવી સિસ્ટમ નથી કે કોઈ પણ ઘટના બને એટલે તેની સંબંધિત તંત્રમાં નોંધ થાય જ. કૂતરાં કરડવાના કેસોમાં પણ આ વાત લાગુ પડે જ છે કેમ કે ગામડામાં કે અંતરિયાળ વિસ્તારોમાં તો કૂતરાં કરડવાની ઘટનાની નોંધ પણ નથી લેવાતી. કૂતરાં કરડે ને કંઈ ના થાય તો કોઈ નોંધ કરાવવા નવરું નથી હોતું તેથી કૂતરાં કરડવાના કેસ નોંધાયેલા કેસ કરતાં અનેક ગણા વધારે હોઈ શકે છે. એ જ રીતે કૂતરાં કરડવાના કેસ ના નોંધાયા હોય ને રામનામ સત્ય હૈ થઈ ગયું હોય એવા કેસોની સંખ્યા પણ બહુ મોટી જ હશે.

આ સંજોગોમાં રખડતાં કૂતરાનો ત્રાસ દૂર કરવો જરૂરી તો છે જ પણ સુપ્રીમ કોર્ટનો આદેશ ઉપાય નથી કેમ કે આ આદેશનો વ્યવહારુ રીતે અમલ જ કરી શકાય તેમ નથી . સુપ્રીમ કોર્ટે માત્ર દિલ્હીની ગલીઓમાં રખડતાં કૂતરાં માટે આદેશ આપ્યો છે, પણ દિલ્હી પૂરતો પણ તેનો અમલ શક્ય નથી. તેનું કારણ એ કે, રખડતાં કૂતરાની સંખ્યા લાખોમાં છે, જ્યારે શેલ્ટર્સ હોમની સંખ્યા સેંકડોમાં પણ નથી. ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી મેનકા ગાંધી જીવદયાપ્રેમી તરીકે જાણીતાં છે. પ્રાણીઓ પર થતાં અત્યાચારોને રોકવા મેનકા ઝનૂની લડે છે. મેનકા ગાંધીએ આપેલી માહિતી પ્રમાણે, દિલ્હીમાં જ ત્રણ લાખ રખડતાં કૂતરાં છે અને એક શેલ્ટર હોમમાં બહુ બહુ તો ૧૫૦ કૂતરાને રાખી શકાય એ જોતાં રખડતાં કૂતરાને રાખવા માટે ઓછામાં ઓછાં બે હજાર શેલ્ટર હોમ જોઈએ.

દિલ્હી સરકાર પાસે અત્યારે પાંચ-સાત શેલ્ટર હોમ છે એ જોતાં બે હજાર જેટલાં શેલ્ટર હોમ નવાં જ બનાવવાં પડે. આ શેલ્ટર હોમ બનાવવા માટે જંગી પ્રમાણમાં જગા જોઈએ, ત્રણ લાખ કૂતરાને શેરીઓમાંથી પકડી પકડીને લઈ જવા માટે પણ માણસોની જંગી ફોજ ઉતારવી પડે. તેમને ચૂકવવાના પગાર, કૂતરાંને શેલ્ટર હોમમાં મોકલવા માટે કરવી પડતી ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા પાછળ તબલાં તૂટી જાય એવો ખર્ચ થઈ જાય.

કૂતરાનો નિભાવ ખર્ચ અનેક ગણો વધારે છે. કૂતરાને રાખવા માટે પાંજરાં બનાવવાં પડે, તેમના ખાવા-પીવાની વ્યવસ્થા પણ કરવી પડે અને માણસો પણ રાખવા પડે. મેનકાના અંદાજ પ્રમાણે આ બધા પાછળ દર વરસે ૧૫ હજાર કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ થાય. દિલ્હી સરકાર પાસે માણસો પાછળ ખર્ચવા માટે રૂપિયા નથી ત્યારે કૂતરાં પાછળ ૧૫ હજાર કરોડ કઈ રીતે ખર્ચી શકે? માત્ર દિલ્હીની આ વાત નથી, પણ કોઈ પણ રાજ્ય સરકાર આ ખર્ચ ના કરી શકે તેથી સુપ્રીમ કોર્ટનો આદેશ અમલમાં મૂકી શકાય તેમ નથી. સુપ્રીમ કોર્ટે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની નિષ્ક્રિયતા જવાબદાર હોવાનું કહીને તેમના પર દોષનો ટોપલો ઢોળી દીધો છે, પણ મ્યુનિસિપલ કોર્પોરેશન સહિતની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ શું કરે ? તેમની પાસે કમાણીનાં પૂરતાં સાધનો નથી ને લોકોને પૂરતી સવલતો આપી શકતી નથી ત્યાં કૂતરાં પાછળ ક્યાં ખર્ચ કરે?

સમસ્યા પાછી એ છે કે, રખડતાં કૂતરાનો ત્રાસ ઓછો કરવા માટેનો બીજો કોઈ ઉપાય નથી. દુનિયાના ઘણા દેશોમાં આ સમસ્યા છે ને ઘણા દેશો સામૂહિક કત્લેઆમ કરીને કામચલાઉ રસ્તો કાઢે છે, પણ થોડા સમય પછી પાછી સમસ્યા આવીને ઊભી રહી જ જાય છે. ભારતમાં એ સ્થિતિ ના થાય એટલે મનોમંથન કરવું જોઈએ ને નક્કર ઉપાય વિચારવો જોઈએ.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, શુક્રવાર, તા. ૧૫-૮-૨૦૨૫, શીતલા સપ્તમી, શ્રી કૃષ્ણ જયંતી ઉપવાસ, ભારતીય સ્વાતંત્ર્ય દિન

- ભારતીય દિનાંક ૨૪, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ વદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ વદ-૭
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧લો હોરમજદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૧મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર અશ્વિની સવારે ક. ૦૭-૩૫ સુધી, પછી ભરણી મધ્યરાત્રિ પછી ક. ૩૦-૦૫ સુધી પછી કૃત્તિકા
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૭, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૫-૪૩, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૨ (તા. ૧૬)
- ઓટઃ સવારે ક. ૦૯-૩૮, રાત્રે ક. ૨૨-૧૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ - સપ્તમી. જીવંતિકા પૂજન, શીતલા સપ્તમી, શ્રી કૃષ્ણ જયંતી ઉપવાસ, નિશિથકાલ બપોરે ક. ૧૪-૨૧ થી ૨૫-૦૬. ભારતીય સ્વાતંત્ર્ય દિન, પારસી ૧લો ફરવરદીન પ્રારંભ, પારસી સન ૧૩૯૫, પારસી નૂતન વર્ષારંભ, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૨-૫૭, સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા. વાહન ગદર્ભ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મહાલક્ષ્મી માતાનું પૂજન, મહાલક્ષ્મી સ્તોત્ર-વાંચન, શ્રી કૃષ્ણ જયંતી ઉપવાસ ઉત્સવ, અશ્વિનીકુમાર દેવતાનું પૂજન, શુક્ર-કેતુ ગ્રહદેવતાનું પૂજન, યમદેવતાનું પૂજન, માલ વેંચવો, આમલીનું વૃક્ષ વાવવું, પ્રયાણ શુભ, નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ, માલ વેંચવો, બી વાવવું, ધાન્ય ભરવું. સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક, પશુ લેવડદેવડ.
- આચમનઃ મંગળ-બુધ અર્ધત્રિકોણ કટાક્ષપ્રિય
- ખગોળ જ્યોતિષઃ મંગળ-બુધ અર્ધત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-કન્યા, માર્ગી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર

# આત્મનિર્ભર રાષ્ટ્ર બનવા ભણી ભારતની કૂચઃ મુર્મૂ

નવી દિલ્હી : ભારતનાં રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂએ સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ દેશને સંબોધતા ગુરુવારે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી) ૨૦૨૦ એ દૂરગામી ફેરફારો લઈને આવી છે. જેમાં શીખવાને મૂલ્યો અને કૌશલ્યને પરંપરા સાથે જોડવામાં આવ્યું છે. ૭૯મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરતા રાષ્ટ્રપતિ મુર્મૂએ કહ્યું હતું કે સરકારે ઉદ્યોગસાહસિક આકાંક્ષાઓ ધરાવતા લોકો માટે સૌથી અનુકૂળ ઇકોસિસ્ટમ બનાવી છે.

મુર્મૂએ જણાવ્યું હતું કે ભારત આત્મનિર્ભર દેશ બનવા તરફ આગળ વધી રહ્યો છે અને ૨૦૪૭ સુધીમાં વિકસિત અર્થતંત્ર બનવાના ખૂબ જ વિશ્વાસ સાથે આગળ વધી રહ્યો છે. દેશનું અર્થતંત્ર સારી સ્થિતિમાં છે, ફુગાવો નિયંત્રણમાં છે અને નિકાસ વધી રહી છે.તેમણે કહ્યું હતું કે વિદેશી શાસનના લાંબા વર્ષો પછી ભારત સ્વતંત્રતા સમયે ખૂબ જ ગરીબીમાં હતું. પરંતુ ત્યારથી ૭૮ વર્ષમાં આપણે બધા ક્ષેત્રોમાં અસાધારણ પ્રગતિ કરી છે. ભારત આત્મનિર્ભર રાષ્ટ્ર બનવા તરફ ખૂબ જ આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે. આર્થિક ક્ષેત્રમાં ભારતની સિદ્ધિઓ નોંધપાત્ર છે. ગયા નાણાકીય વર્ષમાં જીડીપી ૬.૫ ટકાના દરે વધ્યો છે, જેના કારણે દેશ વિશ્વના મુખ્ય અર્થતંત્રોમાં સૌથી ઝડપથી વિકસતો દેશ બન્યો છે.

# ટ્રમ્પ-પુતિન બેઠક પહેલા સ્ટાર્મરને મળ્યા ઝેલેન્સ્કી

લંડનઃ અલાસ્કામાં અમેરિકા-રશિયા શિખર સંમેલનના એક દિવસ પહેલા, બ્રિટનના વડા પ્રધાન કીર સ્ટાર્મરે ગુરુવારે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કીનું લંડનમાં સ્વાગત કર્યું હતું.

બંને ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ ખાતે સ્ટાર્મરના કાર્યાલયની બહાર કોઈ ટિપ્પણી કર્યા વિના ઉષ્માભર્યા ભેટી પડ્યા હતા. ઝેલેન્સ્કીની બ્રિટિશ રાજધાનીની યાત્રા બર્લિનથી અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને ઘણા યુરોપિયન દેશોના નેતાઓ સાથે વર્ચ્યુઅલ બેઠકોમાં ભાગ લીધાના એક દિવસ પછી આવી છે.

નેતાઓએ જણાવ્યું હતું કે ટ્રમ્પે તેમને ખાતરી આપી હતી કે તેઓ શુક્રવારે એન્કરેજમાં રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરતી વખતે યુક્રેનમાં યુદ્ધવિરામ હાંસલ કરવાનો પ્રયાસ કરવાને પ્રાથમિકતા આપશે.

ગુરુવારની બેઠક પહેલા, સ્ટાર્મરે કહ્યું કે જો પુતિન બેઠકમાં સામેલ થવામાં નિષ્ફળ જાય તો રશિયા પર વધુ પ્રતિબંધો લાદવામાં આવી શકે છે.

''સાથીદારોને યાદ અપાવવું મહત્ત્વપૂર્ણ છે કે અમે રશિયા પર, ખાસ કરીને અર્થતંત્ર પર, પ્રતિબંધો અને જરૂરી હોય તેવા વ્યાપક પગલાં સાથે દબાણ વધારવા માટે પણ તૈયાર છીએ,'' એમ સ્ટાર્મરે કહ્યું હતું.

ઝેલેન્સકી અને યુરોપિયનો બંનેને ચિંતા છે કે દ્વિપક્ષીય યુએસ-રશિયા સમિટ તેમને અને તેમના હિતોને બાજુ પર મૂકી દેશે, અને કોઈપણ નિષ્કર્ષ મોસ્કોની તરફેણમાં આવી શકે છે અને યુક્રેન પર રશિયાના સંપૂર્ણ પાયે આક્રમણને કારણે યુક્રેન અને યુરોપની ભાવિ સુરક્ષા જોખમમાં મુકાઈ શકે છે. હવે રશિયાયુક્રેન નું યુદ્ધ તેના ચોથા વર્ષમાં છે.

જોકે , જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ અને ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન જેવા કેટલાક નેતાઓએ ટ્રમ્પ સાથેની બુધવારની વિડિઓ કોન્ફરન્સને રચનાત્મક ગણાવી હતી.

પત્રકારો સાથેની બેઠકો પછી બોલતા, ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો પુતિન શુક્રવારની બેઠક પછી યુક્રેન સાથે યુદ્ધ બંધ કરવા સંમત નહીં થાય તો રશિયા એ ખૂબ જ ગંભીર પરિણામો ભોગવવા પડશે.

# ભારત સાથે સહયોગ સાધવા અમે તૈયારઃ ચીન

નવી દિલ્હીઃ અમેરિકા સાથેના સંબંધો વચ્ચે આવી રહેલા પડકારોને મામલે પ્રતિક્રિયા આપતા ચીનના વિદેશ ખાતાના પ્રવક્તા લિન જિયાને ગુરુવારે કહ્યું હતું કે ચીન અને ભારત બંને મોટા વિકાસશીલ દેશ છે અને ગ્લોબલ સાઉથના મહત્ત્વના સભ્ય છે.

ચીન અને ભારત સહયોગી બનીને એકમેકને સહકાર આપે એ બંને દેશ માટે યોગ્ય વિકલ્પ છે, એમ તેમણે કહ્યું હતું.

ભારત અને અમેરિકાના સંબંધમાં તાજેતરમાં જ મતભેદ ઊભા થયાને પગલે તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હોવા વચ્ચે લિન જિયાને આ નિવેદન કર્યું હતું.

બંને દેશના નેતા વચ્ચે સધાયેલી સહમતીના અમલ માટે ચીન ભારત સાથે મળીને કામ કરવા તૈયાર છે, એમ તેમણે કહ્યું હતું.

બંને દેશ વચ્ચે રાજનૈતિક ભરોસો વધારવો, આપસમાં સંવાદ અને સહયોગ વધારવો, બંને દેશના મોટા હિતોને ધ્યાનમાં રાખીને મતભેદોનો ઉકેલ લાવવો વગેરે બાબતોનો આમાં સમાવેશ થતો હોવાનું તેમણે કહ્યું હતું.

દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી ટિયાન્જિનમાં ૩૧મી ઑગસ્ટે યોજાનારી શાંઘાઈ કોઓપરેશન ઑર્ગેનાઈઝેશન (એસસીઓ) શિખર મંત્રણામાં ભાગ લેવા ચીન જશે.

સાત વર્ષ બાદ મોદી ચીન જશે. ચીનના પ્રવાસ દરમિયાન મોદી ચીનના પ્રમુખ શી જિનપિંગની મુલાકાત લે તેવી શક્યતા છે. મોદીના ચીનના પ્રસ્તાવિત પ્રવાસને ચીને આવકાર્યો છે.

# જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જોઃ કેન્દ્ર પાસે જવાબ માગ્યો સુપ્રીમ કોર્ટે

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ગુરુવારે જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની માગ કરતી અરજી પર કેન્દ્ર પાસેથી જવાબ માગ્યો હતો અને કહ્યું કે તાજેતરની પહલગામ ઘટના સહિતની વાસ્તવિકતાઓને અવગણી શકાય નહીં.

વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણન સહિતના વકીલે વહેલી સુનાવણીની માગ કરી ત્યારે ભારતના મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે ''તમારે વાસ્તવિકતાઓને પણ ધ્યાનમાં લેવી પડશે... પહલગામમાં જે બન્યું છે તેને તમે અવગણી શકો નહીં.''

કેન્દ્ર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અરજીને ફગાવી દેવાની માગ કરી હતી અને કહ્યું કે ભૂતકાળમાં પણ કોર્ટે આવી અરજીઓ પર ખર્ચ લાદ્યો હતો.

''ચૂંટણીઓ યોજાઈ છે, માય લોર્ડ્સ દેશના આ ભાગમાં ઊભરતી વિચિત્ર સ્થિતિથી વાકેફ છે અને નિર્ણય લેવામાં ઘણી બાબતોનો સમાવેશ થાય છે,'' એમ મહેતાએ કહ્યું હતું.

બેન્ચે શિક્ષણવિદ ઝહૂર અહમદ ભટ અને સામાજિક-રાજકીય કાર્યકર્તા અહમદ મલિક દ્વારા દાખલ કરાયેલી અરજીને આઠ અઠવાડિયા પછી સુનાવણી માટે મુલતવી રાખી હતી.

ભટ વતી હાજર રહેલા શંકરનારાયણે જણાવ્યું હતું કે બંધારણની કલમ ૩૭૦ રદ કરવા સહિતના મુદ્દાઓ પર બંધારણીય બૅન્ચ દ્વારા ચુકાદો પસાર થયાને ૨૧ મહિના થઈ ગયા છે. ''કોર્ટ સમક્ષ સરકારે નિવેદન આપ્યું હતું કે તેઓ રાજ્યનો દરજ્જો લાગુ કરશે ત્યારે સંઘ પર મારા સ્વામીઓને પૂરતો વિશ્વાસ હતો, પણ કોઈ હિલચાલ થઈ નથી.'' એમ શંકરનારાયણે કહ્યું હતું.

# સુપ્રીમ કોર્ટનો આદેશ લોકતંત્રની મોટી જીતઃ તેજસ્વી યાદવ

પટણાઃ રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) નેતા તેજસ્વી યાદવે ગુરુવારે દાવો કર્યો હતો કે બિહારમાં મતદારયાદીમાંથી કાઢી નાખવામાં આવેલા ૬૫ લાખ નામોની વિગતો પ્રકાશિત કરવા માટે ચૂંટણી પંચને સુપ્રીમ કોર્ટના આદેશથી ભાજપ, તેના સાથી પક્ષો અને લોકોને મતાધિકારથી વંચિત રાખવાની તેમની નાપાક યોજના ખુલ્લી પડી ગઈ છે. તેમણે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટમાં ચર્ચા પછી જે પણ વચગાળાનો નિર્ણય આવ્યો છે, આપણે કહી શકીએ છીએ કે લોકતંત્રની જીત થઈ છે.

તેજસ્વી યાદવે રાજ્યમાં મતદારયાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)નો એક થઈને વિરોધ કરવા બદલ રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે, મમતા બેનર્જી, હેમંત સોરેન અને શરદ પવાર જેવા ઈન્ડિ ગઠબંધનના નેતાઓનો આભાર માન્યો હતો.

રાજ્ય વિધાનસભામાં વિપક્ષના નેતા તેજસ્વી યાદવે અહીં પત્રકારોને કહ્યું હતું કે બિહારમાં એસઆઈઆર પર સુપ્રીમ કોર્ટના આજના વચગાળાના આદેશથી ભાજપ, તેના સાથી પક્ષો અને લોકોને મતાધિકારથી વંચિત રાખવાની તેમની નાપાક યોજના ખુલ્લી પડી ગઈ છે. અમારી લડાઈ ચાલુ રહેશે અને અમે એસઆઈઆર કવાયતમાં સામેલ અધિકારીઓ પર નજર રાખીશું.

# 'મત ચોરી' જેવા શબ્દ વાપરવાને બદલે રાહુલ ગાંધી પુરાવા આપેઃ ચૂંટણી પંચ

નવી દિલ્હીઃ 'મત ચોરી' જેવા ગંદા શબ્દોનો ઉપયોગ કરીને ખોટી વાર્તાઓ ઘડવાના બદલે પુરાવા રજૂ કરવા જોઇએ. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા મતદાર ડેટામાં કથિત હેરાફેરીને લઇને વારંવાર કરવામાં આવી રહેલા હુમલાઓ વચ્ચે ચૂંટણી પંચે ગુરુવારે આ નિવેદન આપ્યું હતું.

ચૂંટણી પંચે એક નિવેદનમાં જણાવ્યું કે 'એક વ્યક્તિ એક મત' કાયદો ૧૯૫૧-૧૯૫૨માં પહેલી ચૂંટણીઓથી અસ્તિત્વમાં છે. જો કોઇની પાસે કોઇ વ્યક્તિ દ્વારા કોઇ પણ ચૂંટણીમાં બે વાર મતદાન કર્યાના પુરાવાઓ હોઇ તો તેને લેખિત સોગંદનામા સાથે ભારતના તમામ મતદારોને કોઇ પણ પુરાવા વિના 'ચોર' કહેવાને બદલે ચૂંટણી પંચ સાથે શેર કરવા જોઇએ.

ચૂંટણી પંચે જણાવ્યું કે ભારતીય મતદારો માટે 'મત ચોરી' જેવા ગંદા શબ્દનો ઉપયોગ કરીને ખોટી વાર્તા ઘડવાનો પ્રયાસ માત્ર કરોડો ભારતીય મતદારો પર જ નહીં પરંતુ લાખો ચૂંટણી કર્મચારીઓની ઇમાનદારી પર પણ સીધો હુમલો છે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ગયા અઠવાડિયે ડેટા ટાંકીને આરોપ લગાવ્યો હતો કે ૨૦૨૪ની ચૂંટણીમાં બેંગ્લુરુ સેન્ટ્રલ લોકસભાના મહાદેવપુરા વિધાનસભા ક્ષેત્રમાં એક લાખથી વધુ મત 'ચોરી' થયા હતા. જેના પરિણામે કોંગ્રેસના ઉમેદવારનો પરાજય થયો હતો. ચૂંટણી પંચે ગાંધીને તેમના દાવાઓ પર લેખિત ઘોષણા આપવાનો નિર્દેશ આપ્યો હતો.

પહેલા પાનાનું ચાલુ

### ભારતનાં

નિવેદન બહાર પાડ્યું હતું. તેમાં કહેવામાં આવ્યું હતું કે અર્થતંત્રના સારા પ્રદર્શન અને સતત નાણાકીય મજબૂતીને ધ્યાનમાં રાખીને ભારતનું સૉવિન રૅટિંગ વધારવામાં આવ્યું છે. તેણે ભારતના આઉટલૂકને સ્થિર પણ ગણાવ્યું છે. સ્ટૅબલ આઉટલૂકનો અર્થ એ છે કે ભારતમાં નીતિની દૃષ્ટિએ સ્થિરતા છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર વધુ રોકાણ કરવામાં આવી રહ્યું છે, જે લાંબા ગાળે વૃદ્ધિને ટેકો આપશે. એસએન્ડપીએ ગુરુવારે લગભગ ૧૮ વર્ષ બાદ ભારતની સૉવિન ક્રેડિટ રૅટિંગને સ્થિર દૃષ્ટિકોણ સાથે 'બીબીબી' કરી દીધું છે. રૅટિંગ એજન્સીએ મજબૂત આર્થિક વિકાસ, રાજકોષીય સબળતા માટે રાજકીય પ્રતિબદ્ધતા અને ફુગાવા પર નિયંત્રણ માટે 'અનુકુળ' નાણાકીય નીતિનો ઉલ્લેખ કર્યો છે. એસએન્ડપી ગ્લોબલ રૅટિંગ્સે જણાવ્યું હતું કે ભારત વિશ્વમાં સારુ પ્રદર્શન કરનારી અર્થવ્યવસ્થામાંની એક છે. છેલ્લા પાંચ-છ વર્ષમાં સરકારી ખર્ચની ગુણવત્તામાં સુધારો થયો છે. એજન્સીએ જણાવ્યું હતું કે ભારતીય અર્થતંત્ર પર યુએસ ટૅરિફની અસર જાળવી શકાય તેવી રહેશે. તેણે એમ પણ કહ્યું હતું કે અમેરિકામાં નિકાસ પર ૫૦ ટકા ટેરિફ (જો લાદવામાં આવે તો) વિકાસ પર નોંધપાત્ર અસર કરશે નહીં. ભારત વેપાર પર પ્રમાણમાં ઓછું નિર્ભર છે અને તેનો લગભગ ૬૦ ટકા આર્થિક વિકાસ સ્થાનિક વપરાશમાંથી આવે છે.

એસએન્ડપી ગ્લોબલે જણાવ્યું હતું કે ભારતનું મજબૂત અર્થતંત્ર અને સતત નાણાકીય સબળીકરણ આના મુખ્ય કારણો છે. રૅટિંગ એજન્સીનું માનવું છે કે સરકારી નીતિમાં સ્થિરતા અને મોટા પાયે માળખાગત રોકાણ આવનારા ઘણા વર્ષો માટે વિકાસ દરને મજબૂત બનાવશે.

### અમિત શાહે

જણાવતાં શાહે કહ્યું હતું કે એનડીઆરએફની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. અંતરિયાળ વિસ્તારમાં આવેલા ચસોતી ગામમાં વાદળ ફાટવાની બનેલી ઘટનામાં ઓછામાં ઓછા ૪૦ જણનાં મોત થયાં હતાં. વાદળ ફાટવાને કારણે એ વિસ્તારમાં તબાહી મચી ગઈ હતી અને ભારે નુકસાન થયું હતું.

### એચ-વનબી

અનુભવી વ્યાવસાયિકો એમ બંને પ્રકારના લોકોને સમાન રીતે એચ-વનબી વિઝા માટે અરજી કરવાની તક મળે છે, પરંતુ ટ્રમ્પ સરકાર આ સિસ્ટમને બદલીને વેતન-આધારિત સિસ્ટમ લાવવાનું વિચારી રહી છે. ટ્રમ્પ સરકારની આ નવી વેતન-આધારિત સિસ્ટમ અરજદારોને તેમના પગારના આધારે પ્રાથમિકતા આપશે. તેથી જે અરજદારોને વધારે પગાર મળતો હશે, તેમને વિઝા મળવાની શક્યતાઓ વધી જશે. આ સિસ્ટમથી વધુ પગાર મેળવતા અનુભવી કર્મચારીઓને વધારે ફાયદો થશે. જોકે નવા સ્નાતકો તથા ઓછો પગાર મેળવતા અરજદારોને નુકસાન થશે. જો આ ફેરફાર કરવામાં આવે તો ભારતના નવા સ્નાતકો અને એન્ટ્રી-લેવલ કર્મચારીઓને અમેરિકામાં નોકરી મેળવવામાં મુશ્કેલી ઊભી થઈ શકે છે, તેથી અમેરિકામાં કારકિર્દી બનાવવા ઈચ્છતા લોકો માટે આ એક ચિંતાનો વિષય છે. જોકે, અમેરિકન કામદારોના હિતોનું રક્ષણ કરવા અને ઉચ્ચ કૌશલ્ય ધરાવતા કામદારોને આકર્ષવા માટે ટ્રમ્પ સરકાર આ ફેરફાર કરવાનું વિચારી રહી છે.

### બિહારના ૬૫ લાખ

મામલે ચૂંટણી પંચના ૨૪ જૂનના નિર્ણયને પડકારતી અરજીની સુનાવણી કરતાં ન્યાયાધીશ સૂર્યકાન્ત અને જોયમાલા બાગચીની બનેલી ખંડપીઠે ઉપરોક્ત ચુકાદો આપ્યો હતો. ખંડપીઠે એ ૬૫ લાખ મતદારાનો નામની યાદી અને વિગતો આપવાનો ચૂંટણી પંચને આદેશ આપ્યો હતો જેમનાં નામ મૂળ મતદાર યાદીમાં હોવા છતાં પહેલી ઑગસ્ટે જાહેર કરવામાં આવેલી મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા હતા. મૃત્યુ પામેલા કે અન્યત્ર સ્થળાંતર કરી ગયેલા લોકોની યાદી પંચાયત કાર્યાલય અને જિલ્લા રિટર્નિંગ ઑફિસર સ્તરે જાહેર કરવાનો પણ કોર્ટે આદેશ આપ્યો હતો. આ યાદી ક્યાં ઉપલબ્ધ હશે તેની જાણકારી સ્થાનિક તેમ જ અંગ્રેજી ભાષાના દૈનિક સમાચારપત્ર, ટીવી ચેનલના સમાચાર તેમ જ રેડિયો પર પણ જાહેર કરવાનો કોર્ટે ચૂંટણી પંચને આદેશ આપ્યો હતો. મતદાર યાદીમાંથી નામ કોઢી નાખવામાં આવ્યું હોવાને કારણે રોષે ભરાયેલા મતદારોને આધાર કાર્ડ સાથે ચૂંટણી અધિકારીઓનો સંપર્ક સાધવાની કોર્ટે પરવાનગી આપી હતી.

કોર્ટે આગામી સુનાવણી માટે બાવીસ ઑગસ્ટ મુકરર કરી ચૂંટણી સમિતિને આદેશનું પાલન કરતો અહેવાલ વહેલામાં વહેલી તકે સુપરત કરવાનો આદેશ આપ્યો હતો. અગાઉની મતદાર યાદીમાંથી મતદારોના નામ બાકાત કરવા માટે ચૂંટણી પંચે પહેલી ઑગસ્ટે આપેલા કારણોમાં મૃત્યુ (૨૨.૩૪ લાખ), કાયમી રીતે સ્થળાંતર કે અનુપસ્થિત (૩૬.૨૮ લાખ) અને એક કરતાં વધુ જગ્યાએ નામ નોંધાયેલા હોય (૭.૦૧ લાખ)નો સમાવેશ કરવામાં આવ્યો હતો. (એજન્સી)

### ઉંબાડિયું કર્યું

પાકિસ્તાનના લશ્કરી વડા અસીમ મુનીર દ્વારા ભારત વિરુદ્ધ પરમાણુ ધમકી અને બિલાવલ ભુત્તો ઝરદારીની કેટલીક ટિપ્પણીઓના થોડા દિવસો પછી આવી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે અમે પાકિસ્તાની નેતૃત્વ દ્વારા ભારત વિરુદ્ધ સતત અવિચારી, યુદ્ધ ભડકાવનાર અને દ્વેષપૂર્ણ ટિપ્પણીઓના અહેવાલો જોયા છે. પોતાની નિષ્ફળતાઓને છુપાવવા માટે વારંવાર ભારત વિરોધી નિવેદનો આપવા પાકિસ્તાની નેતૃત્વની એક જાણીતી પ્રથા છે. તેમણે જણાવ્યું કે પાકિસ્તાનને તેના વાણી-વર્તનમાં સંયમ રાખવાની સલાહ આપવામાં આવે છે કે કારણ કે કોઇપણ દુઃસાહસના દુઃખદ પરિણામો આવશે. જે તાજેતરમાં જોવા મળ્યા હતા.

### તબાહી

કરવામાં આવી રહી છે. જમ્મુ-કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે ઘટનાને મામલે ગૃહ પ્રધાન અમિત શાહ સાથે વાત કરી નિર્માણ પામેલી પરિસ્થિતિ અંગે જાણકારી આપી હતી. અસરગ્રસ્તો પરત્વે સહાનુભૂતિ વ્યક્ત કરી સંભવિત તમામ સહાય આપવાની તેમણે ખાતરી આપી હતી.

### આજે ટૅરિફથી

પ્રશંસા કરી હતી. પુતિને કહ્યું હતું કે યુક્રેન સાથેના યુદ્ધ અને કટોકટીનો અંત આણવા અને તેમાં સંકળાયેલા તમામ પક્ષકારોનાં હિતોનું રક્ષણ કરતા કરાર અંગે સહમતી સાધવા અમેરિકા ઉત્સાહ અને નિષ્ઠાપૂર્વકના પ્રયાસ કરી રહ્યું છે. શસ્ત્રો પર નિયંત્રણને મામલે અમેરિકા સાથે કરાર કરવા રશિયા તૈયાર હોવાનું તેમણે કહ્યું હતું. પુતિન સાથેની બેઠક ફળદાયી ઠરશે તો યુક્રેનના પ્રમુખ ઝૅલેન્સ્કીને બીજી બેઠક યોજવા માટે અમે હાકલ કરીશું એમ જણાવતાં ટ્રમ્પે કહ્યું હતું કે આ બેઠક અલાસ્કા સહિત અન્ય કોઈપણ સ્થળે યોજાઈ શકે છે. (એજન્સી)

# ‘આદિવાસીઓનો વિનાશ કરી મુંબઈનાં વિકાસ માટે પાણી નહીં જ આપીએ’

## આવા નારા સાથે પાર-તાપી-નર્મદા રિવર લિંક પ્રોજેક્ટના વિરોધમાં આદિવાસી સમાજની વિશાળ રેલી યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જિલ્લાના ધરમપુર ખાતે પાર-તાપી નર્મદા રિવર લિંક પ્રોજેક્ટના વિરોધમાં મોટી રેલી યોજાઈ હતી. ડેમ હટાવો સમિતિના નેતૃત્વમાં આયોજિત આ રેલીમાં ઉમરગામથી અંબાજી સુધીના આદિવાસી વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા.

રેલીમાં વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ, કોંગ્રેસના નેતા અમિત ચાવડા સહિત અનેક સ્થાનિક આગેવાનો પણ જોડાયા હતા. આદિવાસી નેતાએ કહ્યું કે, એક-બે લાખથી કઈ નહીં થાય, આપણે ડેમ જોઇતો જ નથી. તાપીના પૂર્વ સાંસદે મરવા સુધીની તૈયારી બતાવી હતી. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે વહેલી સવારથી જ કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

પાર-તાપી-નર્મદા રિવર લિંક પ્રોજેક્ટમાં કુલ ૯ ડેમ બનાવવાની જોગવાઈ છે. ડીપીઆર મુજબ સરકાર આ ડેમોનું પાણી મુંબઈ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં લઈ જવા માગે છે. ભવિષ્યમાં મુંબઈની વસ્તીને પાણી પહોંચી શકે એટલા માટે ત્યાં અત્યારથી પાણીની વ્યવસ્થા કરાઈ રહી છે. આદિવાસીઓના કહેવા મુજબ, કોઈને પાણી મળે તેનાથી અમને કોઈ વાંધો નથી પરંતુ આદિવાસીઓનો વિનાશ કરીને વિકાસ નહીં થવા દઈએ.

થોડા દિવસ પહેલા લોકસભામાં આ પ્રોજેક્ટનો ડીપીઆર રજૂ થયો હોવાના અહેવાલ આવ્યા હતા. એટલે ફરી આ પ્રોજેક્ટને લઈને દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં વિરોધનો વંટોળ શરૂ થયો હતો. જે બાદ રાજ્ય સરકારના પ્રવક્તા અને સિનિયર કેબિનેટ પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું કે, પાર-તાપી-નર્મદા લિંક પ્રોજેક્ટને સ્થગિત રાખવાના વર્ષ ૨૦૨૨માં લીધેલ નિર્ણય પર ગુજરાત સરકાર આજે પણ અડીખમ છે.

તેમણે આ યોજના સંદર્ભેની વધુ વિગતો આપતા જણાવ્યું કે, પાર-તાપી-નર્મદા પ્રોજેક્ટ વર્ષ ૧૯૮૦માં પ્રથમ વખત તત્કાલીન સરકાર દ્વારા લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ વર્ષ ૨૦૧૧માં આ પ્રોજેક્ટને ફરીથી તત્કાલીન કેન્દ્ર સરકારના દિવંગત પૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. વર્ષ - ૨૦૧૭માં આ પ્રોજેક્ટનો વિગતવાર પ્રોજેક્ટ અહેવાલ ડીપીઆર સંબંધિત મંત્રાલય દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટને સ્થગિત કરવા અંગેની જાહેરાત વર્ષ-૨૦૨૨ માં ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને નવસારીના સાસંદ સી.આર.પાટીલ દ્વારા સત્તાવાર રીતે કરવામાં આવી હતી. ત્યારથી લઇ આજદિન સુધી ગુજરાત સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા આ પ્રોજેક્ટને લઇને કોઇપણ મૂવમેન્ટ કરાઇ નથી. ■

# ગુજરાતમાંથી બે પ્રેસિડેન્ટ એવૉર્ડ અને ૨૧ની પ્રશસનીય સેવા માટે પસંદગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રપતિ ચંદ્રક એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી. ગુજરાતના બે પોલીસ અધિકારીની પ્રેસિડેન્ટ એવોર્ડ અને ૨૧ની પ્રશંસનીય સેવા માટે પસંદગી કરવામાં આવી હતી. આઈપીએસ પીયૂષ પુરુષોત્તનદાસ પટેલ અને આઈપીએસ મુકેશ જગદીશચંદ્ર સોલંકીની પ્રેસિડેન્ટ એવોર્ડ માટે પસંદગી થઈ હતી.

તેમના પોલીસ સેવાકાળ દરમ્યાન કરેલાં ઉત્કૃષ્ટ કાર્યો, વ્યાવસાયિક નિષ્ઠા અને જાહેર સુરક્ષામાં આપેલા યોગદાન બદલ આ એવોર્ડ અપાશે. તે સિવાય શરદ સિંઘલ, રાકેશ બારોટ, બાબુભાઈ દેસાઈ, મહાવીરસિંહ વાઘેલા, ભૂપેન્દ્રકુમાર દવે, કમલેશ પાટીલ, મિલિંદ સૂરવે અને કોન્સ્ટેબલ રમેશ ત્રિપાઠી સહિત ૨૧ને પણ રાષ્ટ્રપતિ ચંદ્રક એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા હતા. હોમગાર્ડ અને સિવિલ ડિફેન્સમાં શાનદાર કામગીરી માટે ગુજરાતમાંથી પ્લેટૂન કમાન્ડર દિલીપસિંહ જશુજી ચાવડા, ડેપ્યુટી ચીફ વોર્ડન નીતિન ચંદ્રશંકર ત્રિવેદી, ડેપ્યુટી ચીફ વોર્ડન રંજીતકૌર કેવલસિંહ સરદાર અને ડિવિઝનલ વોર્ડન ઘનશ્યામભાઈ વાલજીભાઈ નસિતને એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.

# અમદાવાદ શહેરની બહાર ટ્રાફિકના નિયમોના ઉલ્લંઘનમાં ૭૩ ટકાનો તોતિંગ ઉછાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ટ્રાફિકની સમસ્યા અને નિયમભંગ હવે માત્ર અમદાવાદ શહેર પૂરતા મર્યાદિત નથી રહ્યા. બોપલ, શિલાજ, ઘુમા, શેલા અને આસપાસના અન્ય વિકસિત વિસ્તારોમાં ટ્રાફિકના નિયમોના ભંગના કિસ્સાઓમાં મોટો ઉછાળો જોવા મળ્યો હતો. અમદાવાદ ગ્રામ્ય પોલીસના આંકડાઓ મુજબ, એપ્રિલ ૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ૨૪,૬૭૪ ઇ-ચલણ ઇશ્યુ થયા હતા અને ₹૨,૪૦,૩૦,૭૫૦નો દંડ ફટકારાયો હતો. પરંતુ ૨૦૨૫ના પહેલા સાત મહિનામાં આ આંકડો ૭૩ ટકા વધીને ૪૨,૭૧૮ ઇ-ચલણ સુધી પહોંચી ગયો હતો.

બોપલ પોલીસ સ્ટેશન હેઠળના પોશ વિસ્તારોમાં ટ્રાફિક નિયમભંગમાં ભારે વધારો થયો હતો. ૨૦૨૪માં અહીં માત્ર ૫૬૮ ઇ-ચલણ ઇશ્યૂ થયા હતા, જે ૨૦૨૫ના પહેલા સાત મહિનામાં વધીને ૨,૩૪૨ થયા હતા. દંડની રકમ પણ ચાર ગણી વધીને ₹૧૨,૫૯,૧૦૦ થઈ હતી.

બોપલ અને શિલજ જેવા વિસ્તારોમાં સવાર-સાંજ ટ્રાફિક જામ સામાન્ય છે. આ સમસ્યાને અટકાવવા માટે પોલીસે નિયમભંગ કરનારા વાહનોને ટોઈંગ કરવાની જાહેરાત કરી હતી. હાલમાં પોલીસ ત્રણ ક્રેન ખરીદવાની મંજૂરીની રાહ જોઈ રહી છે. આ મંજૂરી મળ્યા બાદ નો-પાર્કિંગ ઝોનમાં પાર્ક થયેલા અને ટ્રાફિકને અડચણરૂપ બનતા વાહનોને ટોઈંગ કરવામાં આવશે.

અમદાવાદ ગ્રામ્ય પોલીસના સૂત્રો મુજબ, પોલીસ ટ્રાફિકના નિયમોનું કડક રીતે પાલન કરાવી રહી છે, જેના કારણે ચલાણની સંખ્યા વધી છે. ટોઈંગ વાન મળ્યા બાદ પાર્કિંગના નિયમોનું ઉલ્લંઘન કરનારા દરેક વાહન સામે કાર્યવાહી કરવામાં આવશે. ■

# રાષ્ટ્રહિત પ્રથમનો ૭૯મા સ્વાતંત્ર્યપર્વ નિમિત્તે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલનો પ્રજાજોગ સંદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે દેશના ૭૯મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે રાજ્યની જનતાને શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્ય પ્રધાને સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ-સંધ્યાએ ગુજરાતના નાગરિકોને રાષ્ટ્રહિત પ્રથમનો ભાવ હરહંમેશ હૈયે રાખવાનું આહ્વાન કરતો પ્રજાજોગ સંદેશ પાઠવ્યો હતો.

આઝાદીના સાડા સાત દાયકાથી વધુ સમય પૂર્ણ કરીને ભારત દેશ સ્વતંત્રતાની શતાબ્દી તરફ તેજ ગતિએ આગળ વધી રહ્યો છે. આજે ભારત દેશ વિકાસની હરણફાળ ભરીને વિશ્વની મહાસત્તાઓમાં સ્થાન પામવા માટે સક્ષમ બન્યો છે, તેમ જણાવી મુખ્ય પ્રધાને આઝાદીનું વટવૃક્ષ સિંચનારા દેશના ક્રાંતિવીરો, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને રાષ્ટ્ર પુરુષોના ત્યાગ, તપસ્યા અને બલિદાનને બિરદાવ્યા હતા.

૧૯૬૦માં મુંબઈ રાજ્યથી અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવેલા આપણા ગુજરાતના ૭૫ વર્ષ એક દાયકા પછી એટલે કે ૨૦૩૫માં થવાના છે. વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વિકાસની જે ભવ્ય ઇમારત રચી છે તેને વૈશ્વિક વિકાસની નવી ઊંચાઈએ પહોંચાડવાનો આપણો સંકલ્પ છે. ભારતની આઝાદીના ૧૦૦ વર્ષ ૨૦૪૭માં પૂરા થાય અને દેશ સ્વતંત્રતાની શતાબ્દી ઉજવે તે પહેલાં ગુજરાતને તો આ એક મોટો અવસર મળવાનો છે.

પૉલિસી ડ્રિવન સ્ટેટ અને પ્રો-ઍક્ટિવ ગવર્નન્સની ગુજરાતની ઈમેજને સમય અનુરૂપ પૉલિસી રીફોર્મ્સ તથા સમયાનુકૂળ પૉલિસી ફ્રેમવર્કથી વધુ ઊજળી બનાવી છે. વિકસિત ભારત ૨૦૪૭ના વડા પ્રધાનના સંકલ્પને સાકાર કરવા આપણે વિકસિત ગુજરાત ૨૦૪૭નો રોડમેપ તૈયાર કર્યો છે. આ માટે શાસન વ્યવસ્થાને પણ સજ્જ કરવા ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ્સ કમિશન અને વિકસિત ગુજરાતના આ રોડ મેપના અમલના મોનિટરીંગ માટે ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન-ગ્રિટની રચના કરી છે.

૭૬ લાખ અંત્યોદય પરિવારોના કુલ ૩ કરોડ ૨૬ લાખ લોકોને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો લાભ આપીએ છીએ. આદરણીય વડા પ્રધાને દેશના દરેક નાગરિકના આરોગ્ય સુખાકારીની ચિંતા કરી છે. યોગ અને પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય આપીને કોઈને બીમારી ન જ આવે તેવો તેમનો ધ્યેય છે, પરંતુ આમ છતાં પણ જો કોઈ પરિવારમાં બીમારી આવે, ગંભીર રોગ થાય તો PMJAY આયુષ્યમાન કાર્ડથી સરકાર તેમની સારવાર માટે પડખે ઊભી છે. ગુજરાતમાં ૨ કરોડ ૯૦ લાખ આયુષ્યમાન કાર્ડ આપવામાં આવ્યા છે અને લાખો પરિવારો કેશલેસ સારવારનો લાભ મેળવે છે. ટી.બી. મુક્ત અને મેદસ્વિતા મુક્ત ગુજરાત માટે પણ સઘન જનજાગૃતિ ઝુંબેશ ઉપાડી છે. ■

# ગુજરાતી વિદ્યાર્થીઓ ગણિતમાં નબળાઃ સર્વેમાં ચિંતાજનક તારણો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં જ્યાં નફો-નુકસાન ગણવાની અને છેલ્લી પાઈ સુધી ભાવતાલ કરવાની આવડત સહજ છે, ત્યાં એવી અપેક્ષા રાખવામાં આવે કે વિદ્યાર્થીઓ ગણિતમાં મજબૂત હશે, પરંતુ તાજેતરના ‘પારખ’ મૂલ્યાંકન અહેવાલમાં એક ગંભીર ચિત્ર સામે આવ્યું હતું. ગુજરાતના વિદ્યાર્થીઓ પછી ભલે તે સરકારી કે ખાનગી શાળાના હોય, રાજ્ય કે કેન્દ્રીય બોર્ડના હોય, શહેર કે ગામના હોય તેઓ ગણિતમાં કાચા પડી રહ્યા છે.

સંખ્યાઓને ક્રમમાં ગોઠવવાથી લઈને બીજગણિતનાં સૂત્રોનો ઉપયોગ કરવા સુધીનાં પરીક્ષણોમાં, ગુજરાતના વિદ્યાર્થીઓ સતત રાષ્ટ્રીય સરેરાશથી પાછળ રહ્યા હતા. નિષ્ણાતોએ ચેતવણી આપી કે આ માત્ર ખરાબ પરિણામો નથી, પરંતુ શિક્ષણના સ્તરમાં એક મોટો ઘટાડો દર્શાવે છે. જેનાથી રાજ્યના ભવિષ્યના કાર્યબળને અસર થઈ શકે છે.

૨૦૨૪ના ‘પારખ’ મૂલ્યાંકનમાં ધોરણ ૩, ૬ અને ૯ના એક લાખથી વધુ વિદ્યાર્થીઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ધોરણ ત્રણમાં સંખ્યાઓને ચડતા-ઉતરતા ક્રમમાં ગોઠવવાથી લઈને ધોરણ ૯માં આકારનું ક્ષેત્રફળ ગણવા સુધીના દરેક મુદ્દા પર ગુજરાતના વિદ્યાર્થીઓનો સફળતા દર રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઓછો હતો.

ઉપરાંત ધોરણ ત્રણના ગણિતમાં, દેશભરમાં ૫૪ ટકા વિદ્યાર્થીઓ ગુણાકાર અને ભાગાકારના ખ્યાલને સમજી શક્યા હતા, જ્યારે ગુજરાતમાં માત્ર ૪૮ ટકા જ સફળ થયા હતા. તે જ રીતે, દેશમાં ૬૧ ટકા વિદ્યાર્થીઓ મિનિટ અને કલાકોને દિવસોમાં ફેરવી શકતા હતા, પરંતુ ગુજરાતમાં આ આંકડો માત્ર ૫૨ ટકા હતો. જ્યારે ધોરણ નવમાં, જ્યાં દેશના ૩૮ ટકા વિદ્યાર્થીઓ ચલ, સહગુણક અને અચળાંકો સાથેના મૂળભૂત ઓપરેશન્સ કરી શકતા હતા, ગુજરાતમાં આ આંકડો માત્ર ૩૨ ટકા હતો. તેમજ ક્ષેત્રફળ માપવા માટે સૂત્રોનો ઉપયોગ કરવામાં ગુજરાતનો આંકડો ૩૩ ટકા હતો, જ્યારે રાષ્ટ્રીય સરેરાશ ૩૯ ટકા હતી.

નિષ્ણાતોના મતે, આ નબળાઈનાં ઘણાં કારણો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આપણી શિક્ષણ પદ્ધતિની મુખ્ય સમસ્યા એ છે કે ગણિત ગોખણપટ્ટીથી શીખવવામાં આવે છે. ગુજરાતમાં હવે સીબીએસઈનો અભ્યાસક્રમ ચાલી રહ્યો છે, જે વિદ્યાર્થીઓ માટે મુશ્કેલ છે. અગાઉના પાઠ્યપુસ્તકો વિદ્યાર્થીઓ માટે વધુ સરળ હતા.

આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું કે, વિદ્યાર્થીઓ ૨૦ સુધીના ઘડિયા ભૂલી ગયા છે. ઘડિયા બોલવાની ઘણી શાળાઓમાં એક રીત હતી, જે જટિલ ગણતરીઓ માટે મજબૂત પાયો બનાવતો હતો. જો બાળક ધોરણ છ પહેલા આ પાયો ન બનાવે, તો પછીથી તે પકડવું ખૂબ મુશ્કેલ બની જાય છે. આ સમસ્યાના ઉકેલ માટે નિષ્ણાતોએ કોયડા, સુડોકુ જેવી રમતો અને ગણિતના વ્યવહારિક ઉપયોગો દ્વારા વિદ્યાર્થીઓમાં રસ જગાવવાનું સૂચન કર્યું હતું. સૂત્રોએ કહ્યું, આપણે ગણિતને મુશ્કેલ વિષય માનવાનું બંધ કરવું જોઈએ. જો વિદ્યાર્થીઓને તેના વાસ્તવિક જીવનના ઉપયોગો બતાવવામાં આવે, તો તેઓ તેનો આનંદ માણવા લાગશે. આ નબળાઈને કારણે એન્જિનિયરિંગમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઘટી રહી છે. ■

# સુરતમાં ‘પાકિસ્તાન મહોલ્લા’નું નામ બદલીને ‘હિન્દુસ્તાની મહોલ્લા’ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી પહેલા એક ખાસ નિર્ણય લેવામાં આવ્યો હતો. સુરત પાલિકાએ રામનગર વિસ્તારમાં આવેલા એક મહોલ્લા જે અત્યાર સુધી ‘પાકિસ્તાન મહોલ્લા’ તરીકે ઓળખાતો હતો, તેનું નામ બદલીને ‘હિન્દુસ્તાની મહોલ્લા’ કર્યું હતું.

આ મહોલ્લાનું નામ બદલવાની માંગ ઘણા સમયથી ચાલી રહી હતી. ૨૦૧૮માં જ સુરત પાલિકાએ આ નામ બદલવાનો ઠરાવ પસાર કર્યો હતો, પરંતુ તેનો અમલ થયો ન હતો. આ કારણે સ્થાનિકોના આધાર કાર્ડ સહિતના સરકારી દસ્તાવેજોમાં પણ ‘પાકિસ્તાન મહોલ્લા’ નામ જ લખાઈને આવતું હતું, જેના કારણે લોકોને શરમ અને અસંતોષની લાગણી થતી હતી.

ધારાસભ્ય પૂર્ણેશ મોદીની હાજરીમાં નવી ‘હિન્દુસ્તાની મહોલ્લા’ની તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ બદલાવથી સ્થાનિક લોકોમાં ખુશી જોવા મળી હતી. સ્થાનિકો આશા વ્યક્ત કરી કે હવે તેમના સરકારી દસ્તાવેજોમાં પણ નવું નામ જલદીથી નોંધાઈ જશે. તેમ જ આધાર કાર્ડ સહિતના દસ્તાવેજોમાં પણ પાકિસ્તાની મહોલ્લાનું નામ કાઢીને હિન્દુસ્તાની મહોલ્લો જલ્દી કરવામાં આવે તેવી માગ કરી હતી.■

# સુરતમાં પોલીસે રાજકોટના કુખ્યાત આરોપી હાર્દિકસિંહ જાડેજાનો જાહેરમાં ‘વરઘોડો’

અમદાવાદઃ રાજકોટનાં કુખ્યાત આરોપી હાર્દિકસિંહ જાડેજાને જાહેરમાં ફેરવીને સુરતમાં વરઘોડો કાઢવામાં આવ્યો હતો. આરોપીએ સુરતના કાપડના વેપારી પાસેથી ૨૯ લાખની લુંટ ચલાવી હતી અને આ દરમિયાન તેણે વેપારીના ગળે ચપ્પુ મૂકીને ધમકી પણ આપી હતી. આરોપીએ વેપારી પાસેથી લૂંટનો મુદ્દામાલ એક્રિપ્ટોકરન્સી દુબઈમાં ટ્રાન્સફર કરાવ્યા હતા. જો કે બાદમાં સુરત પોલીસે આરોપીને હાથ કરીને જાહેરમાં વરઘોડા કાઢ્યો હતો.

આરોપી હાર્દિકસિંહ જાડેજા લાંબો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને આ પૂર્વે પણ અનેક ગુનાઓમાં તેની સંડોવણી સામે આવી હતી. તાજેતરમાં જ રાજકોટના રીબડામાં અનિરૂદ્ધસિંહ જાડેજાના ભત્રીજાના પેટ્રોલપંપ ઉપર ફાયરિંગના કેસમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી)ની ટીમે હાર્દિકસિંહ જાડેજાને કેરળથી ઝડપી પાડ્યો હતો. સ્ટેટ મોનિટરિંગ સેલની બે ટીમોએ હાર્દિકસિંહ જાડેજાને કેરળના કોચીના કોચુપલ્લી રોડ પરથી શોધી કાઢ્યો હતો અને સ્વામી હોટેલ સામેથી તેની ધરપકડ કરવામાં આવી હતી. તેની ધરપકડ અંગેની વાતની પુષ્ટી એસેમસીના ડીઆઈજી નિર્લિપ્ત રાયે પણ કરી હતી.

ઉલ્લેખનીય છે કે આરોપી અત્યાર સુધી પોલીસ પકડથી દૂર ભાગી રહ્યો હતો અને ૧૦થી વધુ રાજ્યોમાં ફરી રહ્યો હતો. જોકે, ગોળીબાર કેસમાં સઘન તપાસમાં તે કેરળમાં હોવાનું બહાર આવ્યું હતું. બાદમાં એસએમસીની ટીમે કેરળથી તેની ધરપકડ કરી હતી. આરોપી હાર્દિકસિંહ જાડેજાને હાથકડીના બદલે દોરડા વડે બાંધીને અમદાવાદ લાવવામાં આવ્યો હતો. રીબડામાં પેટ્રોલપંપ પર થયેલા ફાયરિંગના ચર્ચાસ્પદ કેસમાં હાર્દિકસિંહની સંડોવણી ખુલી હતી. ફાયરિંગના થોડા સમય બાદ જ તેણે સોશિયલ મીડિયા ઉપર ફાયરિંગ કર્યાનું કબૂલાત કરી હતી. જેથી ગોંડલ તાલુકા પોલીસ, એલસીબી, એસઓજી સહિતની ટીમો તેની શોધખોળમાં લાગી ગઈ હતી. તેને પકડવા બીજા રાજ્યોમાં પણ પોલીસની ટીમો રવાના કરવામાં આવી હતી પરંતુ સફળતા મળી ન હતી.

# ગુજરાત સરકાર દ્વારા 30 શિક્ષકોને ‘શ્રેષ્ઠ શિક્ષક’નો અવૉર્ડ એનાયત કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા રાજ્યભરના શિક્ષકોની કામગીરીને બિરદાવવા માટે દર વર્ષે ‘શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક’ આપીને તેમનું સન્માન કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ વિભાગ અંતર્ગત આવતા કુલ ૩૦ શિક્ષકોની શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક માટે પસંદગી કરવામાં આવી હતી. આ અન્વયે રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગ અને માધ્યમિક શિક્ષણ વિભાગના શિક્ષકોને રાજ્ય પારિતોષિક-૨૦૨૫ આપવા માટે જિલ્લા કક્ષાની સમિતિઓ દ્વારા મળેલ ભલામણોને આધારે આ રાજ્ય કક્ષાના શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી.

જેમાં પ્રાથમિક વિભાગમાં દક્ષિણ ઝોનમાંથી શાંતિલાલ કોદરભાઈ ભોઈ, પ્રદિપકુમાર સુભાષચંદ્ર દોશી, દિપકકુમાર છોટુભાઈ પટેલ, મધ્ય ઝોનમાં મીનેશકુમાર નાનાભાઈ વાળંદ, જિજ્ઞાસાબેન હરિવદન પ્રજાપતિ, સુરેશભાઈ રમેશભાઈ માળી, ઉત્તર ઝોનમાં સચિનકુમાર જસવંતલાલ પટેલ, આદિત્યકુમાર વિષ્ણુપ્રસાદ દરજી, અનિલકુમાર કોદરભાઈ રાઠોડ તેમજ સૌરાષ્ટ્ર ઝોનમાં જયાબેન જેસિંગભાઈ ગોહિલ, દેવાંગીબેન માધવજીભાઈ બારૈયા, જીવતીબેન બચુભાઈ પીપલીયા અને અનિલકુમાર વેલજીભાઈ વૈશ્નાણીના નામની જાહેરાત કરવામાં આવી હતી. માધ્યમિક વિભાગ વિભાગમાં મધ્ય ઝોનમાંથી મુકેશકુમાર પ્રભાતસિંહ મહિડા, ઉત્તર ઝોનમાંથી ડૉ. રાજગોપાલ ઉદયનભાઈ મહારાજા, મહેન્દ્રકુમાર રામજીભાઈ ચૌધરી, સૌરાષ્ટ્ર ઝોનમાંથી દેવાયતભાઈ લક્ષ્મણભાઈ કરંગીયા, મનિષકુમાર હરશીભાઈ વિઝુંડાના નામની જાહેરાત કરવામાં આવી હતી. ઉચ્ચત્તર મા. વિભાગમાં ડૉ. પ્રહલાદભાઈ રામાભાઈ ચૌધરી અને ડૉ. ભાવનાબેન ચંદુલાલ પટેલનાં નામની જાહેરાત કરવામાં આવી હતી.

મા/ઉ.મા. આચાર્ય વિભાગમાં જાગૃતિબેન ભગવાનભાઈ પટેલ, ડૉ. કમલેશકુમાર મણીભાઈ પટેલ, ડૉ. ધર્મેન્દ્રકુમાર પ્રેમજીભાઈ પટેલ, અલ્પા ગોરધનભાઈ તારપરાના નામની જાહેરાત કરવામાં આવી હતી. એચ.ટાટ. (મુખ્ય શિક્ષક) વિભાગમાં ચેતન ધીરુભાઈ હિરપરા, આરતી વલ્લભદાસ શર્મા, વિક્રમસિંહ રતાજી વણોલ, પુનિત રમેશભાઈ ઉપાધ્યાય અને ડૉ. કવિતાબેન પારસભાઈ શાહના નામની જાહેરાત કરવામાં આવી હતી. ■

# રાજ્યમાં ૨૦મી ઓગસ્ટ સુધી સામાન્યથી ભારે વરસાદની આગાહી

અમદાવાદઃ રાજ્યમાં વરસાદની ચાર સિસ્ટમ સક્રિય થતા ૨૦ ઓગસ્ટ સુધી સામાન્યથી ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી હતી. સાંજે ૬ વાગ્યા સુધીમાં રાજ્યમાં ૩૪ તાલુકામાં વરસાદ પડ્યો હતો. ગીર સોમનાથના સૂત્રાપાડામાં સૌથી વધુ ૨.૮૩ ઇંચ વરસાદ નોંધાયો હતો. માળીયા હાટીનામાં ૧.૫૪ ઇંચ, વેરાવળમાં ૧.૧૦ ઇંચ વરસાદ વરસ્યો હતો. ૩૧ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ પડ્યો હતો.

રાજ્યમાં અત્યાર સુધીમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ વરસાદ વરસ્યો છે. દક્ષિણ ગુજરાતમાં સિઝનનો ૬૯.૩૬ ટકા, પૂર્વ મધ્યમાં ૬૬.૭૧ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૬.૨૨ ટકા, કચ્છમાં ૬૫.૩૬ ટકા અને સૌરાષ્ટ્રમાં ૫૬.૯૩ ટકા વરસાદ વરસ્યો છે. સિઝનમાં સરેરાશ ૬૪.૭૮ ટકા વરસાદ પડ્યો છે. નર્મદા ડેમ તેની કુલ ક્ષમતાનો ૭૪.૯૯ ટકા ભરાયેલો છે, જ્યારે રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૭૦.૨૬ ટકા જળસંગ્રહ છે. ૩૦ ડેમ ૧૦૦ ટકાથી વધુ ભરાયેલા છે. જ્યારે ૩૨ ડેમમાં ૨૫ ટકાથી ઓછો જળસંગ્રહ છે. રાજ્યમાં હાલ ૫૧ ડેમ હાઇ એલર્ટ પર છે. ■

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વધુ એક ભરતી કૌભાંડઃ આઠ કર્મચારીઓ સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભરતી કૌભાંડમાં વધુ એક ચોંકાવનારો ખુલાસો થયો હતો. અગાઉ કૌભાંડમાં પકડાયેલા આરોપી અને એએમસીના હેડ ક્લાર્ક પુલકિત સથવારાએ વધુ ૮ ઉમેદવારોના માર્કસ વધારીને તેમને નોકરી અપાવી હતી. આ મામલો સામે આવતા મ્યુનિસિપલ કમિશનરે આ તમામ ૮ કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા હતા.

પુલકિત સથવારાએ મે ૨૦૨૩થી ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન એસ્ટેટ, હેલ્થ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ભરતી પ્રક્રિયામાં ગેરરીતિ આચરી હતી. તેણે ૮ ઉમેદવારોના માર્કસ વધારી દીધા હતા, જેના કારણે તેઓ મેરિટ લિસ્ટમાં આવી ગયા અને નોકરી પણ મેળવી લીધી હતી. આ કૌભાંડમાં સામેલ થયેલા આ ૮ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.તેમની સામે પોલીસ ફરિયાદ દાખલ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. પહેલાં પણ એન્જિનિયર વિભાગની ભરતીમાં ગેરરીતિ સામે આવ્યા બાદ, એએમસીના કમિશનરે ૨૦૨૧થી ૨૦૨૫ સુધીની તમામ ભરતીઓની તપાસ માટે પાંચ અધિકારીઓની એક કમિટી બનાવી હતી. આ કમિટીએ પાછલા પાંચ વર્ષમાં થયેલી ૩૭થી વધુ જગ્યાઓની ભરતીની તપાસ કરી હતી. આ તપાસમાં સામે આવ્યું કે પુલકિત સથવારા સાથે મળીને ૮ ઉમેદવારોએ ખોટી રીતે નોકરી મેળવી હતી. આ ૮ કર્મચારીઓ સબ-ઈન્સ્પેક્ટર, સહાયક સર્વેયર, સહાયક સેનેટરી સબ-ઈન્સ્પેક્ટર, ફીમેલ હેલ્થ વર્કર અને ફાર્માસિસ્ટના પદ પર કામ કરી રહ્યા હતા. એએમસી દ્વારા હવે આ કૌભાંડમાં સંડોવાયેલા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ■

# સુરતમાં ટ્રાફિક પોલીસે મનપાના જ ૨૦ વાહનોને ડિટેઈન કર્યાં

અમદાવાદઃ સુરત શહેરમાં તાજેતરમાં એક ડમ્પરની ટક્કરથી એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. આ ઘટના બાદ ટ્રાફિક પોલીસે કડક કાર્યવાહી શરૂ કરી હતી. પ્રતિબંધિત સમયમાં શહેરમાં પ્રવેશતા મોટા વાહનો સામે કાર્યવાહી કરતા પોલીસે સુરત મહાનગરપાલિકાના જ વાહનોમાં ગેરરીતિ પકડી પાડી હતી. પોલીસે તપાસ કરતા માલૂમ પડ્યું કે મનપા દ્વારા શહેરમાં કચરો એકઠો કરતી અને ડમ્પિંગ સાઈટ સુધી લઈ જતી કચરા ગાડીઓની નંબર પ્લેટ બરાબર નહોતી. ઘણી ગાડીઓ ખખડધજ હાલતમાં હતી. આશ્ચર્યની વાત એ છે કે, આ વાહનોના એક પણ ડ્રાઈવર પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ નહોતું. આ ગંભીર બેદરકારી બદલ પોલીસે કચરા ગાડીઓ સહિત બે સિટી બસ મળીને કુલ ૨૦ વાહનો જપ્ત કર્યા હતા. મનપાના જ વાહનોમાં ખામીઓ અને ડ્રાઇવરો લાઇસન્સ વિના ચલાવતા હોઈ મામલો ચર્ચાસ્પદ બન્યો હતો. જોકે મનપાના વાહનોને પ્રતિબંધિત સમયમાં પ્રવેશવાની છૂટ હોય છે, પરંતુ તેમણે નિયમોનું પાલન કરવું ફરજિયાત છે. તેમણે વાહનોની નંબર પ્લેટ અને ફિટનેસની કાળજી લેવી જોઈએ. ■

# તહેવારોમાં છેતરપિંડી કરનારા દુકાનદારો પાસેથી ૫,૯૧,૫૦૦ રૂપિયાનો દંડ વસૂલાયો

અમદાવાદઃ જન્માષ્ટમી સહિતના તહેવારોને ધ્યાને લઈને સામૂહિક ઝુંબેશના ભાગરૂપે આજે રાજ્ય સરકારની કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી દ્વારા રાજ્યના ૨૫ જિલ્લાની કુલ ૩૩૨ જેટલી મીઠાઇ, ફરસાણ, ડ્રાયફ્રુટ અને ગિફ્ટ વગેરેની દુકાનોમાં દરોડા પાડીને તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ગેરરીતી કરતા કુલ ૧૨૬ એકમો સામે ગુન્હાઓ નોંધીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી અને માંડવાળ ફી તરીકે તેમની પાસેથી કુલ રૂ. ૫,૯૧,૫૦૦ રકમ વસૂલ કરવામાં આવી હતી. કાનૂનીમાપ વિજ્ઞાન તંત્રના નાયબ નિયંત્રક, મદદનીશ નિયંત્રક તેમજ ઇન્સપેક્ટરો દ્વારા હાથ ધરાયેલી આ તપાસણી દરમિયાન વજનમાં ઓછું આપીને ગ્રાહકને છેતરવો, વજન કાંટાનું ફેરચકાસણી, મુદ્રાંકન ન કરાવવુ, ખરાઇ પ્રમાણપત્ર પ્રદર્શિત ન કરવું, પેકર રજિસ્ટ્રેશન ન કરવું વગેરે જેવી ગેરરીતિઓ સામે આવી હતી. આ અંગે વધુ તપાસની કાર્યવાહી હાલમાં ચાલુ છે.

જન્માષ્ટમીના તહેવાર દરમિયાન ગ્રાહકો મીઠાઇ, ફરસાણ, ડ્રાયફ્રુટસ તેમજ ગિફ્ટ સહિતની અન્ય વસ્તુઓની ખરીદી કરતા હોય છે. જેમાં ઘણી વખત ગ્રાહકોને ખરીદી દરમિયાન વજનમાં છેતરવામાં આવતા હોય છે. રાજ્યના નાગરિકો આવા કોઈ બનાવનો ભોગ ન બને અને ગ્રાહકો પણ પોતાના અધિકારોથી જાગૃત થાય તે કાનૂની માપ વિજ્ઞાન તંત્રનો મૂળ ઉદ્દેશ્ય છે. એટલા માટે જ, આજે કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા સમગ્ર રાજ્યની વિવિધ મીઠાઇ, ફરસાણ, ડ્રાયફ્રુટસ અને ગિફ્ટ શોપ વગેરે પર તંત્રના કાયદા-નિયમોની જોગવાઇઓનું પાલન થાય તે માટે રાજ્યવ્યાપી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ■

# ગુરુવારે ઑગસ્ટ મહિનાનો સૌથી વધુ વરસાદ નોંધાયો

## રાયગઢ અને રત્નાગિરિમાં ૧૬ અને ૧૭ ઑગસ્ટના ઑરેન્જ અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં લગભગ અઠવાડિયું સુધી સૂકું વાતાવરણ રહ્યા બાદ બુધવારથી ફરી ચોમાસું ફરી જામ્યું છે. ગુરુવારના દિવસે ચાલુ મોસમમાં ઑગસ્ટ મહિનાનો અત્યાર સુધીનો સૌથી વધુ વરસાદ નોંધાયો હતો. સવારના શહેરમાં એક દિવસનો સૌથી વધુ ૫૩ મિ.મી. વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે ૧૭ ઑગસ્ટ સુધી મુંબઈ અને થાણે જિલ્લા માટે યલો અલર્ટની ચેતવણી આપી હોવાથી વરસાદની તીવ્રતા આગામી દિવસમાં વધવાની શક્યતા છે. તો રાયગઢ અને રત્નાગિરી માટે ૧૬ અને ૧૭ ઑગસ્ટના ઓરેન્જ અલર્ટ રહેશે.

બુધવારે આખો દિવસ વાદળિયું વાતાવરણ અને ઝરમર વરસાદ રહ્યા બાદ મોડી રાતથી વરસાદ ચાલુ થયો હતો. હવામાન ખાતાના જણાવ્યા મુજબ બુધવારથી ગુરુવાર સવાર સુધીમાં સાંતાક્રુઝમાં ૫૦ મિ.મી. અને કોલાબામાં ૫૩ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

હવામાન ખાતાના જણાવ્યા મુજબ બુધવારથી ગુરુવાર સવાર સુધીમાં પશ્ચિમ ઉપનગરમાં ૪૧.૪૬ મિ.મી., પૂર્વ ઉપનગરમાં ૩૨.૪૬ મિ.મી. અને શહેરમાં ૨૦.૭૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના આંકડા મુજબ શહેરના અનેક વિસ્તારમાં બુધવાર મોડી રાતથી ગુરુવાર સવાર સુધીમાં ભારે વરસાદ પડયો હતો, જેમાં મલાડમાં ૮૫ મિ.મી., અંધેરીમાં ૭૨ મિ.મી. વરસાદ પડયો હતો. છેલ્લા કેટલાક અઠવાડિયાથી મુંબઈમાંથી વરસાદ ગાયબ થઈ ગયો હોવાથી ગરમી અને ઉકળાટનો અનુભવ થઈ રહ્યો હતો પણ વરસાદની ફરી એન્ટ્રી થવાથી રાહત થઈ છે.

મુંબઈમાં લાંબા સમયથી વરસાદ ગાયબ રહેવાને કારણે શહેરમાં વરસાદની ખાધ રહી છે. ઑગસ્ટ મહિનામાં શહેરમાં સરેરાશ ૫૬૬ મિ.મી. વરસાદ પડયો છે પણ સાંતાક્રુઝમાં માત્ર ૧૧૪ મિ.મી. વરસાદ પડયો છે.

હવામાન વિભાગના નિષ્ણાતના જણાવ્યા મુજબ રિજનમાં હાલ અનેક સિસ્ટમ સક્રિય થઈ છે. મુંબઈ અને કોંકણ રિજન સહિત મહારાષ્ટ્રમાં ૧૩ ઑગસ્ટથી ૧૯ ઑગસ્ટ દરમ્યાન ભારે વરસાદની શક્યતા છે.

નિષ્ણાતોના કહેવા મુજબ બુધવાર સુધીમાં પશ્ચિમ મધ્ય અને ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી, ઉત્તર આંધ્ર પ્રદેશ અને દક્ષિણ ઓરિસ્સાના દરિયાકાંઠે લો પ્રેશરનો પટ્ટો હતો. વધુમાં આગામી ૨૪ કલાકમાં એક અપર ઍર સાયક્લોનિક સર્ક્યુલેશન વધુ તીવ્ર બનાવાની શકયતા છે. આઉપરાંત બંગાળની ખાડીથી ઉત્તરપૂર્વ અરબી સમુદ્ર સુધીમાં એક પૂર્વ-પશ્ચિમ ટ્રફની પણ અસર છે. તેના પ્રભાવ હેઠળ ૧૩થી ૧૯ ઑગસ્ટ ૨૦૨૫ દરમ્યાન મહારાષ્ટ્રની પ્રવૃતિમાં વધારો થવાની શક્યતા છે.

# ગણેશોત્સવ પહેલા મુંબઈ-ગોવા હાઈવેનું કામ પૂર્ણ કરવા અજિત પવારનો આદેશ

મુંબઈ: ગણેશોત્સવને ધ્યાનમાં રાખીને મુંબઈ-ગોવા હાઈવેનું કામ તાત્કાલિક પૂર્ણ થવું જોઈએ. હાઈવે પર ઈન્દાપુર - માનગાંવ નજીકના રસ્તા માટે ૨૧ કરોડ રૂપિયાનું ભંડોળ ઉપલબ્ધ કરાવવાની સાથે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે આ કામો તાત્કાલિક પૂર્ણ કરવાનો આદેશ આપ્યો હતો. પવારે હાઈવે પર અધૂરા કામ પૂર્ણ કરવા માટે જાહેર બાંધકામ પ્રધાનની અધ્યક્ષતામાં રાજ્ય સ્તરીય સમિતિની રચના કરવાનો પણ આદેશ આપ્યો હતો.

હાઇવે પર ટ્રાફિક જૅમ ટાળવા માટે જિલ્લા પ્રશાસને હાઈવે પરના ખાડાઓ અંગેની ફરિયાદો પર તાત્કાલિક કાર્યવાહી કરવી જોઈએ. પવારે એમ પણ આદેશ આપ્યો કે હાઈવેના અધૂરા કામો પૂરા કરવા માટે, સાર્વજનિક બાંધકામ પ્રધાનની અધ્યક્ષતામાં એક રાજ્ય સ્તરીય સમિતિ રચીને ફોર-લેનનું કામ, રસ્તા પરના ખાડા ભરવા, વિવિધ સ્થળોએ માહિતીપ્રદ સાઈનબોર્ડ લગાવવા, બ્રિજનું બાંધકામ, ટ્રોમા કેર સેન્ટરની સ્થાપના, અને દર ચાલીસ કિલોમીટરે શૌચાલયની વ્યવસ્થા સહિતના અન્ય તમામ કાર્યો સમયસર પૂર્ણ કરવા જોઈએ.

# ડબ્બાવાળાઓ માટે ₹ ૨૫.૫૦ લાખમાં ૫૦૦ ચોરસ ફૂટનું ઘર: ફડણવીસ

મુંબઈ: સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ ડબ્બાવાળાઓ માટે ઐતિહાસિક જાહેરાત કરતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જાહેરાત કરી કે માત્ર રૂ. ૨૫.૫૦ લાખમાં ૫૦૦ ચોરસ ફૂટનું ઘર ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમણે કહ્યું કે આ સસ્તા આવાસ પ્રોજેક્ટ પ્રધાનમંત્રી આવાસ યોજના અને અન્ય સરકારી યોજનાઓ દ્વારા પૂર્ણ કરવામાં આવશે.

બાંદ્રા-વેસ્ટમાં 'ડબ્બાવાળાઓ આંતરરાષ્ટ્રીય કેન્દ્ર'નું ઉદ્ઘાટન કરતાં તેમણે જાહેરાત કરી હતી કે ડબ્બાવાળાઓને ઓછી કિંમતે ઘરો ઉપલબ્ધ કરાવવામાં આવશે. ૧૩૫ વર્ષની સફરમાં ડબ્બાવાળાઓ કમ્પ્યુટર કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કર્યા વિના માનવ બુદ્ધિમત્તાના બળ પર વિશ્વ પ્રસિદ્ધ મેનેજમેન્ટ કૌશલ્ય દર્શાવી રહ્યા છે. તેઓએ એક પણ ભૂલ કર્યા વિના, એક પણ દિવસનો વિલંબ કર્યા વિના કામ કર્યું. આ વિશ્વની એક અનોખી પરંપરા છે.

# રાષ્ટ્રીયકૃત બૅંકનો નિવૃત્ત કર્મચારી બે મહિનામાં બે વાર છેતરાયો: બાવન લાખ રૂપિયા ગુમાવ્યા

મુંબઈ: મુંબઈમાં રાષ્ટ્રીયકૃત બૅંકનો નિવૃત્ત કર્મચારી બે મહિનામાં બે વખત છેતરપિંડીનો ભોગ બન્યો હતો. શૅર ટ્રેડિંગમાં આકર્ષક વળતરની લાલચે ઠગોએ તેની પાસેથી બાવન લાખ રૂપિયા પડાવ્યા હતા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

ગોરેગામ વિસ્તારમાં રહેનારા બૅંકના નિવૃત્ત કર્મચારીએ આ પ્રકરણે નોર્થ રિજન સાયબર પોલીસ સ્ટેશનમાં મંગળવારે અજાણ્યા શખસો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદીને જૂન મહિનામાં એક વ્હૉટ્સઍપ ગ્રૂપમાં ઍડ કરવામાં આવ્યો હતો, જેમાં ઍડમિન દ્વારા શેર ટ્રેડિંગ પર ટિપ્સ આપવામાં આવતી હતી. થોડા દિવસ બાદ ફરિયાદીને વ્હૉટ્સઍપ પર મહિલાનો મેસેજ આવ્યો હતો, જેમાં પૂછવામાં આવ્યું હતું કે તેને શેર ટ્રેડિંગમાં રોકાણ કરવામાં રસ છે?

ફરિયાદીએ રસ દાખવતાં તેને મોબાઇલ પર લિંક મોકલવામાં આવી હતી, જેના થકી તેણે મોબાઇલ ઍપ ડાઉનલોડ કરી હતી. તેણે શેરમાં રોકાણ કરવા વિવિધ બૅંક ખાતાંમાં ૩૦.૬૫ લાખ રૂપિયા ડિપોઝિટ કર્યા હતા અને તેને ૧.૩૦ કરોડ રૂપિયાનું વળતર મળ્યું હોવાનું બતાવવામાં આવ્યું હતું.

# 'મુંબઈ વિધિન ૫૧ મિનિટ્સ'નું સપનું બહુ જલદી પૂર્ણ થશે: મુખ્ય પ્રધાન

## પાલિકા, એમએમઆરડીએના વિવિધ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને મુંબઈના જુદા જુદા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લગતા પ્રોજેક્ટનું કામ ઝડપથી પતાવીને તેને મુંબઈગરા માટે ખુલ્લા મૂકવા મહારાષ્ટ્ર સરકાર ઉતાવળી થઈ ગઈ છે. ગુરુવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે મુંબઈ મહાનગરપાલિકાના કોસ્ટલ રોડ, એમએમઆરડીએના સાંતાક્રુઝ-ચેમ્બુર લિંક રોડ કનેકટર, મેટ્રો લાઈન સહિતના ચાર ૦૭ જુદા જુદા પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ભાજપ, એનસીપી અને શિવસેનાની મહાયુતી સરકાર મુંબઈનો કાયાપલટ થઈ રહ્યો હોવાનો દાવો કરીને તમામ પ્રોજેક્ટને સમયસર પૂરા કરવાનું શ્રેય લેવાનું ચૂકી નહોતી.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બાન્દ્રામાં આવેલી એમએમઆરડીએના મુખ્યાલયમાંથી ઓનલાઈન વિવિધ પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યુ હતું એ દરમ્યાન તેમણે કહ્યું હતું કે થોડા વર્ષો પહેલા 'મુંબઈ વિધિન ૫૧ મિનિટ્સ' સપનું જોયું હતું તે હવે બહુ જલદી પૂરું થવાનું છે.

મેટ્રો લાઈનના જાળા ઝડપથી વિસ્તરી રહ્યા હોઈ વર્ષમાં લગભગ ૫૦ કિલોમીટરના મેટ્રો રૂટના કામ પૂરા થયા છે. મુંબઈગરાનો ટ્રાફિકની સમસ્યાથી છૂટકારો થાય તે માટે બે મહત્ત્વના લિંક પુલનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું છે, તેથી પૂર્વ અને પશ્ચિમ ઉપનગરના પ્રવાસમાં સમયની બચત થશે.

સુધરાઈનો મહત્ત્વનો પ્રોજેક્ટ ગણાતો કોસ્ટલ રોડ શુક્રવાર, ૧૫મી ઑગસ્ટથી નાગરિકો માટે ૨૪ કલાક ખુલ્લો મૂકવાનો છે એ બાબતે ફડણવીસે કહ્યું હતું કે વાહનચાલકોએ કોસ્ટલ રોડ પર સીસીટીવી બેસાડવામાં આવ્યા હોવાથી ટ્રાફિકના નિયમોનું પાલન કરીને વાહન ચલાવવા રહેશે. વેસ્ટર્ન એક્સપ્રેસ પરના ટ્રાફિકના ઘટાડવા માટે સમાતંર રોડ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

મુંબઈના જુદા જુદા ભાગોને જોડનારી ટનલ, લિંક પૂલ અને ફલાયઓવરથી વાહનવ્યવહાર ઝડપી થશે. ૨૦૨૮-૨૯ સુધીમાં મુંબઈમાં ચાલી રહેલા વિકાસ પ્રોજેક્ટને પૂરા કરી નાખવામાં આવશે.

મુંબઈની લાઈફલાઈન કહેવાતી લોકલ ટ્રેનોમાં થતી ભીડને કારણે છેલ્લા થોડા દિવસોમાં થયેલા રેલ એક્સિડન્ટમાં અનેક નિર્દોષ નાગરિકોનો ભોગ લેવાયો છે ત્યારે મેટ્રો રેલની માફક જ ઉપનગરીય રેલવેમાં પણ ઓટોમેટિક દરવાજા સાથેના ડબ્બા ઉપલબ્ધ થશે એવો દાવો ફરી એક વખત જુદા જુદા પ્રોજેક્ટના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય પ્રધાને કર્યો હતો.

ઉદ્ઘાટન પ્રસંગે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું મુંબઈનો કાયાપલટ થઈ રહ્યો છે. રસ્તાના જાળાનું વિસ્તરણ થઈ રહ્યું છે. ખાડામુક્ત રસ્તા માટે સિમેન્ટ-કોંક્રીટના રસ્તાના બનાવવામાં આવી રહ્યા છે. સ્યુરેજ પાણીનો નિકાલ કરવા માટે સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવી રહ્યા છે. શહેરમાં ચાલી રહેલા પ્રોજેક્ટને કારણે નાગરિકોની જીવનશૈલીમાં સકારાત્મક ફેરફાર થઈ રહ્યો છે.

મેટ્રોના જાળા ૪૫૦ કિલોમીટર કરતા વધુ વિસ્તારેલા હોઈ તેને કારણે પૂર્વ અને પશ્ચિમનો પ્રવાસ ઝડપી અને ટ્રાફિક મુક્ત થશે અને સાથે જ ઈંધણની પણ બચત થશે. મુંબઈને આંતરરાષ્ટ્રીય દરજ્જાનું સ્વરૂપ આપવા માટે જુદા જુદા ઈન્ફ્રાસ્ટ્રક્ટચર પ્રોજેક્ટથી ઝડપથી તેની ડેડલાઈન પહેલા પૂરા કરવામાં આવ્યો હોવાનો દાવો પણ સમયે તેમણે કર્યો હતો.

નાયબ મુખ્ય પ્રધાન અજીત પવારે પણ આ સમયે દેશની આર્થિક રાજધાની મુંબઈની પ્રગતિનો વેગ દેશના વિકાસ માટે અનિવાર્ય હોઈ વિકાસકામ ઝડપથી કરવામાં આવી રહ્યા હોવાનો દાવો કર્યો હતો.

### આ પ્રોજેક્ટના ઉદ્ઘાટન કરવામાં આવ્યા

૧) મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીએ ઉભા કરેલા ૭૦ કરોડ રૂપિયાના મેટ્રો ટ્રેનિંગ સેન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ટ્રેનિંગ સેન્ટરથી મેટ્રો માટે કુશળ મનુષ્યબળ ઉપલબ્ધ થશે અને ટ્રેનિંગનો ખર્ચ બચશે. અન્ય રાજ્યના મેટ્રો પ્રોજેક્ટ માટે અહીં મુનુષ્યબળને ટ્રેનિંગ આપીને આવક રળી શકાશે.

૨) સિગ્નલ રહિત પૂર્વ-પશ્ચિમ કોરિડોર કનેક્ટિવીટી માટે નવી મુંબઈ, ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે તેમ જ બીકેસી તરફથી ઍરપોર્ટ આવતા વાહનોનું નિયમ કરવા માટે ચેમ્બુર-સાંતાક્રુઝ લિંક રોડ બનાવવામાં આવ્યો હતો. પ્રોજેક્ટની કુલ લંબાઈ ૫.૫૦ કિલોમીટર હોઈ તેમાંથી ૩.૮૫ કિલોમીટર લાંબો રોડ ૨૦૨૩માં શરૂ કરવામાં આવ્યો હતો. તો સાંતાક્રુઝ-ચેંમ્બુર લિંક રોડ ભાગ-એક પ્રોજેક્ટમાં ૧.૬૬ કિલોમીટરનો બાકીનો ભાગ કલીનામાં મુંબઈ યુનિવર્સટીના ગેટ નંબર બેથી પાનબાઈ ઈન્ટરનેશનલ સ્કૂલ (વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે) આ એલિવેટેડ રોડનું ગુરુવારે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

વેસ્ટ એક્સપ્રેસ ક્રોસ કરવા સિગ્નલ ફ્રી પૂર્વ-પશ્ચિમ કોરીડારે અને ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે તેમ જ બીકેસીથી ઍરપોર્ટ જતા વાહનો માટે લિંક રોડ પર કેબલ સ્ટેડ બ્રિજ બાંધવામાં આવ્યો છે. એશિયા ખંડનો ૧૦૦ મીટર ત્રિજયાનો સૌથી મોટો સર્કલ આકારનો કેબલ સ્ટેડ બ્રિજ છે.

૩)મલાડના માલવણીમાં ૯૦ કરોડના ખર્ચે મેટ્રો રેલના કર્મચારી નિવાસસ્થાન માટે બે બિલ્ડિંગ બાંધવામાં આવ્યા છે જેમા ૧૫૬ ઘર છે.

૪) કલાનગર જંકશનમાં આર્મ ડી ફ્લાયઓવર (સાયન-બાન્દ્રા લિંક રોડથી બાન્દ્રા વરલી સી લિંક તરફ તેમ જ કોસ્ટલ પર ૫.૨૫ કિલોમીટર લંબાઈનો પ્રોમોનેડ અને પેડેસ્ટ્રિયન અંડરપાસ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

# રાજ્યના ૪૯ પોલીસને શૌર્ય મેડલ

મુંબઈ: સ્વતંત્રતા દિને રાજ્યના ૪૯ પોલીસ અધિકારી અને કર્મચારીઓને પોલીસ મેડલ જાહેર કરવામાં આવ્યા છે. આમાંથી સાત પોલીસને શૌર્ય મેડલ, ત્રણ પોલીસને ઉલ્લેખનીય સેવા બદલ રાષ્ટ્રપતિ મેડલ આપવામાં આવ્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા સ્વાતંત્ર્ય દિનની પૂર્વસંધ્યાએ મેડલની જાહેરાત કરવામાં આવી હતી.

અસાધારણ શૌર્ય દાખવનારા પોલીસ, હોમગાર્ડ અને ફાયર બ્રિગેડના કર્મચારીઓને દરવર્ષે શૌર્ય મેડલ આપવામાં આવે છે. ગુરુવારે આખા દેશના એક હજારથી વધુ જવાનોને મેડલની જાહેરાત કરી તેમાં મહારાષ્ટ્રના ૪૯ જવાનોનું સન્માન કરવામાં આવશે.

રાજ્યના સાત પોલીસ જવાનને શૌર્ય મેડલ, ત્રણ પોલીસ જવાનોને ઉલ્લેખનીય સેવા માટે રાષ્ટ્રપતિ મેડલ અને ૩૯ પોલીસને ગણવત્તાયુક્ત કામગીરી બદલ મેડલ જાહેર કરવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ નોંધપાત્ર સેવા બદલનું મેડલ મેળવનારા મહારાષ્ટ્રના જવાનોમાં મુંબઈ ટ્રાફિક વિભાગના જોઈન્ટ પોલીસ કમિશનર અનિલ કુંભારે, અમરાવતીના પોલીસ કમિશનર નવીનચંદ્ર રેડ્ડી અને આસિસ્ટન્ટ પોલીસ કમિશનર રાજેન્દ્રસિંહ ગૌરનો સમાવેશ થાય છે.

છેલ્લા પાનાનું ચાલુ

## નેહરુને વડા પ્રધાન

બેઠા છે અને તેઓ અપેક્ષા રાખે છે કે લોકો તેમને દૂધ પીવડાવશે,'

ઉદ્ધવ ઠાકરેએ વધુમાં કહ્યું હતું કે, 'ભાજપે ક્યારેય આદર્શો સ્થાપિત કર્યા નથી. તેણે વિચારો બનાવ્યા નથી. તેથી જ તેઓ બીજાના આદર્શો ચોરી કરવાનું કામ કરે છે, પછી જો કશું અલગ રીતે થાય છે, તો તેઓ કહે છે કે તે નેહરુના સમયમાં થયું હતું. જે લોકો નેહરુને દોષ આપે છે તેઓ છેલ્લા ૧૧ વર્ષથી સત્તામાં છે. તો એ લોકો શું કરી રહ્યા છે. શું કશું નોંધપાત્ર કરી શક્યા છો?'

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સપકાળે પોતાના ભાષણમાં એવો મુદ્દો ઉઠાવ્યો હતો કે જો નહેરુને બદલે સરદાર વલ્લભભાઈ પટેલ વડા પ્રધાન બન્યા હોત..., તેમના મુદ્દાનો દોર પકડતાં ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, હું સપકાળના નિવેદન સાથે સંપૂર્ણપણે સંમત છું. મહાત્મા ગાંધી કે બીજા કોઈએ પણ નહેરુને વડા પ્રધાન બનાવીને ભૂલ કરી હતી. જો સરદાર વલ્લભભાઈ વડા પ્રધાન બન્યા હોત, તો આજે સંઘ દેખાતો ન હોત. વલ્લભભાઈ પટેલે સંઘ પર પ્રતિબંધ મૂક્યો હતો. તે પ્રતિબંધ હટાવવામાં આવ્યો ન હોત. ભાજપે સરદાર પટેલની સૌથી મોટી પ્રતિમા ઉભી કરી. આની સાથે સુભાષચંદ્ર બોઝની પ્રતિમા પણ ઉભી થવા જઈ રહી હતી, પરંતુ તેમના સંબંધીઓએ તેનો વિરોધ કર્યા પછી, તેમણે પીછેહઠ કરી હતી.

## નવાં ઘરોને

પુનર્વિકાસ પ્રોજેક્ટને હાથ ધરતી વખતે આવેલા અવરોધોને યાદ કરતા, તેમણે કહ્યું કે ૯૦ વર્ષ જૂના ખટલાઓ હતા. ફડણવીસે જણાવ્યું હતું કે, એક મોટો અવરોધ એ હતો કે ક્યો રિયલ એસ્ટેટ ડેવલપર મધ્ય મુંબઈના વરલીમાં સ્થિત બીડીડી ચાલનો પુનઃવિકાસ કરશે. તેમણે કહ્યું કે વિવિધ રિયલ એસ્ટેટ ડેવલપર્સ દ્વારા ચારથી પાંચ યોજનાઓ તૈયાર કરવામાં આવી હતી, પરંતુ તેઓ ફક્ત વેચાણપાત્ર વિસ્તારમાં જ રસ ધરાવતા હતા.

ફડણવીસે જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન તરીકેના તેમના પ્રથમ કાર્યકાળ (૨૦૧૪-૨૦૧૯)માં, રાજ્ય સરકારે નિર્ણય લીધો હતો કે રાજ્ય સંચાલિત મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા) ચાલનો પુનઃવિકાસ કરશે. વૈશ્વિક ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા, જેને પગલે બીડીડી ચાલીના પુનઃનિર્માણ અને તેમને આધુનિક ઘરોમાં રૂપાંતરિત કરવા માટે કોન્ટ્રાક્ટરોને પસંદ કરવામાં આવ્યા હતા. ફડણવીસે યાદ કર્યું હતું કે મેગા પ્રોજેક્ટનો શિલાન્યાસ સમારોહ ૨૨ એપ્રિલ, ૨૦૧૭ના રોજ થયો હતો.

પહેલાં સોનું આગામી પેઢીને આપવામાં આવતું હતું. મુંબઈમાં (મિલકત)ના દર સોનાના ભાવ જેટલા છે. આ ઘર આપણે ભાવિ પેઢીને આપવાની જરૂર છે, એમ ફડણવીસે નવા ઘરમાલિકોને સંબોધતા કહ્યું હતું. આ પ્રસંગે, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ફડણવીસ અને તેમના બીજા નાયબ સાથી એકનાથ શિંદેને કરારમાં એક કલમ ઉમેરવા વિનંતી કરી જેથી રહેવાસીઓ ૧૦-૧૫ વર્ષ સુધી તેમના નવા ઘર વેચી ન શકે. પવારે કહ્યું કે, આ રીતે મરાઠી માણસો (મરાઠીભાષી લોકો) મુંબઈમાં જ રહેશે.

### ચાવીઓ મળી પણ ઘરમાં પ્રવેશ નહીં

ગુરુવારે સાર્વજનિક કાર્યક્રમમાં ૫૫૬ પાત્ર લાભાર્થીઓને મુખ્ય પ્રધાનના હસ્તે ઘરની ચાવીઓ આપવામાં આવી હતી, પરંતુ તેમને ઘરમાં પ્રવેશ કરવા માટે આગામી બે-ત્રણ દિવસની રાહ જોવી પડશે. મ્હાડાના સૂત્રો પાસેથી જાણવા મળ્યા મુજબ કેટલીક આવશ્યક બાબતોની પૂર્તતા માટે આ સમય લાગશે.

### બીડીડી ચાલના રહેવાસીઓને ૫૦૦ ચોરસ ફૂટના ફ્લેટ

મુંબઈમાં વરલી, નાયગાંવ અને એન. એમ. જોશી માર્ગમાં બીડીડી ચાલ છે, અને તેમનો પુનર્વિકાસ મ્હાડા દ્વારા કરવામાં આવી રહ્યો છે. લગભગ ૯૨ એકર જમીન પર ૧૯૫ બીડીડી ચાલ છે, જેમાં ૧૫ હજાર ૫૯૩ ફ્લેટ, દુકાનો અને કોમર્શિયલ સ્ટોલ છે. બીડીડી ચાલનો તબક્કાવાર પુનર્વિકાસ કરવામાં આવશે, અને અહીંના રહેવાસીઓને ૫૦૦ ચોરસ ફૂટના ફ્લેટ આપવામાં આવશે.

### આધુનિક સુવિધાઓ સાથે ટુ બીએચકેના ફ્લેટ

વર્લી બીડીડી ચાલ પુનર્વિકાસ પ્રોજેક્ટ ૧૨૧ જૂની ચાલીના ૯,૬૮૯ રહેવાસીઓનું પુનર્વસન કરશે. મ્હાડાએ વરલી બીડીડી ચાલ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં પુનર્વસન માટે પ્રોજેક્ટના કુલ પ્લોટ વિસ્તારના ૬૫ ટકાનો ઉપયોગ કર્યો છે. ૧૬૦ ચોરસ ફૂટના રૂમમાં રહેતા પાત્ર રહેવાસીઓને પુનર્વસન બિલ્ડિંગમાં માલિકીના ધોરણે મફતમાં ૫૦૦ ચોરસ ફૂટની આધુનિક સુવિધાઓ સાથે ૨ બીએચકે ફ્લેટ આપવામાં આવશે. ૪૦ માળની ૩૪ પુનર્વસન ઇમારતો બનાવવામાં આવશે અને ૫૫૬ ફ્લેટ બિલ્ડિંગ નંબર એકના ડી અને ઈ પાંખોમાં વહેંચવામાં આવશે. સ્ટિલ્ટ + ભાગ છ માળના પોડિયમ પાર્કિંગમાં દરેક ફ્લેટ ધારકને એક પાર્કિંગ સુવિધા પૂરી પાડવામાં આવી છે. પોડિયમ પાર્કિંગની ઉપર સાતમા માળે ઇકો-ફ્રેન્ડલી ગાર્ડન સુવિધા પૂરી પાડવામાં આવશે.

ઉપરાંત, પુનર્વસન ફ્લેટમાં વિટ્રિફાઇડ ટાઇલ્સ, ગ્રેનાઇટ કાઉન્ટરટોપ્સ, એલ્યુમિનિયમ ફ્રેમ વિન્ડો, ગ્રેનાઇટ કિચન કાઉન્ટરટોપ્સ, બ્રાન્ડેડ પ્લમ્બિંગ ફિટિંગ વગેરે જેવી ઘણી સુવિધાઓ છે. બિલ્ડિંગમાં ફાયર પ્રોટેક્શન સિસ્ટમ, ત્રણ લિફ્ટ, ૧ સ્ટ્રેચર લિફ્ટ, ૧ ફાયર લિફ્ટ છે.

# હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

હાલ નાસિક, સ્વ. અનુસૂયાબેન, સ્વ. ચત્રભુજ પ્રાગજી પંડિત પોતરાના પુત્ર પ્રદીપભાઈ (ઉં. વ. ૭૪) તે જિતેન્દ્રકુમાર, પ્રકાશ, ગં. સ્વ. દેવીબેન (હર્ષીતા) હરેન્દ્ર મહિધર, ગં. સ્વ. જ્યોતિબેન સુભાષ ઠક્કર, સ્વ. નિરૂપમા, સ્વ. સરોજબેન ભરતભાઈ ઠક્કરના ભાઈ. સ્વ. કેવલ, સૌ. યોગીની રાજેશભાઈ મહેરા, સાગરના કાકા, રાજના મોટાકાકા તા. ૧૨/૮/૨૦૨૫ ના રામશરણ થયા છે. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વહેવાર સદંતર બંધ છે.

**માધવપુર ગિરિનારાયણ બ્રાહ્મણ**

હાલ મીરારોડ, વિનોદ ત્રંબકલાલ કાપડિયા (ઉં. વ. ૮૫) તે હરિપ્રિયાના પતિ. કિરીટ, નિલેશ્રી, નેહલના પિતાશ્રી. જાગૃતિના સસરા. હિરાંશીના દાદા. ઘનશ્યામભાઈ ભાનુભાઇ નર્મદાબેન ચંદ્રિકાબેનના ભાઈ. મંજુલાબેન લક્ષ્મીદાસભાઈ ભટ્ટના જમાઈ તા. ૧૨/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

સિહોર નિવાસી હાલ કાંદિવલી, ગં. સ્વ. કાનનબેન પ્રિતેશ કોઠારી (ઉં. વ. ૪૩) તે ગં. સ્વ. ભારતીબેન મૂળરાજભાઈ તાપીદાસ કોઠારીના પુત્રવધૂ. સિદ્ધાંતના માતુશ્રી. અસ્મિતાબેન ઉદયભાઈ ભટ્ટના ભાભી. ગં. સ્વ. મીનાબેન હસમુખભાઈ પરીખના પુત્રી. પરિતા દેવાંગ મેહતા તથા આદિત્યના મોટાબેન. ગં. સ્વ. રમાગૌરી રવજીભાઈ પરીખના પૌત્રી તા. ૧૨/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાથનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદીચ્ય સહસ્ત્ર બસિયા બ્રાહ્મણ**

ગામ મેઢાસણ હાલ મુલુંડ, હરગોવિંદદાસ ભટ્ટ (ઉં. વ. ૯૨) તા. ૧૩/૦૮/૨૫ને બુધવારે સ્વર્ગવાસી થયા છે. તે સ્વ. ઉમિયાબેન ડાહ્યાલાલ ભટ્ટના પુત્ર. સ્વ. સુશીલાબેનના પતિ. સ્વ. મણિલાલભાઈ, સ્વ. શિવશંકરભાઈ, સ્વ. વાસુદેવભાઈના નાનાભાઈ. ભદ્રેશભાઈ, અમિતાબેન નીતિનકુમાર ગોર, વિજયભાઈના પિતા. હિના, ડિમ્પલના સસરા. સ્વ. ડાહ્યાલાલ દામોદરદાસ ગોરના જમાઈ. પ્રાર્થનાસભા રાખી નથી. લૌ. વ્ય. બંધ છે. ઉત્તરક્રિયા મુલુંડ મુકામે રાખી છે.

**બાલાસિનોર દશાનિમા વણિક**

બાલા સિનોર નિવાસી હાલ કોલકાતા મોહિત કુમાર મહેતા (ઉં. વ. ૮૦) શનિવાર તા. ૨-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. કાંતિલાલ સાકરલાલ મહેતા અને સ્વ. કલાવતીબેન કાંતિલાલ મહેતાના પુત્ર. સ્વ. ઓચ્છવલાલ કડકિયા અને સ્વ. મણીબેન ઓચ્છવલાલ કડકિયાના જમાઇ. મિનાક્ષીબેનના પતિ. લવ અને સ્નેહના પિતા. પ્રાચી અને સિદ્ધાર્થ કુમારના સસરા. સ્વ. ઊર્મિલાબેન, વંદનાબેન, અરવિંદભાઇ, જયોત્સનાબેન, આશાબેન, સ્વ.રાજેશભાઇના ભાઇ. લૌકિક પ્રથા બંધ છે.

**શ્રીમાળી સોની**

મૂળ ગામ માંડવી હાલ થાણા સ્વ. કાંતિલાલ શંભુલાલ સોની (ચરાડવા) (ઉં. વ. ૮૨) તા. ૧૩-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે લક્ષ્મીબેનના પુત્ર. તરુણભાઇ, જયેશભાઇ, દિપીકાબેન વડાલીયા તથા સંગીતાબેન આડેસરાના પિતાશ્રી. અ. સૌ. અમિતાબેન, અ. સૌ. આશાબેન, ચી. જયેશકુમાર તથા ભાવેશકુમારના સસરા. ચૈતન્ય, રાધિકા, દેવાંશી તથા ભવ્યાના દાદા. ધારેશ, રિષભ, દેવેન તથા મયંકના નાનાજી. પ્રાર્થનાસભા તા. ૧૫-૮-૨૫ના સાંજે ૪થી ૫. ઠે. ટીટોરા કોમ્યુનિટી હોલ, લોઢા સ્પેલેન્ડોરા, જી.બી. રોડ, થાણા (વેસ્ટ).

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર પ્રવીણચંદ્ર શાહ તે વેણીલાલ છગનલાલ શાહ (ઘીવાળા)ના સુપુત્ર. ઉષાબેનના પતિ. રાકેશ, જતીનના પિતાશ્રી. સ્વ. મનહરલાલ, સ્વ. કીરીટભાઇ, મયૂરભાઇ,બીપીનભાઇ, સ્વ. દિનકળાબેન ધીરજલાલ મહેતા, સ્વ. અનિલાબેન અનંતરાય અજમેરા, ગં. સ્વ.જયોતિબેન કીરીટકુમાર પારેખ, સ્વ. મૃદુલાબેન વિનોદરાય સંઘરાજકા ઇલાબેન કીરીટકુમાર મહેતાના ભાઇ. સ્વાતી, રૂપલના સસરા. સ્વ. ચીમનલાલ હિરાલાલ શાહ (નૈરોબી)ના જમાઇ. તા. ૧૩-૮-૨૫ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૫-૮-૨૫ શુક્રવારે લાયન્સ કોમ્યુનીટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (પૂર્વ), સાંજે ૪થી ૬.

**કચ્છી લોહાણા**

મુલરાજ શામજી પોપટ તુલસીદાસ ખટાઉના વચેટ જમાઇ. ઇન્દુબેનના પતિ. ચી.હિતેશ, દીપાના પિતાશ્રી. અર્ચના, હિરેનના સસરા તા. ૧૦-૮-૨૫ના શ્રીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૫-૮-૨૫ શુક્રવારના ૪થી ૬. ઠે. હોલ ઓફ કલ્ચર, નેહરુ સેન્ટર, વરલીમાં રાખેલ છે.

## ૬૦ કરોડનો ચૂનો

૨૦૨૩ દરમિયાન એક સુનિયોજિત કાવતરું ચલાવવાનો આરોપ મૂક્યો હતો, જેમાં તેમણે વ્યવસાયિક હેતુઓ માટે પૈસા લીધા હતા અને તેને વ્યક્તિગત ખર્ચ માટે વાપરી દીધા હોવાનો આરોપ છે. આ સમગ્ર મામલે જુહુ પોલીસ સ્ટેશન છેતરપિંડીનો કેસ નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં કરોડ રૂપિયા છેતરપિંડીનો આરોપ હોવાના કારણે આ કેસ ઈઓડબ્લ્યુને એટલે કે, આર્થિક ગુના શાખાને સોંપવામાં આવ્યો હતો. ઈઓડબ્લ્યુ દ્વારા હવે કેસની તપાસ કરવામાં આવી રહી છે.

## જૂનાં વાહનો પર

લાદવાનો આદેશ આપવામાં આવ્યો છે. આરટીઓ કચેરીઓને તેમની ફ્લાઈંગ સ્ક્વૉડ દ્વારા જપ્ત કરાયેલા વાહનોને એચએસઆરપી ન મળે ત્યાં સુધી છોડવા ન દેવાનો નિર્દેશ આપતા પરિપત્રમાં તેમને એચએસઆરપી વગર વાહનોની પુનઃ નોંધણી, વાહનોમાં ફેરફાર અને વાહન પરમિટનું નવીનીકરણ બંધ કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો છે. તેમાં તે તારીખ પછી નંબર પ્લેટ વગરના વાહનો અથવા એપોઇન્ટમેન્ટ વગરના વાહનો સામે ફ્લાઈંગ સ્ક્વૉડ દ્વારા કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપવામાં આવી છે.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

**પાટણ વિસા શ્રીમાળી જૈન**

પાટણ નિવાસી મહાલક્ષ્મીમાતા પડાનાં હાલ વરલી, સ્વ. રસિકલાલ ગૌતમલાલ શાહનાં સુપુત્ર સંજયભાઈનાં ધર્મપત્ની જીતાબેન (ઉં. વ. ૬૫) હર્ષલ, અંકિતનાં માતુશ્રી. નિશીતા, પૂજાનાં સાસુ. રાજેશ, મયુર અને સંગીતા કેતનકુમારનાં ભાભી. કોકિલાબેન અરવિંદકુમાર શાહનાં સુપુત્રી. તા. ૧૦/૮/૨૫ના અરિહંતશરણ પામેલ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

કપાયાના શાંતિલાલ હંસરાજ ગોગરી (ઉં. વ. ૭૯) ૧૨/૦૮/૨૫ના અવસાન પામેલ છે. ખેતબાઈ હંસરાજ ભચુના સુપુત્ર. સ્વ.પ્રભાના પતિ. સ્વ. વિપુલ, રિંકુ, કલ્પેશના પિતા. સ્વ.પાનબાઈ, સ્વ.કાંતિલાલ, ઝવેર, સ્વ. જયંતીલાલ, હરીશના ભાઈ. ભુજપુર સ્વ. મણીબેન કુંવરજી કરમશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. શાંતિલાલ હંસરાજ ગોગરી, સી/૨૦૧, છેડા અપાર્ટમેન્ટ, એક્સીસ બેંક્ની સામે, નાલાસોપારા (વે.), ૪૦૧૨૦૩.

મોટા આંસબીયા ના શ્રી મિલિન સાવલા (ઉં. વ. ૪૧) તા. ૧૩-૮-૨૫ ના અવસાન પામેલ છે. સ્વ. મીના/ચારૂ હરખચંદના પુત્ર. પૂર્વીના પતિ. અર્શના પિતા. ઍડ. શ્રેયાંશ, કુણાલના ભાઇ. બિલોદરા રેખાબેન શૈલેશભાઇ પોપટલાલ શાહના જમાઇ. પ્રા. વર્ધમાન સ્થા. જૈન સંઘ હોલ, એલ.ટી. રોડ, ડાયમંડ સિનેમાની સામે, બોરીવલી (વે), ટા. ૪ થી ૫.૩૦. નિ. મિલીન સાવલા, ૧૦૫ પહેલો માળ, આદર્શ બિલ્ડિંગ, ૫૧ ટી.પી.એસ. રોડ મધુબન સોસાયટીના સામે, બોરીવલી (વે.).

તલવાણા (હાલે આકોલા)ના શ્રી લાલજીભાઈ લખમશી દેઢિયા (ઉં. વ. ૮૬) તા. ૧૨ /૮/૨૫ના અવસાન પામેલ છે. સ્વ. લીલાબાઈ લખમશી દેઢિયાના સુપુત્ર. સ્વ. સુશીલાના પતિ. હસમુખના પિતા. સ્વ. કેશવજી તથા સ્વ. મગનભાઈના નાના ભાઈ. બિદડા સ્વ. હાંસબાઈ હિરજી ધરમશી વોરાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે.: હસમુખ લાલજી દેઢિયા, વીએચબી કોલોની, આઈટીઆઈ કોલેજ ની સામે, રતનલાલ પ્લોટ, અકોલા.

છસરાના નાનબાઈ શામજી કુંવરજી ગંગર (કુલ્લા) (ઉં. વ. ૯૫) તા. ૧૩.૮.૨૫નાં અરિહંત શરણ પામેલ છે. પબામા કુંવરજી ગંગરના પુત્રવધૂ. શામજીભાઈના ધર્મપત્ની. ઝવેરબેનના જેઠાણી ગામ છસરાના રતાબેન હંસરાજ ગાલાના સુપુત્રી. મમીબાઈ, ભવાનજી, ઉમરશી, દેવજી, ખીમજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન/ વોટ્સએપ/મેસેજ રૂબરૂ તુલ્ય ગણશોજી. ઠે. વિપુલ ગાલા-૧૫૦૧, માહીર, શિંપોલી રોડ, અદાની ઇલેક્ટ્રિસિટી પાસે, બોરીવલી (વેસ્ટ).

છસરાના અમૃતબેન પોપટલાલ ગાલા (ઉં. વ. ૭૪) તા.૧૩/૮/૨૫ના, અવસાન પામેલ છે. મા.વેલબાઈ કુંવરજી ઘેલાના પુત્રવધૂ. સ્વ.પોપટલાલના પત્ની. ભારતીબેન, ભાવેશના માતા. રતાડીયા (ગ.) લક્ષ્મીબેન ખીમજી ધનજી સાવલાના સુપુત્રી. રંજન, વલ્લભજી, વિમળા, શાંતાબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે.ભારતી છેડા, ૧૦૧, એ વીંગ, ન્યુ અવંતીકા કો.હા.સો., રાજાજી રોડ, ડોંબિવલી (ઇ).

સણોસરાના શ્રી લખમશી નરશી નાગડા (ઉં. વ. ૮૩) તા. ૧૩-૮-૨૫ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી ગંગાબાઇ નરશી વાલજી ના સુપુત્ર. દેવકાંબેનના પતિ. વંદના, રશ્મિ, શિલ્પા, જયેશના પિતા. પ્રેમજી, રવજી, ખીંયશી, ધનજી, કલ્યાણજી, આસબાઈ, સુંદરબેન, અમૃતબેનના ભાઇ. ગઢશીશાના દેમીબાઇ ઉમરશી દેઢિયાના જમાઇ. પ્રાર્થના : શ્રી હાલારી વિશા ઓસવાલ સમાજ, રણજીત સ્ટુડીઓની સામે, દાદર (ઈ).ટા. : બપોરે ૪ થી ૫.૩૦ નિ. : જયેશ નાગડા, ૪૦૧, કાંતિ જવેલ્સ, મહાવીર ગ્રુપ, વસઇ (વે).

પ્રાગપુરના કિરીટ સંગોઇ (ઉં. વ. ૬૩) તા. ૧૪/૮/૨૫ના અવસાન પામેલ છે. સ્વ.નિર્મળાબેન ગાંગજી લાલજી સંગોઈ ના સુપુત્ર. કુસુમના પતિ. સ્વ.ભક્તિ અને હાર્દિકના પિતાશ્રી. ગુંદાલા સાકરબેન વેલજી રાંભિયાના જમાઈ. વિનોદ, જયેશ, ચેતના, પિયુષના ભાઈ.પ્રાર્થના રાખેલ નથી, ઍડ્રેસ : કુસુમબેન સંગોઇ, સી ૨, પ્રેરણા આશિષ, સંગીતાવાડી, ડોમ્બિવલી (ઇસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ મુલુંડ રમણિકલાલ જયંતીલાલ ગાંધીના ધર્મપત્ની અ. સૌ. ભાનુબેન (ઉં. વ. ૮૬) તા. ૧૦-૮-૨૫ના રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે સોનલ અતુલ શાહ, સેજલ વિપુલ શેઠ, શીતલ સચીન પરીખના માતુશ્રી. ધ્વની જીતેન્દ્રકુમાર પરમાર, લબ્ધી પ્રતિક ભટ્ટ, ક્રિશા મોનિલ દોશી, વ્યોમા, અન્વીના નાની. પિયર પક્ષે કેશવલાલ નાનચંદ દોશીના દીકરી. ગુણવંતરાય જયંતીલાલ ગાંધીના ભાભી. તીર્થવંદના તા. ૧૭-૮-૨૫ના ૧૦થી ૧૨. ઠે. પદમાવતી બેન્કવેટ હોલ, ૫-૬ માળે, પ્રકાશ કમર્શિયલ પ્લાઝા, એમ.જી. રોડ, શિવસેના ઓફિસની ઉપર, મુલુંડ (વેસ્ટ).

કોળીયાક ભાવનગર નિવાસી હાલ માટુંગા સ્વ. રમણિકલાલ ઉમેદચંદ શાહના ધર્મપત્ની લીલાવંતીબેન (ઉં. વ. ૮૬) તા. ૧૪-૮-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે રાજેન્દ્રભાઇ, કેતનભાઇ, યતીનભાઇ અને ગીતાબેન પ્રફુલભાઇ દોશી, અમિતાબેન શરદભાઇ મહેતાના માતા. આશાબેન, મનીષાબેન અને હર્ષાબેનના સાસુ. કરણ, ઉષ્મા, દેવાંશી અને નિધિના દાદી. હર્ષિત, મેઘા, અનિરુદ્ધ-અંકિતા, ધવલ-મીતિ, ઋષભના નાની. પિયર પક્ષે ચિતલ નિવાસી ખાંતીલાલ જગજીવનદાસ મહેતાના દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દ. સ્થા. જૈન**

મોરબી નિવાસી હાલ દાદર-મુંબઇ સ્વ. જશવંતીબેન ગુણવંતરાય દફતરીના સુપુત્ર ભરતભાઇ (ઉં. વ. ૭૭) તે સ્વ. ઇલાબેનના પતિ. અ. સૌ. પૂર્ણા હેમાંશુભાઇ શાહ, અ. સૌ. કેજલ પ્રતીકભાઇ વાર્શનેના પિતા. અરિથ તથા ચિ. વિહાનના નાના. મોરબી નિવાસી હાલ માટુંગા સ્વ.કાંતાગૌરી અમૃતલાલ મહેતાના જમાઇ. સ્વ. મનોજભાઇ દફતરી. અ. સૌ.હંસા અશોકભાઇ શાહ, અ. સૌ. રીમા કિરણભાઇ ભાયાણીના મોટાભાઇ. તા. ૧૩-૮-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ મનફરાના નવીનભાઈ પોપટભાઈ કાનજી રાંભિયા (ઉં. વ. ૫૭) શનિવાર તા. ૯-૮-૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. રંજનબેન/ ગૌરીબેન પોપટભાઈ કાનજીના સુપુત્ર. શિલાબેનના પતિ. પાર્થ, હર્ષિતાના પિતાશ્રી. સૌમિલના સસરા. લાકડીયાના ખેતઈબેન ખેરાજ ગાલાના જમાઇ. પ્રાર્થના સભા શુક્રવાર તા. ૧૫.૦૮.૨૫ સમય ૨ થી ૩.૩૦ સ્થળ. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી કરશન લધુભાઈ નિસર,હોલ, દાદર-વેસ્ટ.


ગામ સુવઈના નિતીન પોપટલાલ નોંઘા છાડવા (ઉં. વ. ૫૩) તા.૧૩-૮-૨૫ અવસાન પામેલ છે. ગં.સ્વ.અમૃતબેન પરબત રાણાના સુપુત્ર, નિતાબેનના પતિ, રીધમ,કિશાના પિતાશ્રી,વિનોદ, ચંદ્રકાંત, લક્ષ્મી, રસીલા, પ્રિતી, ફેનીના ભાઈ. ગં.સ્વ.કેસરબેન પ્રેમજી વીરજી બૌવાના જમાઈ. પ્રાર્થના સભા તા.શનિવાર તા.૧૬-૮-૨૫ સમય સવારે ૧૦.૩૦ થી ૧૨. સ્થળ.શ્રી થાણા વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ.


| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મેટિની

# ‘શોલે’ની સિક્વલનું બાળમરણ કઈ રીતે થયું?

**બરાબર ૫૦ વર્ષ પહેલા રિલીઝ થયેલી સિપ્પી પ્રોડક્શનની ફિલ્મ ‘શોલે’ ધામધૂમથી રિ-રિલીઝ કરવાની તૈયારી થઈ છે, જ્યારે એ જ ગાળામાં રજૂ થઈને સુપર હિટ પુરવાર થયેલા ધાર્મિક ચિત્રપટ ‘જય સંતોષી મા’ માટે કોઈ ભક્તિભાવ નથી દેખાતો...**




## કવર સ્ટોરી

**હેમા શાસ્ત્રી**

‘પચાસ પચાસ સાલ પહેલે જબ ‘શોલે’ રિલીઝ હુઈ થી તબ સમીક્ષક કેહતે થે કી યે ફ્લોપ ફિલ્મ હૈ. લેકિન યે દર્શકોને ફિલ્મ કો બ્લોકબસ્ટર બનાકે સમીક્ષક કા નામ પુરા મિટ્ટી મેં મિલાઈદિયા...’

૫૦ વર્ષ પહેલાં જો કોઈ દર્શક આવો કોઈ ડાયલોગ ફટકાર્યો હોય તો આજે એની નવાઈ ન લાગવી જોઈએ...

આજે ૧૫ ઓગસ્ટ ૨૦૨૫. બરાબર ૫૦ વર્ષ પહેલા (૧૫ ઓગસ્ટ, ૧૯૭૫) સિપ્પી પ્રોડક્શનની એક્શન એડવેન્ચર ફિલ્મ ‘શોલે’ રિલીઝ થઈ હતી. ૫૦ વર્ષની ઉજવણી નિમિત્તે છઠ્ઠી સપ્ટેમ્બરે યોગાનુયોગ ૫૦મું વર્ષ ઉજવી રહેલા ‘ટોરોન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ’ વખતે ફિલ્મની ભવ્યતાને છાજે એવા ૧૮૦૦ સીટની ક્ષમતા ધરાવતા આલિશાન થિયેટર ‘રોય થોમસન હોલ’માં સ્પેશિયલ શોનું આયોજન કરવામાં આવ્યું છે. ફિલ્મની જાળવણીનું અદ્ભુત અને નેક કામ કરતી સંસ્થા ‘ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન’એ સિપ્પી ફિલ્મ્સ પ્રાઈવેટ લિમિટેડના સહયોગમાં ‘શોલે’ ફિલ્મની પ્રિન્ટની જાળવણી કરી એને બહેતર સ્વરૂપમાં મૂકી છે.

આ અગાઉ ૨૭ જૂને ઈટલીના બલોનિયા શહેરના એક વિશાળ ઓપન એર થિયેટરમાં’શોલે’ના વિશેષ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. શોનીખાસિયત એ હતી કે દર્શકોને મૂળ અંત (ઠાકુર ક્રૂરતાથી ગબ્બરને મારી નાખે છે) અને કાઢી નાખવામાં આવેલા કેટલાક સીન સાથેની ફિલ્મ જોવા મળી.

આધારભૂત માહિતી અનુસાર ત્રણ કરોડ રૂપિયાના બજેટમાં બનેલી એ ફિલ્મ ૩૫ કરોડનો વકરો કરવામાં સફળ રહી હતી. મિસાલ બની ગયેલી આ ફિલ્મ પર આધારિત એક ચિત્રપટ (‘રામગોપાલ વર્મા કી આગ’) ૨૦૦૭માં રિલીઝ થઈ હતી, પણ થિયેટરના દરવાજે પહોંચવાને બદલે દર્શકોએ ફિલ્મનેજ દરવાજો દેખાડી દીધો. ફિલ્મ તદન ફ્લોપ થઈ અને એને એક વાહિયાત ફિલ્મનું લેબલ લાગ્યું એ છોગામાં...

‘શોલે’ની રિ-મેક બનાવાય જ નહીં’ એવું રમેશ સિપ્પી નહોતા માનતા, પણ એ અંગે વિશેષ ઉત્સુકતા પણ નહોતી દેખાડી. અલબત્ત, સિક્વલ બનાવવાની સંભાવના પર વિચાર કરવામાં આવ્યો હતો ખરો. જોકે, ફિલ્મનાઅંતમાં જય મૃત્યુ પામે છે અને ફિલ્મના ઓરિજિનલ એન્ડમાં તો ગબ્બર સિંહ પણ માર્યો જાય છે. આમ ફિલ્મના બે મહત્ત્વનાં પાત્ર વિના વાર્તા કેવી રીતે અને કઈ દિશામાં આગળ વધારવી એની વિમાસણનો ઉકેલ રમેશ સિપ્પીને ક્યારેય ન મળ્યો એટલે સિક્વલના આઈડિયાનું પણ પોટલું બાંધી માળિયાપર ચડાવી દેવામાં આવ્યું હતું. જોકે, તાજેતરમાં રમેશ સિપ્પીએ સિક્વલની સંભાવનાની દિશામાં આંગળી ચીંધી જણાવ્યું હતું કે ’જો કથા આગળ કેવી રીતે વધારવી એનો વ્યવસ્થિત તંતુ મળી જાય તો સિક્વલ બનાવવા વિશે વિચાર કરી શકાય.’

રામગોપાલ વર્માએ તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે રમેશ સિપ્પીનોભત્રીજો સાશા સિપ્પી ફિલ્મની સિક્વલ બનાવવા ઉત્સુક હતો. વાર્તામાં અણધાર્યો વળાંક લાવી સાશાએ ગબ્બર સિંહ અને હેલનના એક દીકરાને ‘જુનિયર ગબ્બર’ તરીકે રજૂ કરવાની તેમજ વીરુ - બસંતી (ધર્મેન્દ્ર - હેમા માલિની)ના બે સંતાન પેશ કરવાનું પ્લાનિંગ કર્યું હતું. વીરુ - બસંતી જ્યારે રાધા (હેમા માલિની)ને મળવા જાય છે ત્યારે જુનિયર ગબ્બર વીરુ - બસંતીનુંઅપહરણ કરે છે અને દંપતીના બાળકો માતા - પિતાને છોડાવવા સજ્જ થાય છે એ રીતે વાર્તા આગળ વધે છે. વાત હજુ આગળ વધારી એમાં અંગ્રેજી ફિલ્મોના પ્રસિદ્ધ એક્શન હીરો જેકી ચેનનું પાત્ર ઉમેરવાની પણ યોજના હતી. વિશ્વ વિખ્યાત અભિનેતા જેકી ચેનની હાજરીથી ફિલ્મ ચીન અને વિદેશમાં અનેક ઠેક ાણે આવકાર મેળવશે એવી ગણતરી સાશા સિપ્પીની હતી.

જોકે, રામગોપાલ વર્માએ આ આઈડિયા રિજેક્ટ કર્યો હતો. એ સમયે સાશા સિપ્પી રમેશ સિપ્પી સાથે મિલકતના વિવાદમાં અટવાયો હોવાથી તેમની સમક્ષ આ આઈડિયાનીરજૂઆત કરી શકે એમ ન હતું. અંતે એ વિચારનું બાળમરણ થયું.

### મૈં તો આરતી ઉતારું રે...

૧૯૭૫માં જ અને ‘શોલે’ સાથે જ ૧૫ ઓગસ્ટે રિલીઝ થઈ એવી રીતે પ્રોજેક્ટ કરવામાં આવી હતી એ ‘જય સંતોષી મા’ ૩૦ મે, ૧૯૭૫ના દિવસે રિલીઝ થઈ હોવાની આધારભૂત જાણકારી છે. અલબત્ત, આજથી ૫૦ વર્ષ પહેલા ઓલ ઈન્ડિયા રિલીઝની પ્રથા નહોતી. એટલે અમુક ઠેકાણે એ ૧૫ ઓગસ્ટે પ્રદર્શિત થઈ હોય એ સંભાવના છે. શરૂઆતના મોળા પ્રતિસાદ પછી ‘શોલે’ની જેમ માઉથ પબ્લિસિટી અને ખાસ તો કવિ પ્રદીપ લિખિત, સંગીતકાર સી. અર્જુને સ્વરબદ્ધ કરેલા ઉષા મંગેશકરના સ્વરમાં રજૂ થયેલા ‘મૈં તો આરતી ઉતારું રે સંતોષી માતા કી’ને મળેલી slapnee લોકપ્રિયતાને કારણે ફિલ્મ જોવા દર્શકો, વિશેષ તો ગૃહિણીઓની ભીડ ઉમટવા લાગી. ખાસ મહિલાઓ માટેના શો રાખવામાં આવ્યા હતા.


આ તરફ ‘શોલે’ રિલીઝ થઈ એ સમય ‘જય સંતોષી મા’ની લોકપ્રિયતાની ભરતીનો પ્રારંભ કાળ હતો. ઊડીને આંખે વળગે એવી વાત એ છે કે ‘શોલે’ના ઘંટનાદમા. ‘જય સંતોષી મા’ની ઘંટડીનો અવાજ દબાઈ ન ગયો. ચાર થિયેટરમાં સિલ્વર જ્યુબિલી અને ‘અલંકાર’ના મેટિની શોમાં ૭૫ અઠવાડિયા ચાલી ‘સંતોષી મા..’ હતી. ૧૯૫૦ના દાયકામાં મુખ્યત્વે માઈથોલોજિકલ ફિલ્મોમાં સફળતા મેળવનારીઅભિનેત્રી અનિતા ગુહાએ અહીં સંતોષી માનો રોલ કર્યો હતો. ફિલ્મના બજેટ - કલેક્શનના આધારભૂત આંકડા અનુસાર ૧૦ લાખના બજેટ સામે ફિલ્મ પાંચ કરોડનો વકરો કરી શકી હતી. રિટર્ન ઓફ ઈન્વેસ્ટમેન્ટ (કેટલા ટકા છૂટ્યા)ની ગણતરીએતો ‘જય સંતોષી મા’ સિપ્પીની ‘શોલે’ કરતાં અનેકગણી સફળ રહી હતી.

નવાઈની વાત એ છે કે આ ફિલ્મે પણ ૫૦ વર્ષ પૂર્ણ કર્યા હોવા છતાં એની રિ- રિલીઝની કે સ્પેશિયલ શોનું કોઈ આયોજન નથી જોવા મળતું. હિન્દી ફિલ્મોના ઈતિહાસમાં એક જ નામની એકથી વધુ ફિલ્મો બની હોય એવા ઘણા ઉદાહરણ છે. ૧૯૭૫ પછી ૨૦૦૬માં પણ ‘જય સંતોષી મા’ બની હતી. જોકે, બીજા પ્રયાસમાં ધાર્મિકતા કેન્દ્રમાં નહોતી બલકે ફેમિલી ડ્રામા અને ભક્તિનું મિશ્રણ હતું. ફિલ્મ ક્યારે આવી ને ક્યાં ગાયબ થઈ ગઈ ખબર જ ન પડી. ૧૯૭૫ની ફિલ્મના કલાકારોએ હિન્દીમાં આ જ નામથી નાટક ભજવ્યું હતું પણ એ સદંતર નિષ્ફળ નીવડ્યું હતું. ■

## સ્ટાર-ચાર-કલાકાર

**સંજય છેલ**

# ફિલ્મ્સ ને ફ્રીડમ : ઈટ હેપન્સ ઓન્લી ઈન ઈન્ડિયા...!


અછૂત કન્યા






૭૦-૮૦ના દાયકામાં એક જોક પ્રખ્યાત હતોઃ

ભારતની સરહદ પર રશિયન કૂતરો અને ભારતીય કૂતરો એકબીજાને મળે છે. એ વખતે રશિયામાં સામ્યવાદી કડક રાજ હતું અને ભારતમાં ભૂખમરીનું...ભારતીય કૂતરો સાવ મરિયલ અને રશિયન કૂતરો એકદમ તગડો. રશિયન કૂતર ભારતીય કૂતરાને કહે છે : ‘તું રશિયા કેમ નથી આવી જતો? ત્યાં ખાવા-પીવાના જલસા છે. સરકાર બધૂં પૂરું પાડે છે!’ તો ભારતીય કૂતરો કહે છે :

‘તમારા સામ્યવાદી રશિયામાં ખાવાપીવાની સગવડ છે પણ ભસવાની છૂટ નથી ને? અહીંયા ભૂખે પેટ તો ભૂખે પેટ પણ ભસવા તો મળે છે!’

જી હાં, આઝાદીની આ જ વ્યાખ્યા છેઃ ‘બોલવાની અને જે ન ગમે એની ભસવાની આઝાદી!’

આજે ફરી હોંશે હોંશે ૧૫મી ઓગસ્ટ મનાવીશું. આપણી આઝાદીનો દિવસ ફરી એકવાર મનાવી લેશું, પણ શું આપણે સ્વતંત્રતા દિવસનો મતલબ સમજીએ છીએ?

એક ફિલ્મ પ્રોડ્યુસર બાપે એના ફિલ્મી દીકરાને પૂછ્યું : બેટા, ૧૫મી ઓગસ્ટનું શું મહત્ત્વ છે આપણાં દેશમાં?’

ફિલ્મી દીકરાએ કહ્યું : ‘આપણને ૧-૨ મોટી ફિલ્મ રિલીઝ કરવા મળે! પબ્લિક હોલી-ડે હોય ને?’

આઝાદીનાં વર્ષો વિત્યા બાદ ઘણાં લોકો માટે પણ ૧૫ ઓગસ્ટ રજાનો દિવસ અને નવી ફિલ્મો જોવાનો દિવસ છે, પણ ના, એવું નથી, સાચા સિનેમામાં આઝાદીનો અર્થ ઘણો ઊંડો છે. એવામાં અમને મિલોસ ફોરમેનની એક ઇંગ્લિશ ફિલ્મ ‘પિપલ વર્સિસ લેરી ફ્લિંટ’, જેમાં ‘હસ્લર’ નામનાં સેક્સ-મેગેઝિનના એડિટર લેરી ફ્લિંટ પર અશ્લીલતાનો આરોપ હતો. એમાં એક પ્રેસ કોન્ફરન્સમાં લેરી પત્રકાર સામે પરદા પર અત્યંત નગ્ન ફોટા એક પછી એક દેખાડે છે અને સાથોસાથ અમેરિકાની સેનાએ વિયેટનામમાં યુદ્ધમાં જે અત્યાચારો કરેલાં એના ફોટા પણ દેખાડે છે.... નગ્ન ફોટા અને યુદ્ધની હિંસાના ક્રૂર ફોટાં બંનેને સામસામે દેખાડ્યાં પછી લેરી પૂછે છેઃ બોલો, બીભત્સ શું છે... માણસનું નગ્ન શરીર કે માણસની નગ્ન ક્રૂરતા?

અમેરિકાના રૂઢિવાદી ચર્ચ સામે લડી રહેલા એડિટરનો આ પ્રશ્ન ‘આઝાદી’ની સાચી વ્યાખ્યા છે! તો જસ્ટ વિચારીએ, શું આપણે ખરા અર્થમાં આઝાદ છીએં?

આઝાદી એટલે માત્ર દેશભક્તિના, મનોજ કુમારની ફિલ્મો કે દિલ દિયા હૈ જાન ભી દેંગે એય વતન તેરે લિયે એમ નહીં.. આઝાદીના અનેક અર્થ છે. સૌ પ્રથમ તો એકતા અને ભાઈચારો હોય ત્યાં જ સાચી આઝાદી વિકસે. મને ગર્વ છે કે હું ફિલ્મ ઇંડસ્ટ્રીમાં રોજી રોટી કમાઉં છું, જ્યાં સાચા અર્થમાં આઝાદીનું વાતાવરણ છે. મને ક્યારેય પૂછવામાં નથી આવ્યું કે હું કઇ જાતિ કે ધર્મમાંથી આવું છું, માત્ર અને માત્ર ટેલન્ટ પરથી જ દરેકની સ્વીકૃતિ કે અસ્વીકૃતિ થાય છે.

બોલિવૂડે સમાજની આઝાદીમાં જાણે-અજાણે પ્રચંડ પ્રદાન કર્યું છે, જે કોઇ પણ રાજકીય પાર્ટી કરતાં વધુ છે. ૧૪૦ કરોડ લોકોને હિંદી ફિલ્મો જ જોડી રાખે છે. ફિલ્મોની હિંદી ભાષાના તાંતણે આખો દેશ એક સાથે હસે છે- રડે છે અને અંધારામાં ઇમોશનલી એકરૂપ થાય છે. હિંદીને રાષ્ટ્રીય ભાષા તરીકે થોપવામાં આવી,પણ સાચો પ્રચાર પ્રસાર ફિલ્મોએ જ કર્યો. સરકારી હિંદી ભાષા સામાન્ય માણસને નથી સમજાતી, પણ ફિલ્મોની હિંદોસ્તાની ભાષા તરત સમજાઇ જાય છે!

અગાઉ શાસ્ત્રીય કે સુગમ સંગીત માત્ર રાજ દરબાર પૂરતું જ સીમિત હતું, પણ ફિલ્મોએ બધા પ્રકારના સંગીતને પણ ઘરે ઘરે પહોંચાડ્યું. આજે પણ ‘મેરે દેશ કી ધરતી’ કે ‘આઇ લવ માય ઇંડિયા’ જેવાં ગીતો વિના ૧૫ ઓગસ્ટ ઉજવવી શક્ય નથી! અગાઉ સાહિત્ય તો ભણેલા ઉચ્ચ વર્ગના લોકો સુધી સીમિત હતું, પણ આજે અક્ષરજ્ઞાન ના હોય એ માણસ પણ દેવદાસ જેવી નોવેલ પર બનેલી ફિલ્મ જોઇ શકે છે.

ફિલ્મો દ્વારા ગાલિબ, સાહિર, મજરુહ, કૈફી આઝમી કે આનંદ બક્ષીની રચનાઓ માણી શકે છે. બોલિવૂડે જન સામાન્યને એકજાતની આઝાદી એ અપાવી છે કે કળા માત્ર ઉચ્ચ ભદ્રલોક સુધી લિમિટેડ નથી રહી. અગાઉ અલગ અલગ જાતિના પાઘડીઓ-ટોપીઓ કે શેરવાની ધોતીકૂર્તાના પહેરવેશ હતાં... ફિલ્મોએ આપણને ફેશન શીખવી અને સમાજમાં સૌ એક સરખાં કપડાં પહેરતાં થઇ ગયા. દેવ આનંદ જેવી કેપ, રાજેશ ખન્ના જેવા ગુરુ શર્ટ કે માધુરી જેવી સાડીની ફેશન દરેક સમયે આપણે સૌએ અપનાવી છે.

એની સામે દર ૧૫મી ઓગસ્ટે નેતા લોકો ખાદી છાપ વાતો કરવા ખાતર કરે રાખે છે!

હિંદી ફિલ્મોએ ‘સુજાતા’ કે ‘અછૂત કન્યા’ જેવી ફિલ્મોથી આભડછેટનો વિરોધ કર્યો. ‘દો બીઘા ઝમીન’ કે ‘મધર ઇંડિયા’ જેવી ફિલ્મોથી કિસાનોના દર્દને વાચા આપી. ‘પ્રેમરોગ’ કે ‘કટી પતંગ’ જેવી ફિલ્મોથી વિધવા વિવાહ જેવા ઈશ્યુ ઉઠાવ્યા. ‘અમર અકબર એંથની’ જેવી મસાલા ફિલ્મથી દેશમાં કોમી એકતાની પણ વાત થઇ. ‘કિસ્સા કુર્સી કા’, ‘ન્યુ દિલ્લી ટાઇમ્સ’, ‘ફિર ભી દિલ હૈ હિંદુસ્તાની’ જેવી ફિલ્મોથી સત્તા, સરકાર અને રાજકારણ સામે અવાજ ઉઠાવ્યો. ‘અર્ધસત્ય’થી માંડીને ‘વર્દીવાલા ગુંડા’ જેવી ફિલ્મોથી પોલીસ સિસ્ટમની વાત કરી. જે કામ લાખો કિતાબો ના કરી શક્યા એ કામ ફિલ્મોએ કરી બતાવ્યું છે.

જોકે, ફિલ્મકારોને હજુ પૂરપૂરી આઝાદી મળી નથી. દાયકાઓથી દરેક નાના-મોટા ફિલ્મમેકરને સેન્સરના દમનમાંથી ગુજરવું પડે છે. આજે સેટેલાઇટ અને ઇંટરનેટ દ્વારા આપણાં ઘરોમાં વિદેશી ચેનલો દ્વારા બધું જ દેખાય છે, પણ હિંદી ફિલ્મમાં આપણે વર્ષો જૂની ઘરેડને લીધે અને સેન્સરના વિચિત્ર નિયમોના લીધે વાસ્તવિકતા ખૂલીને દેખાડી નથી શકતા. હવે તો જાતિ ને ધર્મના ટોળાઓ સરકાર દ્વારા સેન્સર થયેલી ફિલ્મોને પણ રજૂ નથી થવા દેતા અને એની સામે સરકારો વોટબેંકને કારણે લાચાર છે. આજે દેશને વૈચારિક આઝાદી અપાવનાર ફિલ્મમેકરો ૧૦૦% આઝાદ દેશમાં આઝાદ નથી!

ચલો, વો સુબહ કભી તો આયેગી...

ત્યાં સુધી, મેરે દેશ કી ધરતી સોના ઉગલે ઉગલે હીરે મોતી.... મેરે દેશ કી ધરતી.... ■

# સમય બદલવાનું શીખવે... અટકવાનું નહીં!

## સાત્વિકમ્ શિવમ્

**અરવિંદ વેકરિયા**

વ્યકિત એક રૂમમાં રહે તો ‘પ્રાઈવસી’ પણ જળવાય રહે. એકાંત અને એકલતા બંને અલગ અનુભવ હોય છે. એકાંત એ પોતાની પસંદગી છે, એકલતા એ સ્વજનોએ આપેલો ઉપહાર. કલાકારોને આવી પળ આવતી હોય કારણ કે એ ‘કલાકાર’ હોય છે..

હવે અમારી નૈરોબી નાટ્ય પ્રવાસની કથા આગળ વધારીએ..

અમે બધા કલાકારો લોહાણા વાડી’માં પહોંચ્યા કે સિદ્ધાર્થે કહી દીધું, ‘ મારા કલાકારો અહીં નહીં રહે’. એ સાચો પણ હતો. ત્યાં લોખંડના પટ્ટીવાળા પલંગો લાઈન સર ગોઠવેલા હતા. કપડા-સામાન રાખવા માટે બે-ચાર કબાટ પણ હતા. અમે ગુજરાત-સૌરાષ્ટ્રની ટુર કરતાં ત્યારે હોટલની રૂમ અને ટુ-પર્સન શેરીંગમાં રહેતી. અહીં તો...? એ જોતાં સિદ્ધાર્થનો વિરોધ યોગ્ય પણ હતો. આમ તો ‘યુનિટ’નું અ’ટીમવર્ક’ બનેલું હોય, પણ સૌના જાગવાના કે રાત્રે ઊંઘવાના સમય અલગ જ હોવાના. બે

સિદ્ધાર્થની વાત ઉપર સ્પોન્સર રાજાણી જરા પણ ગુસ્સે ન થયા કે એમણે ફાળવેલી જગ્યા માટે ફરિયાદ મનાવવાનો પ્રયત્ન પણ ન કર્યો.એમણે સીધું પૂછ્યું, ‘ તમારાં ધ્યાનમાં હોય તો તમે સજેસ્ટ કરો’. સિદ્ધાર્થ -જતીન પહેલાં નૈરોબી આવી ગયા હશે એટલે સિદ્ધાર્થે તરત કહ્યું કે અહીં ‘અજી-હાઉસ’ છે, છે તો ગેસ્ટ-હાઉસ પણ હોટલથી કમ નથી. ત્યાં બધાને ફાવશે અને પ્રાયવસી પણ જળવાશે’ રાજાણીએ હકારાત્મક અભિગમ બતાવતાં કહ્યું,’ અડધો કલાક આપો, ત્યાં ફિક્ષ કરી આપું છું. ‘યોગ કરો કે ન કરો પણ જરૂર પડે એકબીજાને સહયોગ જરૂર કરજો ’ એ વાતનો અમલ રાજાણીએ કોઈ પણ દલીલમાં ઉતર્યા વગર કર્યો.

અડધાકલાકમાં તો જેમ લોહાણા વાડીમાં આવેલાં એ જ રીતે કારમાં અજી-હાઉસ પહોંચ્યાં. સુંદર આવાસ, ચોખ્ખાઈ પણ સ-રસ. રૂમમાં બેને બદલે અમે ત્રણ, હું-સનત-


નૈરોબી નાટ્ય-પ્રવાસઃ અમારી કલાકારોની ટીમ...

સચ્ચું એક રૂમમાં, રસિક-કેતકીની રૂમ, રાજેન્દ્ર સાવલા-જસ્મીન સાવલા અને સિદ્ધાર્થ - જતીન માટે એક-એક રૂમ. રજની શાંતારામ એકલા એમને એક રૂમ. સરસ વહેંચણી થઈ ગઈ. અજી-હાઉસમાં સવારે વેજ. બ્રેકફાસ્ટ, બપોરે મજાનું લંચ અને સાંજે ચા-નાસ્તો પણ અદભુત. રાત્રે લગભગ શો પછી રાજાણી એન્ડ ગ્રુપ વતી અલગ- અલગ જગ્યાએ ડિનર. ત્યાં ‘થિયેટર ઓફ કેનિયા’ નામક સુંદર ઓડિટોરિયમ, જ્યાં અમારે નાટકો પરફોર્મ કરવાનાં હતાં. સાંભળ્યાં મુજબ હાલ એ થિયેટર અસ્તિત્વમાં નથી, કદાચ હું ખોટો પણ હોઈ શકું.

અજી-હાઉસથી થોડું ચાલીને જાવ એટલે ત્યાની માર્કેટ આવી જાય. જ્યાં બધું મળતું. ખાસ તો ઘરે એસ.ટી.ડી./ફોન કરવા અહીં જ આવવું પડે.

અમે અહીં આવવા નીકળવાના હતા ત્યારે કોઈએ કહેલું કે તમે ‘બાબા-તંબાકુ’નાં ડબ્બા અને સોપારી લઈ જજો. ત્યાં ત્રણ ગણા ભાવમાં વેંચી શકશો. સનત-સચ્ચુએ કાઈ લીધું નહોતું પણ મેં તંબાકુનાં બે ડબ્બા અને બે કિલો સોપારી ભેગાં લીધેલાં. ત્યાં શિલિંગની કરન્સી માટે શોની નાઈટ સામે એડવાન્સ લઈ શકાય, પણ આવ્યાને તરત માગવા? વિચાર્યું કે માર્કેટ નજીક છે તો ત્યાં જઈ લાવેલ વસ્તુ વેંચી શકાય. ત્યાં બધાને બ્લેક-નીગ્રોની બીક બહુ લાગે, હજી પણ લાગે છે. હું,સનત,સચ્ચું અને રસિક દવે ચાલતાં માર્કેટ પહોંચ્યા. ત્યારે હું ૧૨૦ તંબાકુનાં માવા ખાતો. અમે પાન-માવા મળતા હતા એ શોપ પર પહોંચ્યા.મેં કેવો માવો જોઈએ છે એ ઈંગ્લિશમાં સમજાવવાનો પ્રયત્ન કર્યો. એ અમને ઓળખી ગયો કે અમે ગુજરાતી છીએ એટલે પ્યોર કાઠયાવાડી ભાષામાં કહેવા લાગ્યો,’તમારે હોપારી હાર્યે ૧૨૦ અને લવલીવાળો માવો જોઈએ શ ને?’ સિદ્દીભાઈને સીદકા વ્હાલા..એવું સાંભળેલું. આ ભાઈ જામનગરનાં સિદ્દીભાઈ હતા.

માવો ખૂબ બધો આવ્યો, ભાવ હતો ૧૦ શિલિંગ. એમાંથી રસિકે પણ લીધો. પછી મારી લાવેલ વસ્તુ માટે પૂછ્યું તો એણે તરત’હા’ પાડી અને ૧૬૦ શિલિંગ હાથમાં આપ્યાં. પછી તો હું રોજ ૧૦ શિલિંગનો માવો ખાતો થઈ ગયો. રસિક અને સિદ્ધર્થ એમાંથી હાથ મારતા !

નવાઈ એ વાતની લાગતી કે મેં તો તંબાકુ-સોપારી વેંચીને શિલિંગ લઈ લીધા પછી એ સિદ્દીભાઈ મારી જ તંબાકુ અને સોપારી મિક્ષ કરી મને આપી ૧૦ શિલિંગ લઈ લેતો. મને થતું કે વેંચવાને બદલે એને મારી પાસે રાખી હું જ બનાવતો રહેત તો કેટલા પૈસા બચી જાત ! જોકે, શિલિંગની જરૂર હતી અને એડવાન્સ લેવા નહોતાં. સમયની નાડ પારખવાની કારણકે સમય બદલવાનું શીખવે, અટકવાનું નહીં એટલે કરન્સી મેળવવાનું પારખી અટક્યાં વગર વસ્તુ વેંચી રોકડા કરી લીધા.■

**ડબ્બલ રિચાર્જ**


બાપુએ નવી કાર લીધી. પાછળ બોર્ડ માર્યું. ‘ડ્રાઈવિંગ શીખે છે, તમારું વાહન ૧૦ ફૂટ દૂર રાખો.’ કાર શીખી લીધાં પછી આગળ બોર્ડ માર્યું, ‘આઘા રહેજો, હવે આવડી ગઈ છે!’

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# ‘શોલે’ની સફળતામાં સંગીતનો અનેરો સાથ

### આર. ડી. બર્મનના સ્વરાંકન તેમ જ ભારતીય અને પશ્ચિમી ધૂનના બેકગ્રાઉન્ડ મ્યુઝિકે પણ ફિલ્મને હિટ કરવામાં મોટો ફાળો આપ્યો હતો



‘શોલે’ને મળેલી ધૂંઆધાર સફળતા પાછળ એના સંગીતનો મોટો ફાળો રહ્યો છે. અનેક દર્શકોને ગીત - સંગીત કરતાં બેકગ્રાઉન્ડ મ્યુઝિક અને એના ડાયલોગ વધુ સ્મરણમાં રહી ગયા. એક ઉદાહરણ જોઈએ :

ગબ્બર સિંહના ‘અરે સાંભા, કિતને આદમી થે?’ ડાયલોગ વખતે ડ્રમ સાથે આક્રંદ પ્રકારનો જે અવાજ સંભળાય છે એ સેલો (મોટા કદનું વાયોલિન)નો ધ્વનિ છે અને એનાથી એવી ધારી અસર ઉપજે છે કે પછી ગબ્બરના લગભગ બધા સીનમાં એનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ફિલ્મમાં પાંચ ગીત છે જેમાંથી યુગલ ગીત ‘યે દોસ્તી હમ નહીં છોડેંગે’ અને ‘મેહબૂબા મેહબૂબા’ સૌથી વધુ લોકપ્રિય સાબિત થયા. આ સિવાયના ત્રણ ગીત હતા ‘કોઈ હસીના જબ રૂઠ જાતિ હૈ’, ‘હોલી કે દિન દિલ ખીલ જાતે હૈં’ અને ‘હાં જબ તક હૈ જાન’. ફિલ્મનું સૌથી વધુ સ્મરણમાં રહી ગયેલું ગીત છે હેલન અને જલાલ આગા પર ફિલ્મવાયેલું ‘મેહબૂબા મેહબૂબા’.



આર. ડી. બર્મન

આ અફલાતૂન જિપ્સી સોન્ગ ‘મેહબૂબા મેહબૂબા’ના સ્વરાંકન માટે આર. ડી. બર્મનની પીઠ થાબડવામાં આવી હતી. જોકે, હકીકત એ છે કે ગીતની ધૂન ‘પ્રેરણા’ - ઉઠાંતરીનું મિશ્રણ જેવી હતી. થયું હતું એવું કે ફિલ્મના ડિરેક્ટર રમેશ સિપ્પી પત્ની ગીતા સાથે લંડન ફરવા ગયા હતા એ વખતે ગ્રીક સિંગર ડેમી રુસોની કોન્સર્ટમાં હાજરી આપી હતી. એ કાર્યક્રમમાં એમણે રુસોનું Say You Love Me ગીત સાંભળ્યું. ગીતા ભાભીને એ એટલું પસંદ પડી ગયું કે ‘શોલે’માં એ ધૂન પર આધારિત ગીત હોવું જ જોઈએ એવો આગ્રહ રાખ્યો. પંચમદાએ એ દરખાસ્ત સ્વીકારી લીધી અને એ ગીત રાહુલ દેવ બર્મને પોતે જ ગાયું. ગીતમાં ઈરાનિયન સંતૂરનો ધ્વનિ સંભળાય છે જે શિવકુમાર શર્માની કમાલ છે. અફઘાનિસ્તાનમાં મૂળિયાં ધરાવતા તંતુ વાદ્ય - સ્ટ્રીંગ ઈન્સ્ટ્રુમેન્ટ રૂબાબનો પણ બખૂબી ઉપયોગ ગીતમાં કરવામાં આવ્યો છે. ગીતકાર આનંદ બક્ષીના શબ્દો, આરડીનું સ્વરાંકન અને વિશિષ્ટ વાજિંત્રોના ઉપયોગથી તેમજ હેલન અને જલાલ આગાના નૃત્યની કોરિયોગ્રાફી (પી. એલ. રાજ - જંગલી, પ્રોફેસર, તીસરી મંઝિલ, ડોન સહિત અનેક ફિલ્મોના ખ્યાતનામ કોરિયોગ્રાફર)ના પર્ફેક્ટ મિશ્રણથી ગીત અવિસ્મરણીય બની ગયું. ફિલ્મમાં હેલન અને જલાલ આગાની હાજરી માત્ર ગીત પૂરતી છે. હેલન પર ગીત ફિલ્માવાયું હોય અને એમાં ગાયિકાનો સ્વર ન હોય એવું કદાચ આ એકમાત્ર ગીત હશે.

ફિલ્મનું અન્ય એક ગીત પણ પ્રેરણા કે ઉઠાંતરી અથવા નકલની કેટેગરીમાં આવે છે. હેમા માલિની પર ચિત્રીકરણ કરવામાં આવેલા ‘હાં, જબ તક હૈ જાન, જાને જહાં મૈં નાચૂંગી’ની ધૂન ઈરાનની ગાયિકા ગૂગુશના ‘જોમેશ’ ગીતની ધૂન સાથે ઘણી મળતી આવે છે અને આજે લોકોને સાંભળવું ગમતું ‘યે દોસ્તી હમ નહીં છોડેંગે’ ગીત વખતે માથા પર માટલા સાથે એક ગ્રામીણ કન્યા નજરે પડે છે. એ કોની પ્રેમિકા બને એ માટે જય (અમિતાભ) પ્રખ્યાત સિક્કો ઉછાળે છે પણ સિક્કો ધરી પર ઊભો રહી જતા બંનેમાંથી કોઈનો હક નથી એવું નક્કી થાય છે. આ જોઈ પેલી કન્યા દોડવા લાગે છે અને ત્યારે જે મજેદાર ધ્વનિ ઉત્પન્ન કરવામાં આવ્યો છે એ કેરસી લોર્ડના સિન્થેસાઇઝરની કમાલ છે.

## બ્રિલિયન્ટ બેકગ્રાઉન્ડ મ્યુઝિક...

આર. ડી. બર્મને ગીતના સ્વરાંકનમાં રાખી છે એથી વધુ ચીવટ ફિલ્મના બેકગ્રાઉન્ડ મ્યુઝિકમાં રાખી છે. ‘શોલે’ની ટાઈટલ થીમનું મ્યુઝિક (૧ મિનિટ ૪૫ સેકંડથી ૪ મિનિટ ૨૫ સેકન્ડ દરમિયાન આવતા ટાઈટલ દરમિયાન) ફિલ્મનું એક અત્યંત ઉજળું પાસું છે. ભુપિન્દર સિંહના ગિટારવાદનથી શરૂ થાય છે અને ગિટારવાદન સાથે સમાપ્ત થાય છે. પોણા ત્રણ મિનિટની આ સિક્વન્સમાં અન્ય વાજિંત્રોના સ્વર સુધ્ધાં રેલાય છે, પણ ગિટાર ઉપરાંત બોન્ગો અને વ્હિસલિંગ કર્ણપટ પર અંકિત થઈ જાય છે.

ફિલ્મની શરૂઆતમાં ટ્રેનના દ્રશ્ય વખતે ટ્રેનની સીટીના અવાજ માટે આરડીએ ઓર્કેસ્ટ્રામાં વપરાતા ‘બ્રાસ બ્લાસ્ટ’ તરીકે ઓળખાતા વાજિંત્રનો કરેલા ઉપયોગથી દ્રશ્ય સાથે ધ્વનિ સુધ્ધાં સ્મરણમાં રહી જાય છે. ચોક્કસ સમયાંતરે આ ધ્વનિનું પુનરાવર્તન થાય છે અને દ્રશ્ય આગળ વધે છે એમ એમાં અવાજનું પ્રમાણ વધે છે. એક્શન દ્રશ્યોમાં ગરમાગરમી વધે છે એમ એન્જિનનો છુક છુક અવાજ પર્કશન ઈન્સ્ટ્રુમેન્ટ (ઝાયલોફોન, બાસ ડ્રમ, ટેમ્બરિન વગેરે)ની મદદથી આબાદ ઉપસાવવામાં સંગીતકાર સફળ રહ્યા છે. જય અને વીરુ એમને સાણસામાં લેનારા પોલીસ ઓફિસર ઠાકુર બલદેવ સિંહને બચાવી લેવાનું ઉમદા કાર્ય કરે છે એ સીક્વન્સમાં આરડીએ ઉપયોગ કરેલા પર્કશન ઈન્સ્ટ્રુમેન્ટના ધ્વનિ સીનને યાદગાર બનાવે છે.

તબલા વાદકોની ખાસિયત હોય છે કે એ પક્ષી, ટ્રેન, ઘોડા સહિત અનેક અવાજ ઉત્પન્ન કરી શકે છે. ફિલ્મના અંતિમ હિસ્સામાં પીછો કરવાના દ્રશ્યમાં પણ ‘પંચમ’ની સંગીત સૂઝની કમાલ જોવા મળે છે. ફિલ્મના પ્રારંભમાં વેસ્ટર્ન સ્ટાઈલના ઈન્સ્ટ્રુમેન્ટ્સનો ઉપયોગ કર્યો છે તો અંતમાં ઉત્તર ભારતીય વાદ્યો વગાડી ધારી અસર ઉપજાવવામાં આવી છે. પાછળ પડેલા ગબ્બર સિંહના સાગરીતોથી બચવા બસંતી દોડે છે ત્યારે તબલાનો તીવ્ર ધ્વનિ સાંભળવા મળે છે. હેમાના પગલાં સાથે તબલાની થાપનો મેળ એવો સરસ રીતે બેઠો છે કે બસંતી બચી જશે એની ખાતરી દર્શકોને હોવા છતાં એ કેવી રીતે શક્ય બને છે એની આતુરતા એમને ઘેરી વળે છે.

અમિતાભ - જયાના સીનમાં પણ વાજિંત્રની કમાલ જોવા મળે છે. સફેદ સાડીમાં હાવભાવ વિનાના રાધા (જયા બચ્ચન)ના ચહેરા પર પીડા છલકાય છે અને એ એક પછી એક દીવો હોલવતી હોય છે ત્યારે અમિતાભ થાંભલાને અડીને બેસી હાર્મોનિકા (માઉથ ઓર્ગન) વગાડે છે, જેને કારણે એ સીન અત્યંત લાગણીપ્રધાન બન્યો છે. આર. ડી. પોતે માઉથ ઓર્ગન વગાડવામાં ઉસ્તાદ હતા પણ આ સીનમાં ગિટાર વગાડવામાં ઉસ્તાદ એવા ભાનુ ગુપ્તાએ હાર્મોનિકા વગાડ્યું છે. ■




મહેશ નાણાવટી

# અજીબ દાસ્તાં હૈ યે... કહાં શુરુ કહાં ખતમ...

### ‘ડિલીટ’ થયેલાં કેટલાંક ફિલ્મી ગીતની ગજબ દાસ્તાં!!


શું તમે એવી ઘટના સાંભળી છે કે જે ગાયન રેડિયો પર હજારો વખત વાગી ચૂક્યું હોય, જે ગાયન સંગીત રસિયાઓને બેહદ પસંદ પડી ગયું હોય અને જે ગાયનને ‘ફિલ્મફેર’ તરફથી ‘બેસ્ટ પ્લેબેક સિંગર’નો એવોર્ડ પણ મળી ગયો હોય તે જ ગીત ફિલ્મમાં કદી હતું જ નહીં?!

જી હા, આવું ‘પ્રાણ જાયે પર વચન ના જાયે’ નામની એક ખાસ નહીં ચાલેલી ફિલ્મનું બેહદ ખૂબસૂરત ગીતઃ ‘ચૈન સે હમ કો કભી આપ ને જીને ના દિયા...’ માટે થયું હતું! એવોર્ડ જીતનારાં ગાયિકા હતાં આશા ભોંસલે અને સંગીતકાર હતા ઓ.પી. નૈયર.

જોવાની વાત એ છે કે કોણ જાણે કેમ, પણ સંગીતકાર ઓ.પી. નૈયરના અદ્ભુત અને અમુક તો સુપરહિટ ગાયનો સાથે એવું ઘણીવાર થયું છે... જેમ કે ‘કશ્મીર કી કલી’નું ગાયન ‘બલમા ખૂલી હવા મેં, મહેકી હુઈ ફિઝા મેં...’ આશાજીનું આ ગાયન શ્રોતાઓ હજી પણ ગણગણે છે, પરંતુ ફિલ્મમાં એ હતું જ નહીં! કહે છે કે ફિલ્મની લંબાઈ વધી જતી હતી એટલે શૂટ થયાં પછી પણ એ ફિલ્મમાં લેવાયું નહોતું અને એ જ ફિલ્મનું બીજું ગીત ‘ફિર ઠેસ લગી દિલ પે’ ( ફરી આશાજી)નું રેકોર્ડિંગ થયું ખરું પણ એનું તો શૂટિંગ પણ નહોતું થયું!

ઓ.પી. નૈયર અને આશા ભોંસલેનું વધુ એક સુપરહિટ ગાયન યાદ કરો : ‘હોઠોં પે હંસી આંખો મેં નશા...’ આ મસ્ત મધુરું ગાયન ફિલ્મ ‘સાવન કી ઘટા’માં માત્ર લંબાઈ’ના કારણે કાઢી નાંખવામાં આવેલું. એ જ રીતે ઓ.પી. નૈયરની સુપરહિટ મ્યુઝિકલ ફિલ્મ ‘મેરે સનમ’ જેનાં લગભગ તમામ ગીત હિટ હતાં, તેમાંથી પણ મહંમદ રફી- આશાજીનું એક જરા અટપટી છતાં મદભરી ધૂનવાળું મત ગાયન ‘હમ ને તો દિલ કો આપ કે કદમોં પે રખ દિયા...’ન એ પણ ફિલ્મમાં એન્ટ્રી નહોતી મળી.

આવું શા માટે થતું હશે? તો એક અનુમાન એ હોઈ શકે કે એ જમાનામાં જ્યારે ફિલ્મો બનતી હતી ત્યારે ‘બાઉન્ડ સ્ક્રીપ્ટો’ તૈયાર થતી નહોતી. કહેવાનો અર્થ એ કે ફિલ્મની કાચીપાકી વારતા તૈયાર હોય ત્યારે જ શૂટિંગ શરૂ થઈ જતાં અને સેટ ઉપર જ દૃશ્યોના સંવાદો વગેરે લખાતા હતા. ઉપરાંત, ફિલ્મનાં ગાયનો તો શૂટિંગ શરૂ થાય એ પહેલા જ રેકોર્ડ થઈ જતાં એટલે ઘણીવાર ગીતકાર અને સંગીતકારને એટલું જ કહેવામા આવે કે ‘એક રોમેન્ટિક ગાના ચાહિયે...’ પરંતુ ‘મેરે સનમ’ કે ‘કશ્મીર કી કલી’ જેવી ફિલ્મોમાં રોમેન્ટિક ગાયનો જ્યારે વધારે પડતાં થઈ જાય ત્યારે એકાદ ગાયનને પડતું મૂકવું પડે... આમ છતાં ફિલ્મ ગીતોની રેકોર્ડસના વેચાણને ધ્યાનમાં રાખીને ગાયનને આલ્બમમાં જરૂર સમાવી લેવામાં આવતા... વળી આ જ ગાયન પાછું રેડિયો ઉપર વારંવાર વાગે એટલે તે યાદગાર બની જાય...



કશ્મીર કી કલી



‘મેરા નામ જોકર’



ચલતી કા નામ ગાડી



બર્નીંગ ટ્રેન

જોકે હા, પ્રેક્ષકોને ખબર પડે ત્યારે એવું એકાદ ગાયન ‘ફિલ્મમાંથી કેમ કાઢી નાંખ્યું? અમારા તો પૈસા પડી ગયા...’ એવી ધાંધલ ભાગ્યે જ થઈ છે, પરંતુ એકાદ બે કિસ્સામાં એનાથી પણ ઊંધું થયું છે. જેમ કે ‘યાદોં કી બારાત’માં ‘ઓ મેરી સોની, મેરી તમન્ના’ ગાયનને ‘પબ્લિક ડિમાન્ડ’થી થોડાં સપ્તાહો બાદ ઉમેરવામાં આવ્યું હતું!. (જેથી ટિકિટબારીઓ વકરો ફરી ઊંચકાય.) આવું જ ‘દિલ’ ફિલ્મનું ‘ખંભે જૈસી ખડી હૈ’ ગાયનનું ગતકડું કરવામાં આવેલું.

આમ છતાં અમુક ગાયનો એવાં હતાં કે જેને કાઢી ન મુક્યાં હોત તો રીતસરનાં પ્રેક્ષકોને માથે વાગ્યાં હોત! દાખલા તરીકે ‘શોલે’ ફિલ્મમાં એક કવ્વાલી હતી, જેનું શૂટિંગ પણ થયું હતું ‘ચાંદ સા કોઈ ચહેરા ના પહેલું મેં હો’ આ કવ્વાલી આજકાલ યુ-ટ્યુબ ઉપર જોઈ શકાય છે. એના માટે ગુજરાતી ન્યૂઝ ચેનલોની ભાષામાં કહી શકાય કે ‘તમે જોઈ શકો છો કે આ ગાયન કેટલું ભંગાર અને બોરિંગ છે!’

એ જ રીતે રાજ કપૂરની ફિલ્મ ‘મેરા નામ જોકર’માંથી એક ગાયનને ‘કાઢી મૂક્વામાં’ આવેલું! એ હતું ‘કાટી ના કટે રૈના...’ એ આજે સાંભળો તો એમ થાય કે ‘હાશ! રાજ કપૂરે આપણને કેવા મોટા ત્રાસમાંથી બચાવ્યા!’ જોકે એ ગાયન તો શૂટ પણ નહોતું થયું.

એવું જ એક ‘બર્નિંગ ટ્રેન’નું ગીત હતું. (એ ફિલ્મનું નામ અમે ‘ટર્નિંગ બ્રેન’ પાડેલું!) એ ગાયન પણ દિમાગના સ્ક્રૂ હલાવી નાખે તેવું બોરિંગ હતું : ‘કિસી કે વાદે પે એતબાર કિયા...’એમ તો ખૈયામ સાહેબના એક ગીત ઉપર પણ કાતર ફરી ગયેલી. ‘જા રે બહેના જા...’ અહીં ફિલ્મ ‘ત્રિશૂલ’ની તો સ્ક્રિપ્ટ સલીમ -જાવેદની હતી, જે એ જમાનામાં ‘બ્રાઉન્ડ સ્ક્રિપ્ટ’ માટે જાણીતા હતા, છતાં ‘શોલે’ની જેમ અહીં પણ ગીતની બાદબાકી થઈ અને પ્રેક્ષકો પરથી જાણે ઘાત ગઈ!

એ જ સલીમ- જાવેદની ખૂબ જ ચૂસ્ત ગણાતી સ્ક્રિપ્ટ ‘દીવાર’માં એક ગીત હતું ‘ઈધર કા માલ ઉધર જા રહા હૈ...’ જેને કેમેરાનાં દર્શન થાય પહેલાં જ રદ કરાયું હતું!

જોકે અમુક સુંદર ગીતો એવાં છે કે જેને રૂપેરી પરદા પર જોવાનું સદ્ભાગ્ય આપણને મળ્યું જ નથી. આમાં ‘મિલન’ ફિલ્મની ગઝલ ‘આજ દિલ પે કોઈ જોર ચલતા નહીં...’ (લક્ષ્મી પ્યારે) ‘હંસતે ઝખ્મ’ની અદ્ભુત ગઝલ ‘આજ સોચા તો આંસુ ભર આયે’ (મદનમોહન)ને યાદ કરવી પડે. આ બન્ને ગીત શૂટ થયા હતાં, પરંતુ ફિલ્મમાંથી બાદ કરવામાં આવ્યાં હતાં.

આ જ રીતે એક નટખટ ગાયનને યાદ કરીએ તો ‘ચલતી કા નામ ગાડી’માંથી આ ગાયનને ચાલતી ગાડીએ ઉતારી પાડેલું! ‘ઈન હાથો સે સબકી ગાડી ચલ રહી હૈ...’ જો હોત તો આજે મોબાઈલમાં જોવાની કેવી મજા પડતી હોત !

છેલ્લે છેલ્લે એક એવા ગીતને યાદ કરીએ જેની સાથે બહુ વિચિત્ર પ્રકારનો અન્યાય થયો છે. ગીત છે સંગીતકાર જયદેવ સાહેબનું અને અવાજ છે લતાજીનો : ‘યે દિલ ઔર ઉન કી નિગાહોં કે સાયે.’ એ ગીતની સાથે શું અન્યાય થયો હતો?

એજ કે કે જેના માટે આ ગીત બન્યું હતું એ ફિલ્મ ‘પ્રેમ પરબત’ કદી રિલીઝ જ થઈ શકી નહોતી! ■

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### યે દુનિયા કે બદલતે રિશ્તે...



જે ‘યશરાજ ફિલ્મ્સે’ રણવીર સિંહને લોન્ચ કર્યો તેને જ સુપરસ્ટારે બાય બાય કહી દીધું છે. ૨૦૧૦ની ‘બેન્ડ બાજા બારાતમાં’ ‘યશરાજે’ રણવીરને મોટા સ્ક્રિન પર લાવવાનું કામ કર્યું હતું. આ ફિલ્મમાં રણવીરની નોંધ લેવાઈ હતી. પછી તો એ બે વચ્ચેની આ સફર લાંબી ચાલી અને રણવીરે આ બેનર હેઠળ બીજી પાંચ ફિલ્મ પણ કરી. ‘યશરાજ’ અને રણવીરની આ સંયુક્ત સફર ૨૦૨૨ની ‘જયેશભાઈ જોરદાર’ પછી આગળ નથી વધી.

હવે,‘યશરાજ’ સ્પાય યુનિવર્સમાં બીઝી થઇ ગયું છે. આ ઉપરાંત એ ‘સૈયારા’ ટાઈપ ઓછા જાણીતા કે નવા કલાકારો સાથે પણ ફિલ્મ બનાવી રહ્યું છે. તો આમ છૂટા પડવાનું કારણ કદાચ એ હોઈ શકે કે રણવીરને લાગ્યું હોય કે હવે ‘યશરાજ’ને એની જરૂર નથી.. જોકે, જાહેરમાં રણવીરે કાયમ યશરાજના વખાણ કર્યાં જ છે. ‘યશરાજ’ ની કાસ્ટિંગ ડિરેક્ટર અને રણવીરની ‘બેસ્ટ ફ્રેન્ડ’ શાનુ શર્માએ હાલમાં ગોળ ગોળ ભાષામાં ફોડ પાડ્યો છે,જેનાથી એટલું તો સાબિત થાય છે કે રણવીરે જ ‘યશરાજ’ ને ‘આવજો ’કહ્યું છે.

### ‘વોર ટૂ’ હવે અજાણ્યા ફ્રન્ટ ઉપર પણ લડાશે







‘યશરાજ’ની તકલીફ વધી ગઈ છે. પહેલાં તો રજનીકાંતની મલ્ટિસ્ટાર કાસ્ટ ધરાવતી ‘કુલી’ સાથે ટક્કર નક્કી થઇ. પછી ઓવરસીઝમાં એડવાન્સ બુકિંગમાં રજની અન્નાની ફિલ્મ સામે પીછેહઠ કરવી પડી. આટલું અધુરું હતું એમ હવે મલ્ટિપ્લેક્સવાળા પણ ‘વોર ટુ’ ને નહીં, પરંતુ ‘કુલીને’ વધુ સ્ક્રિન્સ આપશે એવી વાતો આવી છે . આમ છતાં કિન્તુ, પરંતુ બટ ... ‘વક્ત’ ફિલ્મના નટુભાઈની જેમ કહીએ તો ‘યે તો કુછ ભી નહીં હૈ!’ ‘યશરાજ’ માટે ગંભીર સમાચાર પશ્ચિમ બંગાળમાંથી આવ્યાં છે. ‘ધૂમકેતુ’ નામની બંગાળી ફિલ્મે બંગાળમાં ‘ યશરાજ ’ માટે અજાણ્યો ફ્રન્ટ ઉભો કરી દીધો છે. ૨૦૧૫ના ઓક્ટોબરમાં આ ફિલ્મનું શૂટિંગ શરું થયું જે જાન્યુઆરી ૨૦૧૭માં પૂરું થઇ ગયું હતું. ત્યારબાદ અમુક કારણોસર આ ફિલ્મ રિલીઝ ન થઇ શકી, પરંતુ છેક હવે ‘ધૂમકેતુ’ માટે રિલીઝ થવાના સંજોગો ઉભા થયા છે. આ ફિલ્મ પણ ‘વોર ટુ’ અને ‘કુલી’ સાથે જ ૧૪ ઓગસ્ટે રિલીઝ થશે. કોલકાતામાં અને પશ્ચિમ બંગાળમાં ‘ધૂમકેતુની’ હાઈપ એટલી બધી છે કે ‘યશરાજ’ જેવા બિગ બેનરને પણ મલ્ટિપ્લેક્સ અને સિંગલ સ્ક્રિન થિયેટરમાં ઓછા શો માટે માની જવું પડ્યું છે. આ બંગાળી ફિલ્મે અહીં એડવાન્સ બુકિંગમાં : ‘યશરાજ’ની ફિલ્મ પર ઓલરેડી લીડ પણ મેળવી લીધી છે.

સામાન્યતઃ ‘યશરાજ’ જેવા મોટા બેનર્સ સ્ક્રિન્સ મેળવવામાં દાદાગીરી કરતાં હોય છે. જ્યારે એક સાથે બે હિન્દી ફિલ્મો રિલીઝ થતી હોય ત્યારે પણ ‘યશરાજ’ ગમેતેમ કરીને જોઈતાં સ્ક્રિન મેળવી લેતું હોય છે, પરંતુ બંગાળમાં એણે એક પ્રાદેશિક ફિલ્મ સમક્ષ ઝુકવું પડ્યું છે એ કંઈ નાનીસૂની ઘટના નથી !

### બડજાત્યાનો નવો ‘પ્રેમ’



સુરજ બડજાત્યાની ફિલ્મનો હીરો કોઇપણ કલાકાર હોય પણ એનું નામ તો પ્રેમ જ હોય. ‘મૈને પ્યાર કિયા’, ‘હમ આપ કે હૈ કૌન’, ‘મૈ પ્રેમ કી દીવાની હૂં’, ‘પ્રેમ રતન ધન પાયો’ અને ‘વિવાહ’ .... આ તમામ ફિલ્મોમાં હીરોનું નામ પ્રેમ હતું. જોકે ‘વિવાહનો’પ્રેમ’ સલમાન નહીં , પરંતુ શાહિદ કપૂર હતો. સૂરજભાઈની છેલ્લી ફિલ્મ ‘ઉંચાઈ’ સિનિયર સિટીઝન્સની વાર્તા કરતી હોવાથી કદાચ એના હીરોનું નામ પ્રેમ રાખવામાં નહોતું આવ્યું.

જોકે હવે સૂરજ બડજાત્યાને એમનો નવો ‘પ્રેમ’ મળી ગયો છે. ‘રાજશ્રી ફિલ્મ્સ’ મુંબઈમાં જ એક પારિવારિક બેકગ્રાઉન્ડ પર ફિલ્મ શૂટ કરવાની છે. આ ફિલ્મના લીડ રોલ એટલેકે ‘પ્રેમ’ તરીકે આયુષ્માન ખુરાનાની પસંદગી કરવામાં આવી છે. સૂરજ બડજાત્યાના કહેવા અનુસાર એમની આગલી ફિલ્મોની જેમ આ ફિલ્મમાં પણ ઢગલાબંધ કલાકારો હશે. આથી આપણે એવું ધારી શકીએ કે સલમાન ખાને જે ‘પ્રેમ’ને આઇકોનિક બનાવ્યો એમાં આયુષ્માન ખુરાનાને ફિટ કરવામાં આવશે. ■

### કટ એન્ડ ઓકે..

*‘યશરાજે’ સામે ચાલીને ‘વોર ટૂ’માંથી ૨૮ સીન્સ પર કાતર ફેરવીને ફિલ્મની લંબાઈ સવા છ મિનિટ ઓછી કરી નાખી છે....*

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# મૃણાલ ઠાકુરઃ મૈં ભી હૂં ના!

## ટીવીની મીઠી-સરળ છોકરીથી લઈને ફિલ્મ્સની ટોચની હીરોઈન સુધીની સફર...

હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કેટલાક ચહેરાઓ એવા હોય છે જે સ્ક્રીન પર પહેલી વાર આવે અને તરત જ દિલ જીતી લે.

મૃણાલ ઠાકુર એવાં જ નામોમાંનું એક. નાના પડદા પરથી પોતાની સફર શરૂ કરનારી મૃણાલે આજે મોટા પડદા પર પોતાનું એક અલગ સ્થાન કંડારી લીધું છે.


મૃણાલની વાત એટલા માટે નીકળી કે હમણાં જ એની ‘સન ઓફ સરદાર’ ફિલ્મ રિલીઝ થઈ છે. ન તો ફિલ્મ જોરદાર છે ન એની કમાણી, પણ નાના પડદેથી કામ શરૂ કરનારી મૃણાલ આજે જો અજય દેવગણ, હ્યતિક રોશન, અક્ષય કુમાર જેવા મોટા ગજાના સ્ટાર્સ સાથે કામ કરતી હોય તો એના આ પડાવની નોંધ તો લેવાવી જોઈએ ને!

–તો મહારાષ્ટ્રના ધુલેમાં બાળપણ વિતાવનારી મૃણાલે અભિનયમાં આવવાનો રસ્તો ખૂબ જ મહેનતથી બનાવ્યો છે. મૃણાલની શરૂઆત ટીવી સિરિયલ ‘મુઝસે કુછ કહેતી એ ખામોશિયાં’ (૨૦૧૨) દ્વારા થઈ હતી. એ પછી ‘કુમકુમ ભાગ્ય’ (૨૦૧૩) શોમાં એના અભિનયને પ્રશંસા મળી. આ સિરિયલ્સ થકી એણે ઘરઘરમાં પોતાની ઓળખ બનાવી દીધી, પરંતુ મૃણાલ માટે અહીં અટકી જવું પૂરતું નહોતું. એણે સિરિયલ્સ સાથે-સાથે ૨૦૧૪માં મરાઠી ફિલ્મ્સમાં પણ થોડું કામ કર્યું. એ પછી ૨૦૧૮માં એનું બોલિવૂડ પદાર્પણ થયું ફિલ્મ ‘લવ સોનિયા’થી. આ ફિલ્મમાં સ્ત્રી વેપાર પર આધારિત ગંભીર વિષયને મૃણાલે ખૂબ જ સંવેદનશીલ રીતે નિભાવ્યો, જેના લીધે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ એની પ્રશંસા થઈ. પછી આવી ફિલ્મ ‘સુપર ૩૦’, જેમાં હ્રતિક રોશન સામે પોતાની સરળ અભિનયની કળા દ્વારા ફરી એકવાર સૌને ગમી.

‘બાટલા હાઉસ’માં એણે એક મજબૂત પત્રકારની ભૂમિકા કરી, જેમાં જ્હોન અબ્રાહમ સાથેના એના કોમ્બિનેશનને દર્શકોએ વધાવી લીધું.

આમ મૃણાલે સાબિત કરી દીધું કે એ માત્ર ગ્લેમર માટે નહીં, પણ મજબૂત કન્ટેન્ટ ધરાવતી ફિલ્મ્સ માટે પણ એટલી જ સક્ષમ છે. એ પછી એનું એક અલગ જ પાસું જોવા મળ્યું રોમેન્ટિક ડ્રામા ‘જર્સી’માં, જ્યાં એ શાહિદ કપૂર સામે હતી. ક્રિકેટ અને પરિવારની ભાવનાત્મક વાર્તા ધરાવતી આ ફિલ્મમાં મૃણાલના અભિનયમાં ઊંડાણ હતું. એક માનાં પાત્રમાં દર્શકોને એ ‘ગર્લ-નેક્સ્ટ-ડોર’ (વેલ, વુમન નેક્સ્ટ ડોર, બસ!) જ લાગી. આ ફિલ્મ ભલે બોક્સ ઓફિસ પર વધારે ન ચાલી, પણ મૃણાલના અભિનયને ભારે વખાણ મળ્યાં.

દક્ષિણ ભારતીય ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પણ એણે પોતાનું સ્થાન બનાવ્યું. ફિલ્મ ‘સીતા રામમ’ એનું પરફેક્ટ ઉદાહરણ છે. દુલ્કર સલમાન સાથેની આ રોમેન્ટિક ફિલ્મે એને દેશભરમાં ઓળખ અપાવી. ‘સીતા મહાલક્ષ્મી’ તરીકેના પાત્રમાં એની શાલીનતા અને સ્ક્રીન પ્રેઝન્સ એટલી ગજબની હતી કે આ ફિલ્મ રિલીઝ થયા પછી મૃણાલને આજના ટ્રેન્ડ પ્રમાણે ‘નેશનલ ક્રશ’નું ટાઇટલ મેળવી આપ્યું.



આ ઉપરાંત ‘નેટફ્લિકસ’ પર રજૂ થયેલી રામ માધવાની દિગ્દર્શિત અને કાર્તિક આર્યન અભિનિત થ્રિલર ફિલ્મ ‘ધમાકા’માં પણ એક નવાસવા ટીવી એન્કર કાર્તિકની યુવા પત્ની તરીકે મૃણાલનો અભિનય પ્રશંસનીય રહ્યો.

બીજી તરફ, મૃણાલની ‘આંખ મિચોલી’ જેવી પણ ફિલ્મ આવી કે જેની ક્યાંય કશી ચર્ચા જ ન થઇ. મૃણાલની ફિલ્મ્સની પસંદગી કમર્શિયલ હોવા છતાં ઘણી રસપ્રદ છે. એ વારંવાર સાબિત કરે છે કે એને માત્ર એક જ ઝોનરમાં બાંધી શકાય તેમ નથી, જેમ કે ‘પિપ્પા’ જેવી વોર ડ્રામા હોય કે ‘ગુમરાહ’ જેવી ક્રાઈમ થ્રિલર, દરેકમાં તે કંઈક નવું અજમાવે છે.

આ જ કારણ છે કે ઇન્ડસ્ટ્રીમાં એને અત્યારે ટોચની યાદીમાં એક વર્સટાઈલ એક્ટ્રેસ તરીકે ગણવામાં આવે છે. આજે મૃણાલ ઠાકુર એવા સ્તરે પહોંચી ગઈ છે કે તે માટે ફિલ્મમેકર્સ ખૂલ્લા મનથી મોટા બજેટના પ્રોજેક્ટ્સ ઓફર કરે છે.

તાજેતરમાં ‘સન ઓફ સરદાર ૨’ માટે એણે ૫ કરોડ રૂપિયાની ફી લીધી હોવાના માર્કેટ રિપોર્ટ છે, જે એની કારકિર્દીના આર્થિક તેમજ પ્રોફેશનલ પ્રગતિનો મોટો પુરાવો છે. ટીવીના એક એપિસોડ માટે થોડા હજાર રૂપિયા મળતાં હતાં ત્યાંથી લઈને આજે કરોડોમાં ફી લેવી એ મૃણાલનાં સપનાઓ, મહેનત અને અડગ મનોબળની જીત છે.

મૃણાલની સફર એ પણ બતાવે છે કે કેવી રીતે ટેલિવિઝનમાંથી સિનેમામાં સફળ ટ્રાન્ઝિશન કરવું સરળ નથી, પણ મહેનત અને ફિલ્મ વિષયની યોગ્ય પસંદગીથી એ શક્ય છે. ઘણા કલાકારો નાના પડદાથી મોટા પડદા પર આવ્યા, પણ થોડાં જ લાંબા સમય સુધી ટકી શક્યા છે, પણ મૃણાલે પોતાની ભૂમિકાઓ થકી દર્શકોના દિલમાં જગ્યા બનાવી છે. આજે જ્યારે બોલિવૂડ અને સાઉથ બંને ઈન્ડસ્ટ્રી સમાન રીતે કામ કરી રહી છે ત્યારે મૃણાલનું નામ તેવા કલાકારોની યાદીમાં આવે છે જે ભાષા કે પ્રદેશની સીમા પાર કરી શક્યા છે.

એવું પણ નથી કે મૃણાલની સફર માત્ર ફિલ્મ્સ પૂરતી મર્યાદિત રહી છે. મૃણાલે એડવર્ટાઇઝિંગ અને બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ્સમાં પણ પોતાનું એક મજબૂત સ્થાન બનાવ્યું છે. મૃણાલ ઠાકુરની આ સફર નવોદિતો માટે એક પ્રેરકકથા છે. તે દર્શાવે છે કે સતત શીખતા રહેવું અને પોતાને પડકારતા રહેવું જ સફળતાની ચાવી છે. ટીવીની મીઠી-સરળ છોકરીથી લઈને ફિલ્મ્સની મજબૂત નાયિકા સુધીનું એનું પરિવર્તન એ સાબિત કરે છે કે ટેલેન્ટ અંતે પોતાનો રસ્તો બનાવી જ લે છે! ■

### લાસ્ટ શોટ

*મૃણાલ ઠાકુરની આગામી મોટી ફિલ્મ્સઃ ડેવિડ ધવન દિગ્દર્શિત અને વરુણ ધવન અભિનિત ‘હૈ જવાની તો ઇશ્ક હોના હૈ’ અને એ જ રીતે જેનું શીર્ષક હજુ જાહેર નથી થયું એવી એટલી દિગ્દર્શિત અને અલ્લુ અર્જુન અભિનિત એક ફિલ્મ પણ આવી રહી છે...*

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

આ કલાકારોએ કયા સ્વાતંત્રસેનાનીની ભૂમિકા ભજવી હતી?

૧) અભિષેક બચ્ચન
૨) પ્રેમ ચોપરા
૩) શરમન જોશી
૪) નવાઝઉદ્દીન સિદ્દિકી
૫) સોહા અલી ખાન
૬) દીપિકા પદુકોણ
૭) કંગના રનૌત

## ક્વિઝ (બ)

આ ગીતો કઈ ફિલ્મના છે એ જાણો છો?

૧) મૈયા યશોદા યે તેરા કનૈયા પનઘટ પે મેરી પકડે..
૨) યશોમતી મૈયા સે બોલે નંદલાલા રાધા ક્યું ગોરી મૈં..
૩) યશોદા કા નંદલાલા જગ કા ઉજીયારા હૈ મેરે લાલ
૪) સૂન રી યશોદા મૈયા તેરા કનૈયા, ઉંગલી મરોડે બૈયા
૫) બડા નટખટ હૈ રે ક્રિષ્નાકનૈયા કા કરે યશોદા મૈયા
૬) હે રે કનૈયા કિસકો કહેગા તું મૈયા, જિસને તુજ કો..
૭) મૈયા મોરી મૈં નહીં માખણ ખાયો કહત સુનત...

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

વિશેષ
શૈલેન્દ્ર સિંહ

# નવી પેઢીને કઈ રીતે સમજાવવી આઝાદીની કિંમત?

આઝાદી એટલે માત્ર ગુલામીમાંથી મુક્ત થવું એ નહીં ...આઝાદી એટલે આત્મસન્માન, અધિકાર અને સ્વાભિમાનની અનુભૂતિ, જે કોઈ પણ સમાજના પૂર્ણ વિકાસ માટે ખૂબ જ જરૂરી છે. જોકે, આજે જ્યારે આઝાદીની ૭૮મી વર્ષગાંઠ પર આપણી ડિજિટલ પેઢી એટલે કે, જેન ઝેડ અને આલ્ફા જનરેશનની તરફ જો નજર નાખીએ તો નિરાશ થવાય છે કે એમને આઝાદીની ખરી કિંમતનું કોઈ જ્ઞાન નથી- માન નથી. હકીકતમાં આજની આ પેઢી માટે આઝાદી એક ‘ડિફોલ્ટ સેટિંગ’ છે, જેમ કે મોબાઈલનું કોઈ નેટવર્ક ન હોય અને એ એમને જાણે વારસાગત મળ્યું છે !

આ પેઢી કોઈ સંઘર્ષ કે બલિદાનના વારસાના હિસ્સેદાર નથી અને નથી એમણે પોતાની જીવનમાં આઝાદી માટે કોઈ કિંમત ચૂકવવી પડી પછી એમને આઝાદીની કિંમત સમજાય પણ કઈ રીતે?

**ડિજિટલ જનરેશનની દુનિયા**

આપણી જેન ઝેડ અને આલ્ફા જનરેશન વાસ્તવમાં ડિજિટલ જનરેશન છે. આમની દુનિયા પહેલાની પેઢીઓ કરતાં સાવ અલગ સાવ ભિન્ન છે. આમને 24*7 મોબાઈલ જોઈએ છે, રીલ્સ-ચેટબોક્સ, અને ત્વરિત ફાયદો મળે એવી વસ્તુની ચાહત વધુ છે. આમની પાસે માહિતીઓનો અખૂટ ભંડાર છે, પરંતુ પોતાના અનુભવોની મુટ્ઠીભર મૂડી નથી. સ્વતંત્રતા, અભિવ્યક્તિ, પોતાની પસંદનો પહેરવેશ જેવી દરેક વસ્તુઓ પર એમનો જાણે જન્મસિદ્ધ અધિકાર છે એટલે કે આ તો બધાંને મળતું જ હશે.

ડિજિટલ જનરેશન વિચારે છે કે, આ જે બંધારણ છે, કે બંધારણીય અધિકાર છે, કે પછી બંધારણને લાગુ કરવા માટે સંસ્થા છે આ બધા આમ જ મળી ગયા છે એટલે કે આ બધા પહેલેથી અહીં મોજુદ છે, જેને ઓનલાઇન સબ્સ્ક્રાઈબ તો જેમ મળી! એમને બિલકુલ ખ્યાલ જ નથી કે આ બધા અધિકારો આપણને કેટલા બલિદાનો પછી મળ્યા છે. આ અધિકારો મેળવવા માટે આપણા પૂર્વજોએ કેટલો ત્રાસ વેઠવો પડ્યો હતો. ન જાણે કેટલા લોકો જેલ ગયા- ન જાણે કેટલા લોકો જેલમાં જ મૃત્યુ પામ્યા, સંખ્યાબંધ લોકો ફાંસીએ ચડ્યા. આઝાદી માટે પોતાના સપનાઓને દાવ પર લગાડી દીધા ત્યારે જઈને આપણને આઝાદી મળી છે, પરંતુ ડિજિટલ જનરેશનને આનો કોઈ ખ્યાલ જ નથી.

**નવા જમાનાની જીવનશૈલી**

જોકે, આ બધી ફરિયાદોનો બિલકુલ એ અર્થ નથી કે નવી જનરેશન અણસમજુ છે. જી ના. એ જરાય અણસમજુ નથી. જો અણસમજુ હોત તો પ્રદૂષણ - આબોહવા પરિવર્તન માટે, એલજીબીટી અધિકારો માટે, માનસિક સ્વાસ્થ્ય માટે, સ્ત્રીસશક્તીકરણ અને પ્રાણી પશુની રક્ષા માટે એમને આટલી સજાગતા કઈ રીતે આવી અને હજુય આવી



રહી છે...?

આ પેઢી સંવેદનશીલ પણ ખૂબ જ છે, પરંતુ પોતાના જમાનાના મુદ્દાઓ માટે અને પોતાની જીવનશૈલીમાં જે બંધ બેસે છે એના માટે...

નવી પેઢી વિરોધ અને વિપ્લવથી નથી ડરતી, પરંતુ ગત પેઢીના મુકાબલે વધારે વ્યવસ્થિત સુધારાઓ અને બદલાઓની માગ કરે છે. જોવાની વાત તો એ છે કે, આનો વધારે પડતો વિરોધ ઓનલાઇન થાય છે અથવા તો એમ કહી શકાય કે, આ પેઢી ઓનલાઇન વિરોધ માટે પોતાને વધારે યોગ્ય માને છે. વાસ્તવિક જમીન પર એમને ઊતરવું ઓછું ગમે છે. આમ છતાં નવી પેઢીને નૈતિકતાનો પાઠ ભણાવનાર જૂની પેઢીની પણ થોડી વાતો યાદ રાખવી પડશે **જૂની પેઢીની નબળાઈ**

જૂની પેઢીના લોકો વિચારે છે કે દેશ, દુનિયા, ઇતિહાસ અને વર્તમાનને લઈને જે પ્રમાણે એ લોકો વિચારે છે એ રીતે આ નવી પેઢીએ પણ વિચારવું જોઈએ... આમ બન્ને પેઢીની વિભિન્ન વિચારધારાને લીધે જીવન જીવવાની રીત તેમ જ મૂલ્યોમાં ટકરાવ થાય છે. નવી પેઢીને લાગે છે કે જૂની પેઢીમાં જે ખામીઓ છે એ પોતાનાથી દૂર નહિ કરી શકાય. નવી પેઢીને જૂની પેઢીની લગભગ બધી જ જીવન શૈલી અપૂર્ણ લાગે છે. આમ છતાં, નવી પેઢી ચુપચાપ જૂની પેઢીની અમુક વાતો ખચકાટ વગર સ્વીકારી લે છે.

નવી પેઢી ભલે કઈ પણ કહે પણ એ દહેજ અને જાતિવાદની બુરાઈઓથી બચી નથી શક્યા. નવી પેઢી ભલે કેટલું પણ કહે કે અમે દહેજ નથી માગતા- એ તો જૂની પેઢીની ખામીઓ છે, પરંતુ આજે પણ આપણા દેશમાં મોટે ભાગે લગ્નો દહેજ વગર નથી થતા. અને પારંપરિક લગ્નો આજે પણ આર્થિક રૂપે બોજારૂપ છે. એનું સૌથી મોટું કારણ છે કે, લગ્નોમાં માગવામાં આવતું દહેજ.

આપણે આઝાદીની સંવેદનાની વાત કરતા કરતા જીવનશૈલીની વાસ્તવિકતા પર ઊતરી આવ્યા, પરંતુ ફોકસ તો આમાં આપણે એ વિષય પર જ કરવાનું છે કે આજની પેઢી કેમ પાછલી પેઢીની જેમ આઝાદીને લઈને સંવેદનશીલ નથી.

હકીકતમાં આમાં ખામી પાછલી પેઢીની પણ છે. માત્ર ‘ભારત છોડો આંદોલન’ અથવા ‘ભગત સિંહની ફાંસી’ ની વાત માત્ર કરવાથી નવી પેઢી આઝાદીની લાંબી લડાઈને લઈને જૂની પેઢીનો આભાર નહિ વ્યક્ત કરી શકે. આપણે આ પેઢીને લાખો લોકોની સાચી વાર્તાઓ પણ કહેવી પડશે કે જે સાધારણ લોકો હતા અને આઝાદી માટે એમણે પોતાના પ્રાણ ગુમાવ્યા. હજારો ખેડૂતો, લાખો મજદૂરો, આદિવાસી, સ્ત્રીઓ, પત્રકાર અને શિક્ષક જેવા હજારો અલગ અલગ ક્ષેત્રોના લોકોએ આઝાદી માટે પોતાનું સર્વસ્વ ગુમાવી દીધું. આપણી નવી પેઢીએ સમજવું પડશે કે લાખો જીવંત ઉદાહરણોથી જે આપણને આઝાદી મળી છે તે માત્ર દલીલોના જોરે નથી મળી , પરંતુ લાખો લોકોના નક્કર બલિદાનથી મળી છે. આપણે નવી પેઢીને કહેવું પડશે કે, આપણને જે બંધારણ મળ્યું છે, તે કેટકેટલા લોકોના અથાગ પરિશ્રમ અને બલિદાનો પછી મળ્યું છે. બંધારણની ભેટ ઉપર આકાશથી ટપકી નથી!

જો આજની નવી પેઢી પોતપોતાની રીતે આઝાદીની પરિભાષા બાંધવા માગે છે તો એમને પૂરો હક છે, પરંતુ જેમને આઝાદીની લડાઈમાં પોતાનું બલિદાન આપ્યું છે એમને તો નહિ જ ભૂલી શકાય. જૂની પેઢીની જવાબદારી છે કે નવી પેઢીને એનું મહત્ત્વ સમજાવે. નવી પેઢી તેજ છે, ત્વરિત નિર્ણય લે છે, તેથી જ જો આ નવી પેઢીને સરખી રીતે સમજાવવામાં આવે કે જે આઝાદી આપણને મળી છે તે લાખો લોકોના બલિદાન અને દેશભક્તિ દ્વારા મળી છે તો નવી પેઢીને આઝાદીનો પાઠ ભણાવવો અઘરો નહિ પડે. ■

ફોકસ
ડી. જે. નંદન

# મહિલા સેનાનીઓને સિનેમામાં કેટલાં મળ્યાં ન્યાય-અન્યાય...

ફિલ્મોમાં જ્યારે પણ સ્વતંત્રતા સંગ્રામની વાત આવે ત્યારે મહાત્મા ગાંધી, ભગત સિંહ, સુભાષ ચંદ્ર બોઝ, વેલ્લભભાઈ પટેલ અને પંડિત જવાહરલાલ નહેરુ જેવા પુરુષો જ આપણી આંખ સામે તરવરવા લાગે છે. સ્કૂલનાં પુસ્તકોથી માંડીને સિલ્વર સ્ક્રીન પર આ જ પાત્રોને વર્ણવવામાં આવે છે.

આવે વખતે એક સવાલ જરૂર જાગે કે સ્વતંત્રતા સંગ્રામમાં મહત્ત્વની ભૂમિકા ભજવનારી મહિલાઓ પ્રત્યે કેમ ઓરમાયું વર્તન રાખવામાં આવ્યું છે?

ભારતીય સ્વતંત્રતા સંગ્રામ પર નજર નાખીએ તો માત્ર ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનું પાત્ર જ દેખાય છે. જોકે સેંકડો સ્ત્રીઓએ આઝાદીની લડાઈમાં ભાગ લીધો હતો. ઉદાહરણ તરીકે ભીકાજી કામા, કસ્તુરબા ગાંધી, અરુણા આસફ અલી, ઉદા દેવી, દુર્ગા ભાભી, પ્રિતિલતા વાદ્દેદાર, કમલા નહેરુ, માતંગીની હાજરા, બેગમ હજરત મહલ, સરોજિની દેવી નાયડુ. એમનાં પર કોઈ ફિલ્મો જ બની નથી !

**સવાલ એ છે કે ક્યાં ગઈ એ મહિલાઓ?**


હા, આ મહિલા સ્વતંત્રતા સેનાની પર જે ફિલ્મો બની છે એ આંગળીના વેઢે ગણી શકાય એટલી જ છેઃ ઝાંસીની રાણી કે પછી ‘મણિકર્ણિકા’ જેવી ફિલ્મો રાણી લક્ષ્મીબાઈ પર બની છે તો ’બેગમજાન’ અથવા તો ‘રાઝી’ જેવી ફિલ્મો આઝાદીની લડાઈમાં પ્રત્યક્ષ કે પરોક્ષ યોગદાન આપનાર મહિલાઓ પર બની છે.

૧૯૫૩માં સોહરાબ મોદીના દિગ્દર્શનમાં મીના કુમારીએ ઝાંસીની રાણીનું જે પાત્ર ભજવ્યું હતું એ ઐતિહાસિક હતું. બાદમાં બનેલી ‘મણિકર્ણિકા’ કે એના જેવી ફિલ્મોમાં વાસ્તવિક કથાઓ ઓછી અને કાલ્પનિક કથા વધુ ઉમેરવામાં આવી હતી. એ જ રીતે , વર્ષ ૨૦૧૮માં આવેલી ‘રાઝી’ ફિલ્મ વાસ્તવમાં તો ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ પર આધારિત છે. વાસ્તવિક કથા અને ફિલ્મની સ્ટોરીમાં જમીન-આસમાનનો ફરક છે. આપણે ૧૮૫૭-૧૯૪૭ સુધીના આઝાદીની જંગ પર નજર દોડાવીએ તો એમાં ભાગ લેનારી મહિલાઓની જેટલી સંખ્યા છે એની સરખામણીએ તો ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ૧ ટકા જેટલો પણ એમનો ઉલ્લેખ નથી.

**મહિલા નેતૃત્વની આવી ઉપેક્ષા કેમ ?**

હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં આઝાદીની જંગને ખૂબ સન્માન આપવામાં આવે છે. જોકે સમસ્યા એ છે કે માત્ર પુરુષ નાયકો પર જ વધુ ધ્યાન આપવામાં આવ્યું છે. ફિલ્મ ૧૯૬૫ની ’શહીદ’ હોય કે પછી ૧૯૮૨ની ઓસ્કર જીતનારી ‘ગાંધી’ હોય. ૨૦૦૨માં આવેલી ’ધ લીજેન્ડ ઓફ ભગત સિંહ’ હોય કે પછી ૨૦૦૪માં આવેલી ‘નેતાજી સુભાષ ચંદ્ર બોઝઃ ધ ફોરગટન હીરો’ હોય. આશ્ચર્યની વાત એ છે કે ડિરેક્ટર હોય કે પ્રોડ્યૂસર હોય, એમણે હંમેશાં પુરુષ નાયક વિષે જ વિચાર્યું છે. ફિલ્મ ‘ગાંધી’માં પણ કસ્તુરબા ગાંધીનો ઉલ્લેખ કરી શકાયો હોત. ‘નેતાજી સુભાષ ચંદ્ર બોઝ’માં પણ સશક્ત પાત્રોનો ઉમેરો થઇ શક્યો હોત. ખબર નહિ કેમ, ફિલ્મમેકરે જયારે પણ આવી ફિલ્મો બનાવી એમણે પુરુષ પાત્રોને જ મહત્ત્વ આપ્યું. જોકે, ‘ધ લીજેન્ડ ઓફ ભગત સિંહ’ માં દુર્ગા ભાભીને પણ સ્થાન આપ્યું હોત કે જેમણે વેશ બદલીને ભગત સિંહને બચાવ્યા હતા તો એમની ભૂમિકા વિશે પણ લોકોને જાણ થાત. વિદેશમાં પહેલી વખત ભારતીય ઝંડો લહેરાવનાર ભીકાજી હોય કે પછી ભારતની આઝાદીમાં અગત્યની ભૂમિકા ભજવનારા અરુણા આસફ અલી હોય... એમનાં પાત્રોને પણ ફિલ્મોમાં સ્થાન મળ્યું હોત તો વાત કંઈક બનત .... અહીં એક વાત તો નક્કી જ છે કે બોલિવૂડથી આ એક ભૂલ થઇ છે.

આઝાદીની જંગમાં સક્રિય રીતે ભાગ લેનારી મહિલા સ્વતંત્રતા સેનાનીઓ પર ભારતીય ફિલ્મ ઉદ્યોગની દ્રષ્ટિ કેમ ન પડી એનું કદાચ એ



ઝાંસી કી રાની



ધ ફોરગોટન આર્મી

અત્યાર સુધી વધુમાં વધુ નિર્માતા- દિગ્દર્શક પુરુષો જ રહ્યા છે, કદાચ કોઈનો એવો કોઈ ઈરાદો ન હોવા છતાં એમનું ધ્યાન મહિલા સ્વતંત્રતા સેનાનીઓ તરફ ગયું નહીં. એક કારણ એ પણ હોઈ શકે છે કે સ્વતંત્રતા સંગ્રામમાં મહિલા સેનાનીઓની ભૂમિકા સંગઠિત, સંયમિત અને અહિંસક રહી હતી, જ્યારે આઝાદીની લડાઈમાં મોટાભાગની પ્રવૃત્તિઓના નિર્ણયકર્તા પુરુષો જ રહ્યા છે. એટલે કદાચ ફિલ્મ ઉદ્યોગે માની લીધું હશે કે નેતૃત્વ તો ફક્ત પુરુષોનું જ હશે. ફિલ્મને એક મસાલેદાર, આક્રમક અને એક્શન પ્રધાન હીરો જ સુટ થતો હોય છે એટલે ન ચાહતા પણ ફિલ્મ ઉદ્યોગે મહિલા સ્વતંત્રતા સેનાનીઓની અવગણના કરી. નિર્માતા-દિગ્દર્શક એવું પણ માનતા હશે કે મહિલા પાત્રો પર બનેલી ફિલ્મ કમાઈ નહીં કરી શકે. જો કે, ફિલ્મ કંગના રનૌટ ફિલમ ‘ મણિકર્ણીકા’ એ અમુક અંશે આ ભ્રમ તોડી નાંખ્યો છે, પણ એનું એક મોટું કારણ એ પણ દેખાય છે કે આપણા દસ્તાવેજી સાહિત્યએ મહિલા સેનાનીઓને બીજા ક્રમના સેનાનીના રૂપમાં દાખવ્યા છે.

**ભવિષ્યમાં શું ?**

જોકે હવે ઇતિહાસને જોવાનો દ્રષ્ટિકોણ પણ ધીમે ધીમે બદલાઈ રહ્યો છે. આવા માહોલમાં આગામી સમયમાં ‘મણિકર્ણિકા’ જેવી વધુ ફિલ્મો રિલીઝ થવાની અપેક્ષા છે.

બીજી તરફ, આવી સાહિસકતા વેબ સિરીઝમાં પણ જોવા મળી છે. ‘ધ ફોરગોટન આર્મી ’માં ‘આઝાદ હિંદ ફોજ’ ની મહિલા સ્વતંત્રતી સેનાની માતંગિની હાજરા, કેપ્ટન લક્ષ્મી સેહગલ, કમલા ચટ્ટોપાધ્યાય અને સુચેતા કૃપલાણી જેવા નામોનો ઉલ્લેખ સુદ્ધાં ન થાય એ દુઃખદ છે, પરંતુ આશા રાખીએ કે નિર્માતાઓની નવી પેઢી આવી ભૂલોનું પુનરાવર્તન નહીં કરે અને હિંમતવાન સ્ત્રી પાત્રોવાળા વિષયો વધુ પસંદ કરશે. સરકાર અને ફિલ્મ ઉદ્યોગે પણ આ તરફ ધ્યાન આપવું જોઈએ અને આ ભેદભાવ આઝાદીની ૭૮મી શતાબ્દી પૂર્ણ થાય ત્યાં સુધીમાં પૂર્ણ થવો જોઈએ. ■

# ચીનની નકલઃ પાકિસ્તાન આર્મી રૉકેટ ફૉર્સ બનાવશે

ઇસ્લામાબાદઃ પાકિસ્તાને એક નવી ફૉર્સ - આર્મી રૉકેટ ફૉર્સ - બનાવવાની જાહેરાત કરી છે. આ ફૉર્સ અદ્યતન ટેકનોલોજીથી સજ્જ હશે અને તેની લડાઇ ક્ષમતાઓને મજબૂત બનાવવામાં 'સિમાચિહ્નરૂપ' સેવા આપવાનો હેતુ ધરાવે છે.

વડા પ્રધાન શાહબાઝ શરીફે બુધવારે મોડી રાત્રે ૭૯મા સ્વતંત્રતા દિવસ અને ભારત સાથેના તાજેતરના ચાર દિવસીય લશ્કરી સંઘર્ષની યાદમાં એક કાર્યક્રમમાં આ જાહેરાત કરી હતી.

દેશની લશ્કરી પ્રતિભાવ ક્ષમતાના વિકાસમાં આ એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે, એમ શરીફે આર્મી રૉકેટ ફૉર્સ કમાન્ડની રચનાની જાહેરાત કરતી વખતે કહ્યું હતું.

જોકે, તેણે નવા ફૉર્સ અથવા તેની જવાબદારીઓ વિશે વધુ વિગતો આપી નથી.

પાકિસ્તાનનું નવું દળ દેખીતી રીતે તેના સર્વકાલિન સાથી ચીનના પીપલ્સ લિબરેશન આર્મી રોકેટ ફોર્સથી પ્રેરિત છે, જે જમીન-આધારિત બેલિસ્ટિક, હાઇપરસોનિક, ક્રૂઝ મિસાઇલો - પરમાણુ અને પરંપરાગત બંને - ના શસ્ત્રાગારને નિયંત્રિત કરે છે.

રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારી, ત્રણેય સેવાઓના વડાઓ અને રાષ્ટ્રીય અને વિદેશી મહાનુભાવો પણ આ કાર્યક્રમમાં હાજર હતા.

શરીફે મે મહિનામાં પાકિસ્તાન અને ભારત વચ્ચે થયેલા લશ્કરી મુકાબલાને મોટી જીત ગણાવી હતી અને ભારતની પરમાણુ શક્તિના જવાબમાં દેશની પરમાણુ ક્ષમતાને વ્યૂહાત્મક જરૂરિયાત તરીકે શ્રેય આપ્યો હતો.

તેણે દાવો કર્યો હતો કે ''માત્ર ચાર દિવસમાં, ભારતનું ઘમંડ તૂટી ગયું...'' ■



**ઝંડા ઊંચા રહે હમારાઃ** આઝાદી દિનની પૂર્વસંધ્યાએ ભારતીય લશ્કર અને આઇટીબીપીના જવાનોએ અરુણાચલ પ્રદેશમાં 'તિરંગા રૅલી' કાઢી હતી. (એજન્સી)

# વેપાર ખાધ ૭.૨૯ ટકા અને નિકાસ ૭ ટકા વધી

નવી દિલ્હીઃ દેશની નિકાસ જુલાઈ મહિનામાં વાર્ષિક ધોરણે ૭.૨૯ ટકા વધીને ૩૭.૨૪ અબજ ડોલર થઈ છે, જ્યારે વેપાર ખાધ ૨૭.૩૫ અબજ ડોલર થઈ ગઇ છે. ગુરુવારે જાહેર કરાયેલા સત્તાવાર આંકડામાં આ માહિતી આપવામાં આવી છે.

જાહેર કરાયેલા સત્તાવાર આંકડા અનુસાર, ગયા વર્ષે આ જ મહિનામાં દેશની નિકાસ ૩૪.૭૧ અબજ ડોલર હતી. ગયા મહિને દેશની નિકાસમાં વધારા સાથે આયાતમાં પણ નોંધપાત્ર વધારો થયો હતો. આ સમયગાળા દરમિયાન આયાત ૮.૬ ટકા વધીને ૬૪.૫૯ અબજ ડોલર થઈ હતી.

જુલાઈ ૨૦૨૫માં નિકાસ અને આયાત વચ્ચેનું અંતર એટલે કે વેપાર ખાધ ૨૭.૩૫ અબજ ડોલર રહી હતી. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ચાર મહિના (એપ્રિલ-જુલાઈ) માં નિકાસ કુલ ૩.૦૭ ટકાના વધારા સાથે ૧૪૯.૨ અબજ ડોલર થઈ હતી જ્યારે આયાત ૫.૩૬ ટકા વધીને ૨૪૪.૦૧ અબજ ડોલર થઈ ગઈ હતી.

મીડિયાને જાણકારી આપતા વાણિજ્ય સચિવ સુનિલ બર્થવાલે જણાવ્યું હતું કે વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાઓ છતાં ભારતની માલ અને સેવાઓની નિકાસ સારી રીતે ચાલી રહી છે. તેમણે જણાવ્યું હતું કે નિકાસમાં નોંધપાત્ર વધારો થયો છે, જે વૈશ્વિક નિકાસ વૃદ્ધિ કરતા ઘણો વધારે છે. વૃદ્ધિને વેગ આપનારા મુખ્ય ક્ષેત્રોમાં એન્જિનિયરિંગ, ઇલેક્ટ્રોનિક્સ, જેમ્સ અને જ્વેલરી, ફાર્મા અને રસાયણોનો સમાવેશ થાય છે. ■

# જથ્થાબંધ ફુગાવો જુલાઈમાં ઘટીને માઈનસ ૫.૨ ટકા

નવી દિલ્હીઃ ખાદ્ય પદાર્થો અને ઇંધણના ભાવમાં ઘટાડા વચ્ચે જથ્થાબંધ ફુગાવો જુલાઈમાં બે વર્ષના નીચલા સ્તર માઈનસ ૫.૨ ટકા પર આવી ગયો છે. ગુરુવારે જાહેર કરાયેલા સરકારી આંકડામાંથી આ માહિતી પ્રાપ્ત થઈ છે. જોકે, નિષ્ણાતોએ અંદાજ લગાવ્યો હતો કે ઓગસ્ટમાં જથ્થાબંધ ભાવ સૂચકાંક આધારિત ફુગાવો વધી શકે છે કારણ કે મૂળ અસર ઓછી થશે અને સીઝનેબલ ભાવ વધારો ચાલુ રહેશે.

હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારિત ફુગાવો જૂનમાં માઈનસ ૦.૧૩ ટકા અને જુલાઈ ૨૦૨૪માં ૨.૧૦ ટકા રહ્યો હતો. એક નિવેદનમાં જણાવ્યું હતું કે, મુખ્ય રીતે ખાદ્ય વસ્તુઓ, ખનિજ તેલ, ક્રૂડ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, મૂળભૂત ધાતુઓનું ઉત્પાદન વગેરેના ભાવમાં ઘટાડાને કારણે જથ્થાબંધ ફુગાવો શૂન્યથી નીચે રહ્યો છે.

હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સના આંકડા અનુસાર, જુલાઈમાં ખાદ્યપદાર્થોના ભાવ૬.૨૯ ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે જૂનમાં ૩.૭૫ ટકાનો ઘટાડો થયો હતો. શાકભાજીના ભાવમાં ભારે ઘટાડો થયો હતો. જુલાઈમાં તેમના ભાવમાં ૨૮.૯૬ ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે જૂનમાં તેમાં ૨૨.૬૫ ટકાનો ઘટાડો થયો હતો. મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટ્સના કિસ્સામાં ફુગાવો જૂલાઈમાં વધીને ૨.૦૫ ટકા થયો હતો, જ્યારે છેલ્લા મહિનામાં તે ૧.૯૭ ટકા હતો. ઈંધણ અને વીજળીમાં જુલાઈમાં તે ૨.૪૩ ટકા હતો, જ્યારે જૂનમાં તે ૨.૬૫ ટકા હતો.

રિટેલ ફુગાવાને ધ્યાનમાં રાખીને નાણાં નીતિ નક્કી કરતી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિ સમિતિએ આ મહિનાની શરૂઆતમાં પોલિસી રેટ રેપો ૫.૫ ટકા પર યથાવત્ રાખ્યો હતો. છૂટક ફુગાવો જુલાઈમાં આઠ વર્ષના નીચલા સ્તરે ૧.૫૫ ટકા પર આવી ગયો હતો. ■

# પાલિકાઓ ઊંઘતી રહી એમાં રખડતા શ્વાનોની સમસ્યા વકરીઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ગુરુવારે કહ્યું હતું કે પાલિકાઓની ઉદાસીનતાને કારણે દિલ્હી-એનસીઆર વિસ્તારમાં રખડતાં કૂતરાઓની સમસ્યા વકરી રહી છે.

સ્થાનિક વહીવટી તંત્રએ આ સમસ્યાનો ઉકેલ લાવવા કોઈ જ પગલાં ન લીધાં હોવાનું સુપ્રીમ કોર્ટે કહ્યું હતું.

વિવિધ ખંડપીઠે આ કૂતરાઓને રસ્તા પરથી અન્યત્ર આશરો આપવાનો આદેશ આપ્યા બાદ રસ્તા પર રખડતાં કૂતરાઓ સંબંધિત મુદ્દો હાથ ધરવા ન્યાયાધીશ વિક્રમનાથ, સંદીપ મહેતા અને એન. વી. અંજારિયાની બનેલી નવી ખંડપીઠની રચના કરવામાં આવી હતી. જુદી જુદી ખંડપીઠ દ્વારા ૧૧ ઑગસ્ટે આપવામાં આવેલા ચુકાદા પર વચગાળાનો સ્ટે આપવાની માગણી કરતી અરજી અંગેનો ચુકાદો અનામત રાખતા અગાઉ ત્રણ ન્યાયાધીશની બનેલી ખંડપીઠે વરિષ્ઠ વકીલ કપિલ સિબલ, તુષાર મહેતા અને અન્યોની દલીલ સાંભળી હતી.

ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને આર. મહાદેવનની બનેલી ખંડપીઠે દિલ્હી-એનસીઆરના વહીવટીતંત્રને રખડતાં કૂતરાઓનું અન્યત્ર પુનઃર્વસન કરવા ૧૧ ઑગસ્ટે જણાવ્યું હતું. ખંડપીઠે સ્થાનિક વહીવટીતંત્રને ૫,૦૦૦ કૂતરાઓ માટે આશ્રયસ્થાન ઊભા કરી આરંભ કરવા જણાવ્યું હતું.

દરમિયાન દિલ્હી સરકારે ગુરુવારે સુપ્રીમ કોર્ટને માહિતી આપતાં જણાવ્યું હતું કે કૂતરા કરડવાથી હડકવાને કારણે બાળકોનાં મોત થઈ રહ્યાં હોવા સહિતની કોઈપણ પ્રકારની દલીલ વિના દિલ્હી-એનસીઆર વિસ્તારમાં રખડતાં કૂતરાઓની સમસ્યાનો ઉકેલ લાવવો જરૂરી છે.

દિલ્હી સરકારે કૂતરા કરડવાની સંખ્યાનાં ટાંકેલા આંકડાઓનો ઉલ્લેખ કરી સુપ્રીમ કોર્ટના ૧૧ ઑગસ્ટના આદેશ પર સ્ટે માગી રહેલા લોકોએ દલીલ કરતાં કહ્યું હતું કે લોકો હડકવાને કારણે મરી રહ્યા હોવાનું જણાવી સરકારે ભયાનક-ડરામણી પરિસ્થિતિ ઊભી કરવાનો પ્રયાસ ન કરવો જોઈએ. (એજન્સી) ■

# દિલ્હીમાં તોફાની વરસાદ, વૃક્ષ પડવાથી એકનું મોત

નવી દિલ્હીઃ દિલ્હી ગુરુવારે ભારે વરસાદથી તરબોળ થયું હતું. આના કારણે જળમગ્ન રસ્તાઓ પર વાહનો કલાકો સુધી ફસાયા હતા. તેમ જ મુસાફરોએ પાણી ભરેલા રસ્તાઓમાંથી પસાર થવું પડ્યું હતું.

શહેરમાં વૃક્ષો ધરાશાયી થવાની અનેક ઘટનાઓ નોંધાઇ હતી. જેમાં કાલકાજીમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર ધૌલા કુઆં-ગુરુગ્રામ માર્ગ પર એક ડીટીસી બસ ફસાઇ ગઇ હતી. તેમજ વરસાદી પાણીમાં કારો ફસાઇ ગઇ હતી. મોટરસાઇકલ અને સ્કૂટર પર મુસાફરી કરતાં લોકોને ઉતરીને જળમગ્ન વિસ્તારોમાંથી તેમના વાહનો બહાર કાઢવા પડ્યા હતા.

ભારે વરસાદમાં કાલકાજી રોડની વચ્ચોવચ્ચ એક મોટું વૃક્ષ ઉખડીને રસ્તા પર દોડતા વાહનો પર પડ્યું હતું. જેમાં તુગલકાબાદ વિસ્તારના રહેવાસી ૫૦ વર્ષીય સુધીર કુમારનું મોત નીપજ્યું હતું.

તેઓ તેમની પુત્રી પ્રિયા (૨૨) સાથે મોટરસાઇકલ પર સવાર હતા. ગુરુવારે સવારે બનેલા આ બનાવમાં પ્રિયાનું પેલ્વિક હાડકું તૂટી ગયું હતું.

લાજપત નગર, રોહતક રોડ, આનંદ પર્વત, જહાંગીરપુરીમાં જીટીકે ડેપો, આદર્શ નગર, રિંગ રોડ નજીક જૂનો જીટી રોડ, મથુરા રોડ પર આશ્રમથી મૂલચંદ સુધી જતો રસ્તો અને ધૌલા કુઆં-ગુરુગ્રામ રોડ જળમગ્ન થયા હતા. જેના કારણે કામકાજના સમયે રાહદારીઓને ભારે અસુવિધાઓનો સામનો કરવો પડ્યો હતો. ■

# ઑપરેશન સિંદૂરમાં પરાક્રમ દેખાડનાર બીએસએફના ૧૬ જવાનને વીરતા ચંદ્રક

નવી દિલ્હીઃ પાકિસ્તાન વિરુદ્ધ ઓપરેશન સિંદૂર દરમિયાન ઉત્તમ શૌર્ય અને અજોડ બહાદુરી દર્શાવવા બદલ બોર્ડર સિક્યુરિટી ફોર્સ(બીએસએફ)ના ૧૬ જવાનોને વીરતા ચંદ્રકથી સન્માનિત કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા આ જવાનો માટે વીરતા ચંદ્રક(જીએમ)ની જાહેરાત ૭૯મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ કરવામાં આવી હતી. આમાંથી કેટલાક સૈનિકોએ દુશ્મન સર્વેલન્સ કેમેરાનો નાશ કર્યો હતો, જ્યારે અન્યોએ ડ્રોન હુમલાઓને નિષ્ફળ બનાવ્યા હતા. આ અર્ધલશ્કરી દળને દેશના પશ્ચિમ ભાગમાં સેનાના ઓપરેશનલ નિયંત્રણ હેઠળ નિયંત્રણ રેખા(એલઓસી) ઉપરાંત ૨,૨૯૦ કિલોમીટર લાંબી ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ(આઇબી)ની સુરક્ષાનું કામ સોંપવામાં આવ્યું છે. બીએસએફએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે આ સ્વતંત્રતા દિવસ પર ૧૬ બહાદુર સીમા પ્રહરીઓ(બોર્ડર ગાર્ડસ)ને તેમની અદમ્ય બહાદુરી અને અપ્રતિમ પરાક્રમ તથા દ્રઢ નિશ્ચય માટે વીરતા ચંદ્રક એનાયત કરવામાં આવી રહ્યા છે. આ ચંદ્રકો ભારતની પ્રથમ સંરક્ષણ હરોળઃ સીમા સુરક્ષા દળમાં રાષ્ટ્રની શ્રદ્ધા અને વિશ્વાસનું પ્રમાણ છે. અત્રે નોંધનીય છે કે સરહદ પર બીએસએફ સાથે મળીને ત્રણેય સંરક્ષણ દળો દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન સિંદૂર હેઠળ ભારતે બાવીસ એપ્રિલના રોજ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં ૭થી ૧૦ મે સુધી પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી અને લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા. આ હુમલામાં ૨૬ લોકો મૃત્યુ પામ્યા હતા. જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા. આ ઓપરેશનમાં બે બીએસએફ જવાન શહીદ થયા હતા. જ્યારે સાત જવાન ઘાયલ થયા હતા. ■

# હવે ભારતના વિઝા એક દિવસમાં મળશે

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે વિદેશી મુસાફરો માટે વિઝા પ્રક્રિયાને ઝડપી અને સરળ બનાવવા માટે મહત્ત્વનો નિર્ણય લીધો છે. હવે યોગ્ય દસ્તાવેજો સબમિટ કરવામાં આવે તો ભારતના વિઝા એક જ દિવસમાં મળી શકશે. આ ઉપરાંત, ગેરકાયદે પ્રવાસીઓ અને વિઝાની મુદતથી વધુ રોકાતા વિદેશીઓ પર નજર રાખવા માટે નવી ટેકનોલોજી આધારિત સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. આ પગલાથી ભારતમાં પ્રવાસન અને વ્યવસાયિક મુસાફરીને વેગ મળશે.

કેન્દ્ર સરકારે વિઝા પ્રક્રિયાને સરળ બનાવવા નિયામકીય છૂટછાટની જાહેરાત કરી છે. જો અરજદારના તમામ દસ્તાવેજો નિયમો પ્રમાણે હશે તો વિઝા એક જ દિવસમાં આપી દેવામાં આવશે. આ સાથે, ગેરકાયદે પ્રવાસીઓ અને વિઝા ઓવરસ્ટેની સમસ્યા ઉકેલવા માટે બે નવા પોર્ટલ જિલ્લા પોલીસ મોડ્યુલ અને વિદેશી ઓળખ પોર્ટલ શરૂ કરવામાં આવ્યા છે. વિઝા પ્રક્રિયાને વધુ સરળ બનાવવા માટે મુખ્ય વિઝા કેટેગરીની સંખ્યા ૨૬થી ઘટાડીને ૨૨ કરવામાં આવી છે, જ્યારે સબ-કેટેગરી ૧૦૪થી ઘટીને ૬૯ થઈ છે. આ નિર્ણયથી વિઝા ઇશ્યૂ કરવાનો સમય અઠવાડિયાઓથી ઘટીને એક દિવસથી પણ ઓછો થઈ ગયો છે. ■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

## ભાષા વૈભવ...

'શોલે'ની જોડી જમાવો

| A | B |
|---|---|
| सांभा | સત્યેન્દ્ર કપૂર |
| हरिराम | વિજુ ખોટે |
| रामलाल | મેક મોહન |
| इमाम | કેષ્ટો મુખરજી |
| कालिया | એ કે હંગલ |

## ઓળખાણ પડી?



'શોલે'માં ગણતરીની મિનિટોની ભૂમિકાથી દર્શકોમાં દિલમાં વસી ગયેલા ધર્મેન્દ્ર - અમિતાભ વચ્ચે દેખાતા એક્ટરની ઓળખાણ પડી?

અ) ડેવિડ બ) જગદીશ રાજ ક) જગદીપ ડ) સજ્જન

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પં | દ | ૨ ર | ૩ મી | ૪ ઓ | ૫ ગ | સ્ટ | | ૬ શ | ૭ કે |
| ગ | | ૮ ગ | ર | મ | ર | | ૯ ધ્વ | | સ |
| ૧૦ ત | ૧૧ સુ | | ર | | જ | | ૧૨ જ | ૧૩ બ | રી |
| | ૧૪ મ | ૧૫ હા | | ૧૬ વ | | ૧૭ લ | વં | ગ | |
| ૧૮ આ | સા | મ | | ૧૯ ગ | ૨૦ દ | ગ | દ | | ૨૧ સ |
| ૨૨ ઝા | મ | | ૨૩ શું? | | મા | | ન | | ફે |
| દી | | ૨૪ કા | | ૨૫ પ્ર | મ | ૨૬ થ | | ૨૭ વા | દ |
| | ૨૮ ઉ | જ | ૨૯ વ | ણી | | ૩૦ વા | ૩૧ દ | ળી | |
| ૩૨ ખ | | | ૩૩ સં | ત | | | શ | | ૩૪ વ |
| ૩૫ રા | ષ્ટ્ર | ગી | ત | | ૩૬ અ | શો | ક | ચ | ક્ર |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | ૫ | ૬ | | ૭ |
| | | ૮ | | ૯ | | ૧૦ | | | |
| ૧૧ | | | | ૧૨ | ૧૩ | | | ૧૪ | |
| | | ૧૫ | ૧૬ | | | | ૧૭ | | |
| | ૧૮ | | | | | ૧૯ | | | |
| ૨૦ | | | | | ૨૧ | | | | ૨૨ |
| ૨૩ | | ૨૪ | | ૨૫ | | | | ૨૬ | |
| | | ૨૭ | ૨૮ | | | | ૨૯ | | |
| | | | ૩૦ | | | ૩૧ | | | |
| | ૩૨ | | | | | ૩૩ | | | |

**આડી ચાવી**

૧. મહત્ત્વનું, નોંધવા જેવું (૪)
૪. ચર્ચા જગાએ એવું (૫)
૮. 'ઘસડવું'નું આજ્ઞાર્થ (૩)
૧૦. અભિમાન (૨)
૧૧. કસોટીમાં માણસનું --- પોરખાય (૨)
૧૨. રત (૩)
૧૪. --- પર રોટલા શેકાય (૨)
૧૫. બાળકને ઝુલાવો (૪)
૧૭. મશીનનો ભાગ (૩)
૧૮. ઓળખાયું (૪)
૧૯. ઘરની આગળનો ભાગ (૨)
૨૧. નિશાન લેવું (૩)
૨૩. આંખની કીકી (૩)
૨૫. ઘરની અંદરનો ખંડ (૩)
૨૬. મારી બહેનના પપ્પા (૨)
૨૭. જામીનખત (ગુનેગારનું) (૪)
૨૯. એક હાથમાં ચાર હોય (૩)
૩૦. પરુ (જો. છૂ.) (૨)
૩૨. રાજવંશી ભાયાત (જો. છૂ). (૪)
૩૩. દિવાસાનું --- કરવામાં આવે (૪)

**ઊભી ચાવી**

૧. ડાયરી, વાસરિકા (૪)
૨. મોટી પાઘડી (૨)
૩. જંગમ, ચલ, વન (૨)
૫. નાનું, લઘુ (૩)
૬. --- દેવી એટલે વખાણવું (૨)
૭. ફાટક, મોટું બારણું (૪)
૯. નાનું ગાડું (૪)
૧૩. --- તેને જવા દો (૨)
૧૪. ઘાસનું પાંખડું (૩)
૧૫. --- પામવો એટલે રહસ્ય સમજવું (૨)
૧૬. વગર પરણ્યે 'રાખેલી' --- સ્ત્રી (૩)
૧૭. પહોંચવું (૩)
૧૯. સંખ્યા રકમ (૩)
૨૦. ઘરની આગળનો ભાગ (૪)
૨૧. તારા (૩)
૨૨. ખાડામાંથી પાણી લાવવાની રચના (૩)
૨૪. વંદન કરું (૨) (જો. છૂ.)
૨૫. સુખડ ઘસવાનો પથ્થર (૪)
૨૬. લગામ (૪)
૨૮. ચરસનો વ્યસની (૩)
૩૧. જલસા (૨)

## ગુજરાત મોરી મોરી રે

'શોલે'ના કલાકારના મોટા કાફલામાં ગુજરાતી રંગભૂમિ અને ફિલ્મોના કયા દિગ્ગજ અભિનેતાએ નાનકડો રોલ કર્યો હતો?

અ) ઉપેન્દ્ર ત્રિવેદી બ) અરવિંદ જોશી
ક) શૈલેષ દવે ડ) અમૃત પટેલ

## જાણવા જેવું

ધર્મેન્દ્ર 'શોલે'માં ઠાકુર બલદેવ સિંહની ભૂમિકા કરવા ઉત્સુક હતા. રમેશ સિપ્પીએ કહ્યું કે જો ધર્મેન્દ્ર ઠાકુરનો રોલ કરશે તો વીરુનું પાત્ર સંજીવ કુમારને સોંપવું પડશે અને પરિણામે સંજીવ કુમાર - હેમા માલિનીની જોડી બનશે. ધરમજીને એ મંજૂર નહોતું એટલે તેમણે ઠાકુરના રોલની જીદ પડતી મૂકી વીરુનો રોલ સ્વીકારી લીધો.

## સુડોકુ-૯૦૬૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | ૩ | | | ૯ | | ૧ |
| | | ૯ | | ૬ | | ૫ | | |
| ૩ | ૫ | | ૯ | | | | ૬ | |
| ૬ | | | | ૧ | ૯ | | | |
| ૭ | | | ૮ | | ૬ | | | ૪ |
| | | | ૭ | ૩ | | | | ૯ |
| | ૩ | | | | ૮ | | ૯ | ૨ |
| | | ૬ | | ૭ | | ૮ | | |
| ૪ | | ૮ | | | ૨ | | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૦૬૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૬ | ૩ | ૯ | ૪ | ૫ | ૭ | ૮ |
| ૩ | ૪ | ૫ | ૧ | ૮ | ૭ | ૯ | ૨ | ૬ |
| ૮ | ૭ | ૯ | ૬ | ૫ | ૨ | ૩ | ૧ | ૪ |
| ૪ | ૩ | ૭ | ૮ | ૬ | ૯ | ૨ | ૫ | ૧ |
| ૯ | ૫ | ૮ | ૨ | ૧ | ૩ | ૪ | ૬ | ૭ |
| ૬ | ૧ | ૨ | ૭ | ૪ | ૫ | ૮ | ૯ | ૩ |
| ૭ | ૮ | ૩ | ૫ | ૨ | ૧ | ૬ | ૪ | ૯ |
| ૫ | ૬ | ૪ | ૯ | ૭ | ૮ | ૧ | ૩ | ૨ |
| ૨ | ૯ | ૧ | ૪ | ૩ | ૬ | ૭ | ૮ | ૫ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

'શોલે'માં એક અત્યંત નાનકડી પણ દર્શકોને ગમી ગયેલી 'મૌસી'ની ભૂમિકા ફિલ્મોના કયા વરિષ્ઠ કલાકારે ભજવી હતી

અ) સુલોચના બ) લલિતા પવાર ક) લીલા મિશ્રા ડ) લીલા ચીટનીસ

## નોંધી રાખો

'શોલે'ને કારણે મુંબઈના મિનરવા થિયેટરને સમગ્ર દેશમાં ખ્યાતિ પ્રાપ્ત થઈ હતી. સળંગ પાંચ વર્ષ ફિલ્મ અહીં ચાલી હતી.

## માઈન્ડ ગેમ

સલીમ - જાવેદએ લખેલી ફિલ્મ 'શોલે'ની પટકથામાં ઠાકુર બલદેવ સિંહ રહેતા હોય છે એ ગામનું નામ યાદ છે ખરું?

અ) દેવગઢ બ) રામગઢ
ક) રતનગઢ ડ) કિશનગઢ

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| जँभाई | બગાસું |
| जंतरी | જાદુગર |
| जचना | ગમવું |
| जज्बा | આવેશ |
| जटिल | અટપટું |

**ગુજરાત મોરી મોરી રે**
વશ

**ઓળખાણ પડી?**
ખૂન ભરી માંગ

**માઈન્ડ ગેમ**
હમ પાંચ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો**
ગીત ગાતા ચલ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) સુભાષ મોમાયા (૩) તાહેર ઔરંગાબાદવાલા (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) ભારતી બુચ (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) નયના હરિહર (૧૦) નીતા દેસાઈ (૧૧) હર્ષા મહેતા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) નુતન વિપીન શાહ (૧૫) વિપીન શાહ (૧૬) પુષ્પા પટેલ (૧૭) મીનળ કાપડિયા (૧૮) શ્રદ્ધા આશર (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) રમેશ દલાલ (૨૩) હિના દલાલ (૨૪) ઈનાક્ષી દલાલ (૨૫) જ્યોત્સના ગાંધી (૨૬) મહેશ સંઘવી (૨૭) ધવલ શાહ (૨૮) જવલંત પદમશી ચિખલ (૨૯) મનીષા શેઠ (૩૦) ફાલ્ગુની શેઠ (૩૧) મહેન્દ્ર લોઢાવિયા (૩૨) મહેશ દોશી (૩૩) વિણા સંપટ (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) પ્રવીણ વોરા (૩૬) ભાવના કર્વે (૩૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૮) અંજુ ટોલિયા (૩૯) શિલ્પા શ્રોફ (૪૦) અલકા વાણી (૪૧) ડાયના સંતોકે (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) ડો. પ્રકાશ કટકિયા (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ગીતા ઉદેશી (૪૮) પ્રતિમા પમાણી (૪૯) કિશોર સંઘરાજકા (૫૦) અરવિંદ કામદાર (૫૧) નિતિન જયંતિલાલ બજરિયા

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) સૂર્યા સેન, ૨) સુખદેવ, ૩) રાજગુરુ, ૪) નિર્મલ સેન, ૫) દુર્ગા વોહરા, ૬) કલ્પના દત્તા, ૭) રાની લક્ષ્મી બાઈ

**ક્વિઝ (બ)** ૧)હમ સાથ સાથ હૈ, ૨)સત્યમ શિવમ સુન્દરમ, ૩)સંજોગ, ૪)જ્યોતિ, ૫)અમર પ્રેમ, ૬)છોટી બહુ, ૭)ચરનદાસ

# ત્રણ દિવસ મકાનોનું રજિસ્ટ્રેશન, વેચાણ-ખરીદી ઠપ

## આઈ-સરિતા સિસ્ટમનું ટેક્નિકલ મેઈન્ટેનન્સ અને રિપેરિંગની કામગીરી હાથ ધરાશે

થાણેઃ રાજ્યના રજિસ્ટ્રેશન વિભાગની આઇ-સરિતા સિસ્ટમની ટેકનિકલ મેઇન્ટેનન્સ અને રિપેરિંગ કામગીરી કરવામાં આવશે. આ કામગીરીના કારણે રાજ્યમાં મકાન ખરીદ-વેચાણ, ભાડુઆત કરાર અને અન્ય દસ્તાવેજ નોંધણીની કામગીરી આગામી ત્રણ દિવસ માટે બંધ રહેશે.

રાજ્યમાં નોંધણી વિભાગ (રજીસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ) સતત ત્રણ દિવસ સુધી બંધ રહેવાનો હોવાથી રાજ્યમાં તમામ દસ્તાવેજ નોંધણી અને સંબંધિત સેવાઓ બંધ થઈ જશે. આ સેવા ૧૪ ઓગસ્ટની મધ્યરાત્રિએ ૧૨ વાગ્યે બંધ હતી અને ૧૭ ઓગસ્ટની મધ્યરાત્રિએ ૧૨ વાગ્યે શરૂ થશે.

નોંધણી વિભાગ એ જિલ્લા વહીવટનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. જમીન, ફ્લેટ અને અન્ય સ્થાવર મિલકતના વ્યવહારોને કાયદેસર બનાવવા માટે તેની રજિસ્ટ્રેશન જરૂરી છે. ટ્રાન્ઝેક્શનની નોંધણી એ માત્ર કાનૂની પુરાવો નથી, પરંતુ મિલકતની માલિકી સ્થાપિત કરતો સત્તાવાર દસ્તાવેજ છે. જો કે હવે ત્રણ દિવસ માટે રજિસ્ટ્રેશન વિભાગ બંધ રહેશે એટલે તમામ વ્યવહારો ઠપ્પ થઈ જશે.

રજિસ્ટ્રેશન વિભાગ ત્રણ દિવસથી બંધ રહેવાથી નાણાકીય વ્યવહારોને અસર થવાની શક્યતા છે. ઘર રજિસ્ટ્રેશનનું કામ ઠપ થઈ જતાં બાંધકામ ક્ષેત્રને પણ અસર થશે. દરમિયાન, રજીસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટે નાગરિકોને સલાહ આપી છે કે તેઓ શક્ય હોય તો ૧૪ ઓગસ્ટ પહેલાં અથવા ૧૭ ઓગસ્ટ પછી જ વ્યવહાર કરે. આઇ-સરિતા સિસ્ટમમાં સર્વરનું કામ પૂર્ણ થયા બાદ તમામ સેવાઓ સરળતાથી શરૂ થશે તેવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે. ■


# જૂનાં વાહનો પર હાઈ સિક્યોરિટી નંબર પ્લેટ લગાવવાની મુદત નવેમ્બરના અંત સુધી લંબાવાઈ

મુંબઈઃ મહારાષ્ટ્ર પરિવહન વિભાગે ગુરુવારે એક એપ્રિલ, ૨૦૧૯ની પહેલા નોંધાયેલા વાહનો પર હાઇ સિક્યોરિટી રજિસ્ટ્રેશન પ્લેટ (એચએસઆરપી) લગાવવા માટે નવેમ્બરના અંત સુધી નવી અંતિમ તારીખ જાહેર કરી છે.

સરકારે ચોથી વખત જૂના વાહનો પર એચએસઆરપી લગાવવાની અંતિમ તારીખ લંબાવી છે. આને માટેની મૂળ સમયમર્યાદા આ વર્ષના માર્ચ સુધીની હતી, પરંતુ તેને એપ્રિલના અંત સુધી, ત્યારબાદ જૂનના અંત સુધી અને છેલ્લે ૧૫ ઓગસ્ટ સુધી લંબાવવામાં આવી હતી, જેને હવે નવેમ્બરના અંત સુધી લંબાવવામાં આવી છે.

રાજ્ય પરિવહન કમિશનર વિવેક ભીમનવારે ગુરુવારે સાંજે જારી કરાયેલા સરક્યુલરમાં જણાવાયું છે કે તમામ પ્રાદેશિક પરિવહન કચેરીઓ (આરટીઓ) ને વાહન માલિકીના ટ્રાન્સફર, સરનામામાં ફેરફાર તેમજ જો વાહનોમાં એચએસઆરપી ન હોય તો હાઇપોથેકેશન ઉમેરવા અથવા દૂર કરવા જેવા કાર્યો પર પ્રતિબંધ

(જુઓ પાનું ૪) ▶▶



**ત્રિરંગા સન્માનઃ** સ્વાતંત્ર્ય દિન ૧૫મી ઓગસ્ટ નિમિત્તે ચર્ચગેટ સ્ટેશન સામેની હેરિટેજ ઈમારતને ત્રિરંગા લાઈટથી સજાવવામાં આવી હતી. (અમય ખરાડે)

# બીકેસી પોડ ટેક્સી પ્રોજેક્ટને લીલી ઝંડી, પણ વૃક્ષોની છટણી અનિવાર્ય

મુંબઈઃ બાન્દ્રા કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) વિસ્તાર એ મુંબઇનું બિઝનેસ હબ છે. ઘણી મલ્ટીનેશનલ કંપનીઓ,બેન્કની હેડ ઓફિસ આ વિસ્તારમાં આવેલી છે. ઘણા લોકો અનિયમિત બસ સેવાઓ અને બાન્દ્રા અને કુર્લા રેલ્વે સ્ટેશનોથી ટૂંકા અંતર માટે ઓટો ડ્રાઇવરો દ્વારા વસૂલવામાં આવતા ઊંચા ભાડાની ફરિયાદ કરે છે. આના ઉપાયરૂપ બીકેસી ખાતે લાંબા સમયથી પડતર ઓટોમેટેડ માસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (એમઆરટીએસ) જે પોડ ટેક્સી પ્રોજેક્ટ તરીકે જાણીતી છે ,તેને દરિયાકાંઠાના પર્યાવરણનું રક્ષણ કરવાની જવાબદારી સોંપાયેલ રાજ્ય સંસ્થા, મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી એમસીઝેડએમએ તરફથી મંજૂરી મળી ગઈ છે.

₹૧,૦૧૬.૩૪ કરોડનો અંદાજિત આ પ્રોજેક્ટ ત્રણ વર્ષમાં પૂર્ણ થવાની અપેક્ષા છે અને તેનો ઉદ્દેશ્ય બિઝનેસ હબ સાથે કનેક્ટિવિટી વધારવાનો છે, જે અંદાજે ૪૦૦,૦૦૦ થી ૬૦૦,૦૦૦ દૈનિક મુસાફરોને સેવા પૂરી પાડશે. આ પહેલ પરિવહન પડકારોને હળવો કરશે સાથે, તે દરિયાકાંઠાની ઇકોસિસ્ટમ પર ગંભીર પર્યાવરણીય અસર પણ ઉભી કરશે. એમસીઝેડએમએ દ્વારા મંજૂર કરાયેલા પ્રસ્તાવ મુજબ ૦.૧૪ હેક્ટર મેન્ગ્રોવ્સ પ્રભાવિત થશે અને ૪૩૧ વૃક્ષો કાપવા પડશે. પ્રોજેક્ટ એલાઈનમેન્ટનો લગભગ ૫૮.૪૮ મીટર ભાગ બીકેસી નજીકના કાંઠે આવેલા મેન્ગ્રોવ વિસ્તારો પરથી પસાર થશે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ વૃક્ષો કાપવાની પરવાનગી માટે ટ્રી ઓથોરિટીનો સંપર્ક કર્યો છે.

એમએમઆરડીએ દ્વારા એમસીઝેડએમએને આપવામાં આવેલા પ્રસ્તાવમાં જણાવાયું છે કે ઇઊંઈ માં પરંપરાગત જાહેર પરિવહન વિકલ્પો ઓછા છે અને બળતણની દૃષ્ટિએ મોંઘા પડે એમ છે. ■

### બીડીડીના રહેવાસીઓને ઘરની ચાવી સોંપાઈ

# નવા ઘરોને સોનાની જેમ ગણજોઃ ફડણવીસ

મુંબઈઃ વર્લીમાં બીડીડી ચાલીના પુનર્વિકાસ પ્રોજેક્ટ હેઠળ ૫૫૦થી વધુ પરિવારોને તેમના નવા ફ્લેટનો કબજો મળ્યો છે, ત્યારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે તેમને તેમની મિલકતો વેચવા નહીં અને આગામી પેઢી માટે 'સોના'ની જેમ સાચવવાની વિનંતી કરી હતી.

૫૫૬ પાત્ર રહેવાસીઓને નવા ઘરોની ચાવીઓ સોંપ્યા બાદ એક કાર્યક્રમમાં બોલતા, ફડણવીસે નોંધ્યું કે બીડીડી (બોમ્બે ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ)ની ચાલ (નાના રૂમમાં વિભાજિત ઇમારતો) ફક્ત ઓછી કિંમતના આવાસ એકમો જ નહીં, પરંતુ મુંબઈના સામાજિક અને આર્થિક પરિવર્તનના ઇતિહાસના સાક્ષી છે.

મુંબઈની મિલોમાં કામ કરતા મરાઠીભાષી લોકો માટે આ ચાલમાં એક રૂમવાળા નિવાસોમાં રહેતા લોકોને ઉંચી ઇમારતોમાં આધુનિક ઘરોમાં લઈ જનારા

(જુઓ પાનું ૪) ▶▶

## આમંત્રણ કાર્ડમાં નામ, પણ આદિત્ય ઠાકરે ગેરહાજર

વરલીમાં બીડીડી ચાલ પુનર્વિકાસ પ્રોજેક્ટના પ્રથમ તબક્કા હેઠળ, મ્હાડાએ ૫૫૬ રહેવાસીઓને ચાવીઓના વિતરણ પ્રસંગે સ્થાનિક વિધાનસભ્ય આદિત્ય ઠાકરેને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. જોકે, તેઓ કાર્યક્રમમાં ગેરહાજર રહ્યા હતા.

કાર્યક્રમ કાર્ડમાં આદિત્ય ઠાકરેનું નામ હતું, પરંતુ કાર્યક્રમ જૂથ લાઇનમાં આદિત્ય ઠાકરેના ભાષણનો ક્યાંય ઉલ્લેખ નહોતો. આ વાત ખટકી હોવાથી આદિત્ય ઠાકરેએ કાર્યક્રમમાં ગેરહાજર રહેવાનો નિર્ણય લીધો હતો. ■

# ૬૦ કરોડનો ચૂનો ચોપડ્યો હોવાના આક્ષેપઃ શિલ્પા શેટ્ટી- રાજ કુંદ્રા સામે ફરિયાદ નોંધાઈ

મુંબઈઃ બોલીવુડ અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુંદ્રાની ચિંતામાં ફરી વધારો થયો છે. આ બંને સામે મુંબઈમાં એક ઉદ્યોગપતિએ ૬૦ કરોડ રૂપિયાની છેતરપિંડીનો આરોપ લગાવ્યો છે. દીપક કોઠારી નામના વેપારીએ આરોપ લગાવ્યો છે કે તેમણે ૨૦૧૫થી ૨૦૨૩ દરમિયાન વ્યવસાયિક હેતુઓ માટે ૬૦.૪૮ કરોડ રૂપિયા આપ્યાં હતા. આ રૂપિયા શિલ્પા શેટ્ટી અને તેના પતિએ પોતાના વ્યક્તિગત કામ માટે વાપરી દીધા હોવાનો આરોપ લગાવ્યો છે.

વેપારીએ એવા આરોપ લગાવ્યો છે કે, ૨૦૧૫માં તેઓ રાજેશ આર્ય નામના એજન્ટ દ્વારા શિલ્પા શેટ્ટી અને રાજ કુંદ્રાના સંપર્કમાં આવ્યાં હતાં. તે સમયે શિલ્પા અને રાજ બેસ્ટ ડીલ ટીવીના ડિરેક્ટર હતા, જે એક ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ હતું. તે સમયે શેટ્ટી કંપનીના ૮૭ ટકાથી વધુ શેર ધરાવતા હતા. દીપક કોઠારીએ ૨૦૧૫ના એપ્રિલમાં ૩૧.૯૫ કરોડ રૂપિયા આપ્યાં હતા. ત્યાર બાદ સપ્ટેમ્બરમાં બીજી વખત રૂપિયા આપ્યાં હતા. કોઠારીએ ૨૦૧૫થી ૨૦૧૬માં ૨૮.૫૪ કરોડ રૂપિયા આપ્યાં હોવાનો દાવો છે. કુલ મળીને વેપારીએ ૬૦.૪૫ કરોડ રૂપિયા આપ્યા હતાં.

એટલું જ નહીં પરંતુ કરોડો રૂપિયા સાથે સ્ટેમ્પ ડ્યુટી તરીકે રૂપિયા ૩.૧૯ લાખ ચૂકવ્યા હતા. કોઠારી એવો પણ દાવો કર્યો હતો કે, એપ્રિલ ૨૦૧૬માં આ મામલે શિલ્પા શેટ્ટીએ તેમને વ્યક્તિગત ગેરંટી પણ આપી હતી, પરંતુ મહિનાઓ પછી સપ્ટેમ્બરમાં તેમણે કંપનીના ડિરેક્ટર પદેથી રાજીનામું આપી દીધું. બાદમાં ૧.૨૮ કરોડની દેવાળું ફુંકાયું હોવાનું પણ પ્રકાશમાં આવ્યું હતું.

દીપક કોઠારીએ પોતાની ફરિયાદમાં શિલ્પા શેટ્ટી અને રાજ કુંદ્રા પર ૨૦૧૫-

(જુઓ પાનું ૪) ▶▶

# 'નહેરુને વડા પ્રધાન બનાવીને મહાત્મા ગાંધીએ ભૂલ કરી હતી'

મુંબઈઃ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ ગુરુવારે કૉંગ્રેસી નેતાઓની સામે એવું નિવેદન કર્યું હતું કે ખરેખર જવાહરલાલ નહેરુને વડા પ્રધાન બનાવીને મહાત્મા ગાંધીએ ભૂલ કરી હતી. જનસુરક્ષા કાયદાને રદ કરવાની માગણી સાથે ગુરુવારે યશવંતરાવ ચવ્હાણ સેન્ટર ખાતે વિવિધ પક્ષો અને સંગઠનોનું રાજ્યવ્યાપી સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં બોલતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, 'ભાજપના લોકો સ્વતંત્રતા ચળવળમાં સામેલ નહોતા.

તેઓ સંયુક્ત મહારાષ્ટ્રના આંદોલનમાં સામેલ નહોતા. હવે તેઓ ટેકરી પર ગધેડા જેવા

(જુઓ પાનું ૪) ▶▶

## સુપ્રીમ કોર્ટના ઉંબરે લોકશાહી ક્ષીણ થઈ રહી છે

દેશની લોકશાહી સુપ્રીમ કોર્ટના ઉંબરે ક્ષીણ થઈ રહી છે. ત્રણ-ચાર વર્ષ થઈ ગયા છે, તે ક્યારે મરી જશે તે કહી શકાય નહીં. તેથી, જો સમયસર તે લોકશાહીના મોંમાં ન્યાયનું પાણી ન રેડવામાં આવે તો દેશની લોકશાહી મરી જશે. મુખ્ય ન્યાયમૂર્તિને અપીલ કરતા, શિવસેના પક્ષના વડા ઉદ્ધવ ઠાકરેએ શિવસેના પક્ષ અને તેના પ્રતીકની પર સુનાવણી પર દુઃખ વ્યક્ત કર્યું હતું, પછી ભલે તે કોઈપણ બેન્ચ હોય, તેમણે શિવસેના પક્ષ અને તેના પ્રતીક પર સુનાવણી પર દુઃખ વ્યક્ત કર્યું. ઉદ્ધવ ઠાકરેએ સાપ્તાહિક 'માર્મિક'ની ૬૫મી વર્ષગાંઠ નિમિત્તે પ્રભાદેવીના રવિન્દ્ર નાટ્ય મંદિર ઓડિટોરિયમમાં આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું હતું કે રાજ્યમાં ખેડૂતોની આત્મહત્યા અને અન્ય બાબતો ચાલી રહી છે, ત્યારે હાલમાં બધું ધ્યાન કબૂતરો અને કૂતરાઓ તરફ વાળવામાં આવી રહ્યું છે. સુપ્રીમ કોર્ટે દિલ્હીમાં રખડતા કૂતરાઓને પકડવાનો આદેશ આપ્યો છે. હવે, દેશભરમાં નારાજગી વ્યક્ત થવા લાગી છે. મુંબઈ મરાઠી લોકોએ હસ્તગત કર્યું હતું, આ મુંબઈમાં જ મરાઠી લોકો અલગ થઈ ગયા હતા, પરંતુ હવે એ જ પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. અત્યારે પણ મુંબઈ અને મહારાષ્ટ્રની અસ્મિતાને તોડવાના પ્રયાસો થઈ રહ્યા છે. ■

# દુકાનો માટે મ્હાડાનું ઈ-ઑક્શનઃ ૧૪૯ દુકાન માટે વેપારીઓને મોટી તક

મુંબઈઃ મ્હાડા હવે મુંબઈમાં માત્ર મકાનો જ નહીં પણ સસ્તા ભાવે દુકાનો અને કમર્શિયલ જગ્યાઓ પણ પૂરી પાડશે. મ્હાડા કુલ ૧૪૯ દુકાનોની ઈ-હરાજી કરશે. આ ઈ-હરાજી માટે નોંધણી માટેની અરજીઓ ૧૯ ઓગસ્ટથી શરૂ થશે. આ અરજીઓ ૨૫ ઓગસ્ટ સુધી ડિપોઝિટ રકમ સાથે કરી શકાશે. ઈ-હરાજીનું પરિણામ ૨૯ ઓગસ્ટે જાહેર કરવામાં આવશે. દરમિયાન ૨૮ ઓગસ્ટે સવારે ૧૧ વાગ્યાથી બોલી પ્રક્રિયા શરૂ થશે.

આ ઈ-હરાજી મુંબઈમાં ૧૭ સ્થળોએ ૧૪૯ દુકાનોનો સમાવેશ કરે છે. આમાં એવી ૧૨૪ દુકાનોનો પણ સમાવેશ થાય છે જે છેલ્લી હરાજીમાં વેચાઈ ન હતી. આ માટે બોલી ૨૩ લાખ રૂપિયાથી ૧૨ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવી છે.

મ્હાડાએ ઈ-હરાજી પહેલાં કેટલી ડિપોઝિટ રકમ ચૂકવવાની રહેશે તેની માહિતી આપી છે. ૫૦ લાખ રૂપિયા સુધીની કિંમતની દુકાનો માટે બોલી લગાવવા માટે એક લાખ રૂપિયા, ૫૦ લાખ રૂપિયાથી ૭૫ લાખ રૂપિયાની કિંમતની દુકાનો માટે ૨ લાખ રૂપિયા, ૭૫ લાખ રૂપિયાથી ૧ કરોડ રૂપિયાની કિંમતની દુકાનો માટે ૩ લાખ રૂપિયા અને એક કરોડ રૂપિયાથી વધુ કિંમતની દુકાનો માટે ૪ લાખ રૂપિયા ડિપોઝિટ ભરવાની રહેશે. આનાથી વધુ બોલી લગાવનાર અરજદાર વિજેતા ગણાશે.■

# અટલ સેતુ રૂટ પર 'લેડીઝ સ્પેશિયલ' એસી બસ સેવા શરૂ

## નવી મુંબઈ ટ્રાન્સપોર્ટ સર્વિસ તરફથી મહિલાઓ માટે ખાસ સુવિધાઓ

નવી મુંબઈઃ નવી મુંબઈ મહાનગરપાલિકા પરિવહન ઉપક્રમ અંતર્ગત મહિલા પ્રવાસીઓ માટે મંત્રાલય/વર્લ્ડ ટ્રેડ સેન્ટર થઈને અટલ સેતુ માર્ગ પરથી મહિલાઓ માટે ખાસ એસી બસ સેવા ગુરુવારથી શરૂ કરવામાં આવી છે. નવી મુંબઈ મહાનગરપાલિકા પરિવહન સેવા દ્વારા, નવી મુંબઈ, મુંબઈ, બોરીવલી, થાણે, ભિવંડી, ડોમ્બિવલી, કલ્યાણ, દહિસર, અંબરનાથ, બદલાપુર, પનવેલ, ખોપોલી, કર્જત, રસાયની અને ઉરણ જેવા વિસ્તારોમાં કુલ ૭૦ બસ રૂટ કાર્યરત છે, જેમાં ૨૪ જનરલ અને ૪૬ એસી બસનો સમાવેશ થાય છે. દરમિયાન, બસ રૂટ નંબર ૧૧૬ અને ૧૧૭ પર ગુરુવારથી મહિલાઓ માટે 'લેડીઝ સ્પેશિયલ' બસ સેવા શરૂ કરવામાં આવી છે. પરિવહન વિભાગે મહિલા મુસાફરોને આ ખાસ સેવાનો મહત્તમ લાભ લેવા અપીલ કરી છે.

**રૂટ અને સમયઃ**

રૂટ નંબર ૧૧૬: નેરુલ બસ સ્ટેશન - વર્લ્ડ ટ્રેડ સેન્ટર સવારે ૦૮.૦૫ વાગ્યે

વર્લ્ડ ટ્રેડ સેન્ટર - નેરુલ બસ સ્ટેશન - સાંજે ૦૬:૨૫

રૂટ નંબર ૧૧૭: ખારઘર સેક્ટર ૩૫ - વર્લ્ડ ટ્રેડ સેન્ટર સવારે ૦૮.૦૦ વાગ્યે

વર્લ્ડ ટ્રેડ સેન્ટર-ખારઘર સેક્ટર ૩૫-સાંજે ૬.૫૦ વાગ્યે. ■

### વિસ્ફોટના અવાજથી નાશિકમાં ગભરાટ

# ડોન્ટ વરી, સુખોઈ જેટનો અવાજઃ પોલીસ

નાશિકઃ નાશિકના ડિંડોરી વિસ્તારમાં ગુરુવારે સવારે મોટા બોમ્બ ધડાકા પ્રકારનો વિસ્ફોટ સંભળાયો હોવાથી વિસ્તારમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. જોકે એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ બાદમાં જણાવ્યું હતું કે એ ધડાકાનો અવાજ સુખોઈ ફાઇટર જેટને કારણે થયો હતો.

સૂત્રોએ જણાવ્યું હતું કે સવારે ૧૧:૨૦ વાગ્યે ૨૫ કિલોમીટરની ત્રિજ્યામાં સંભળાયેલા આ અવાજના કારણે કેટલાક મકાનોની બારીઓના કાચને નુકસાન પહોંચ્યું હતું.

પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ બાળાસાહેબ પાટીલે જણાવ્યું હતું કે અહીં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ) ના અધિકારીઓ સાથે આ મુદ્દે ચર્ચા કરી વિગતવાર માહિતી લેવામાં આવી હતી. આ અવાજ સ્પીડમાં ઉડી રહેલા સુખોઇ ફાઇટર જેટને કારણે થયો હતો. લોકોએ ગભરાવાની જરૂર નથી. કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી.

ડિંડોરીના મામલતદાર મુકેશ કાંબળેએ જણાવ્યું હતું કે આ વિસ્તારના તમામ તલાટીઓને આ ઘટનામાં સંપત્તિનું કોઈ નુકસાન થયું છે કે કેમ તેની તપાસ કરવા કહેવામાં આવ્યું છે.

ફાઇટર જેટ વિવિધ પ્રકારના અવાજ ઉત્પન્ન કરે છે જેને ઘણી વખત તીવ્રતાના આધારે વ્હિસલ, સીટી, ગર્જના, ચીસ વગેરે તરીકે વર્ણવવામાં આવે છે. ( પીટીઆઈ)■




**ઉજવણીઃ** ૧૫મી ઓગસ્ટ આઝાદી દિનની ઉજવણી નિમિત્તે સશસ્ત્ર દળ દ્વારા વિશેષ બેન્ડનું આયોજન કરાયું હતું. (જયપ્રકાશ કેળકર)

# સળંગ ત્રણ દિવસ રજાઃ ઍપ-આધારિત ટેક્સીઓ મળવી મુશ્કેલઃ પ્રવાસીઓ હેરાન

મુંબઈઃ દિવસે દિવસે વધી રહેલી ભીડને કારણે જાહેર પરિવહન સેવા પર ભારે દબાણ આવી રહ્યું છે અને મુસાફરો માટે પ્રવાસ કરવો મુશ્કેલ બની ગયા છે. તેથી મધ્યમ અને ઉચ્ચ આવક જૂથના નાગરિકો એપ-આધારિત ટેક્સી તરફ વળી રહ્યા છે. પરંતુ, સતત રજાઓના કારણે આ સેવા મેળવવી મુશ્કેલ બની ગઈ છે.

ટ્રાફિક જૅમના કારણે એપ ટેક્સી ચાલકો સેવા આપવાનો ઇનકાર કરી રહ્યા છે. બીજી તરફ મુસાફરોને તેમના ઇચ્છિત સ્થળ સુધી પહોંચવા માટે એપ ટેક્સી સેવા ન મળવાથી તેઓ હતાશ થઈ રહ્યા છે. ૧૫ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન સતત ત્રણ દિવસની રજાને કારણે એપ આધારિત ટેક્સી સેવાઓ ધીમી પડવાના સંકેતો છે. 'સરકારે ભાડા વધારા અંગે કોઈ સકારાત્મક નિર્ણય લીધો નથી. આના કારણે ઓછા ભાડા પર એપ ટેક્સીઓ ચલાવવી મુશ્કેલ બની ગઈ છે. તેથી 'ઓન્લી મીટર' વેબસાઇટ પરથી ભાડા વસૂલવાનું શરૂ કરવું જરૂરી છે. ■

# અભિનેત્રી શિલ્પા શિરોડકરની કારને બસે મારી ટક્કર

મુંબઈઃ બોલીવૂડની અભિનેત્રી શિલ્પા શિરોડકરની કારને અંધેરીમાં ખાનગી બસે ટક્કર મારી હતી. જોકે આ અકસ્માતમાં કોઇને પણ ઇજા પહોંચી નહોતી.

અંધેરી પૂર્વમાં બુધવારે થયેલા આ અકસ્માતમાં અભિનેત્રીની કારને નુકસાન થયું હતું. અકસ્માત સમયે અભિનેત્રી પોતાની કારમાં હાજર નહોતી.

અભિનેત્રીની કારમાં તેનો સ્ટાફ મુસાફરી કરી રહ્યો હતો. બસની ટક્કરને કારણે કારના પાછળના ભાગમાં ગોબો પડી ગયો હતો અને કાચ તૂટી ગયો હતો.

આ પ્રકરણે એમઆઇડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જેને આધારે ગુનો દાખલ કરીને પોલીસે તપાસ આદરી હતી.

'બિગ બોસ'ની ભૂતપૂર્વ સ્પર્ધક શિરોડકરે ફરિયાદ નોંધાવવામાં મદદ કરવા બદલ મુંબઈ પોલીસનો ઇન્સ્ટાગ્રામ પર આભાર માન્યો હતો. ૫૧ વર્ષની અભિનેત્રીએ તેની કારને થયેલું નુકસાન દર્શાવતા ફોટા પણ શેર કર્યા હતા. 'મુંબઈ પોલીસનો આભાર. તેમણે મને કોઇ સમસ્યા વિના ફરિયાદ નોંધાવવામાં મદદ કરી, પરંતુ (બસ) કંપની આ અકસ્માતની જવાબદારી લેવાનો ઇનકાર કરે છે. મારો સ્ટાફ ઠીક છે અને કોઇને ઇજા થઇ નથી. જોકે કશું પણ થઇ શક્યું હોત,' એમ અભિનેત્રીએ પોસ્ટમાં જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# ચાર વર્ષની ભાણેજ 'ગુમ' થયાના એક વર્ષ બાદ તેની હત્યા કરવા બદલ માસી-માસાની ધરપકડ

થાણેઃ એક વર્ષથી 'ગુમ' ચાર વર્ષની ભાણેજની હત્યા કરવા અને તેનો મૃતદેહ ચાદરમાં વીંટાળીને રાયગડ જિલ્લાના નિર્જન સ્થળે ફેંકી દેવા બદલ માસી અને માસાની ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

લગભગ એક વર્ષથી ગુમ બાળકીના કેસની તપાસ કરી રહેલી થાણે પોલીસે આખરે બાળકીની માસી અને માસાની સોમવારે ધરપકડ કરી હતી અને બાળકીનો મૃતદેહ જ્યાં ફેંકવામાં આવ્યો હતો ત્યાંથી પોલીસને માત્ર ખોપડી જ મળી હતી, એમ ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૩, કલ્યાણ) અતુલ ઝેંડેએ જણાવ્યું હતું.

બાળકીના પિતા રાહુલ ધાડગે ગયા વર્ષે જેલમાં હતો. બાળકીની સંભાળ લેવા માટે કોઇ ન હોવાથી રાયગડના બીવપુરી રોડ પર ચિંચવલી ખાતે રહેનારી માસી અપર્ણા અનિલ મકવાણા ઉર્ફે અપર્ણા પ્રથમેશ કાંબરી (૨૨) અને તેનો પતિ પ્રથમેશ પ્રવીણ કાંબરી (૨૩) બાળકીને પોતાની સાથે લઇ ગયાં હતાં.

દંપતીએ દાવો કર્યો હતો કે પ્રારંભમાં તેઓ બાળકીની ખૂબ સંભાળ લેતા હતા. જોકે તપાસમાં એવું જણાયું હતું કે તેઓ બાળકી પર અત્યાચાર ગુજારતા હતાં. બાળકી માત્ર ચાર વર્ષની હોવાથી અને યોગ્ય વર્તન વિશે અજાણ હોવાથી તે નિર્દોષ ભૂલો કરતી હતી, જેને કારણે પ્રથમેશ કાંબરી ક્રૂર રીતે તેની મારપીટ કરતો હતો.

કલ્યાણની રહેવાસી અને બાળકીની સંબંધી જ્યોતિ સાતપુતેએ ગયા વર્ષે કોલસેવાડી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે અપર્ણા અને પ્રથમેશે બાળકીનું અપહરણ કર્યું છે.

પોલીસે ૬ ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ અપહરણનો ગુનો દાખલ કર્યો હતો અને તમામ દિશામાં તપાસ કરી હતી. સોમવારે અપર્ણા અને તેનો પતિ ચિંચવલીમાં પોતાના ઘરે આવ્યાં હોવાની જાણ થતાં પોલીસે છટકું ગોઠવીને બંનેને ઝડપી પાડ્યાં હતાં. પૂછપરછમાં દંપતીએ હત્યાના ગુનાની કબૂલાત કરી હતી. તેમણે બાળકીને માર મારતાં તેનું મૃત્યુ થયું હતું. બાદમાં મૃતદેહને ગૂણીમાં ભરીને ચાદર વીંટાળી હતી અને રાતના સમયે ચિંચવાડી શિવારા ખાતે નિર્જન સ્થળે ફેંકી દીધો હતો. (પીટીઆઇ)■

# ભારત એશિયા કપમાં પાકિસ્તાનનો બહિષ્કાર કરે એ સંભવ છે? બૉયકૉટ કેમ ન થઈ શકે?

## ‘આપ’ના સાંસદ હરભજન સિંહે જોરદાર ટકોર કરી છે, પણ...

નવી દિલ્હી/દુબઈઃ યુવરાજ સિંહના સુકાનમાં ભારતના નિવૃત્ત ખેલાડીઓની ટીમે તાજેતરમાં વર્લ્ડ ચૅમ્પિયનશિપ ઑફ લેજન્ડ્સ (ડબ્લ્યૂસીએલ)માં પાકિસ્તાન સામેની બે મૅચનો બહિષ્કાર કર્યો એને પગલે ભારતના ઘણા રાજ્યોમાં એવી વાતો થતી હતી કે હવે ભારતે ટી-૨૦ના એશિયા કપમાં પણ પાકિસ્તાન સામે રમવાની ના પાડી દેવી જોઈએ, પરંતુ એની સંભાવના ઘણી ઘટી ગઈ છે. ભૂતપૂર્વ ક્રિકેટર હરભજન સિંહે નવમી સપ્ટેમ્બરે શરૂ થતા એશિયા કપમાં પાકિસ્તાન સામે ન રમવું જોઈએ એવો દૃઢપણે અનુરોધ કર્યો છે.

૯-૨૮ સપ્ટેમ્બર દરમ્યાન યુએઇમાં રમાનારી એશિયા કપ સ્પર્ધામાં ભારત-પાકિસ્તાન વચ્ચેનો લીગ-મુકાબલો ૧૪મી સપ્ટેમ્બરે થશે. ત્યાર પછી સુપર-ફોર ગ્રૂપમાં તેમ જ ફાઇનલમાં પણ ભારત-પાકિસ્તાન વચ્ચે (અનુક્રમે ૨૧મી સપ્ટેમ્બર અને ૨૮મી સપ્ટેમ્બરે) ટક્કર થઈ શકે.

### ભજ્જીએ બે દિવસ પહેલાં શું કહ્યું?

આમ આદમી પાર્ટીના સંસદસભ્ય હરભજન સિંહે બે દિવસ પહેલાં ‘ખૂન ઔર પાની એક સાથ નહીં બહ સક્તે’ એવા કેન્દ્ર સરકારના અભિગમની યાદ દેવડાવીને હિમાયત કરી છે કે (એશિયા કપ માટેની ટીમના સંભવિત સુકાની) સૂર્યકુમાર યાદવ અને તેના સાથીઓએ પાકિસ્તાન સામે રમવાની ના પાડી દેવી જોઈએ. હરભજને મીડિયાને એવું પણ જણાવ્યું કે ‘ શું મહત્ત્વનું છે અને શું મહત્ત્વનું નથી એ સમજવાની જરૂર છે. હું તો એટલું જ જાણું છું કે આપણા દેશનો સૈનિક જે આપણી સુરક્ષા માટે સરહદ પર ઊભો છે, તેનો પરિવાર તેને ઘણી વાર જોઈ પણ નથી શકતો, તેની શહાદત થઈ જતી હોય છે અને તેને પરિવારજનો ફરી ક્યારેય જોઈ જ નથી શકતા...આપણા માટે એ સૈનિક કેટલું મોટું બલિદાન આપતો હોય છે. એ શહાદતની સરખામણીમાં આપણી એક ક્રિકેટ મૅચ તો બહુ નાની અને મામૂલી વાત કહેવાય. શું આપણે એ એક મૅચ છોડી ન શકીએ? સરહદ પર જે પાડોશી દેશ સાથે લડાઈ થતી હોય અને પરિસ્થિતિ તંગ પણ હોય એમ છતાં આપણે એ જ દેશ સાથે ક્રિકેટ રમીએ એ ઠીક કહેવાય? હંમેશાં દેશ પહેલાં અને ક્રિકેટ પછી. ક્રિકેટર હોય કે ઍક્ટર, રાષ્ટ્રથી પર કોઈ જ નથી. કોઈ ક્રિકેટ મૅચ ન રમવી એ દેશના સન્માન સામે બહુ ક્ષુલ્લક બાબત કહેવાય. હું તો કહું છું કે ભારતીય ક્રિકેટરોએ પાકિસ્તાની ખેલાડીઓ સાથે ક્યારેય હાથ પણ ન મિલાવવા જોઈએ.’

### કયા કારણોસર પાકિસ્તાનનો બહિષ્કાર શક્ય નથી?

(૧) હવે તો ક્રિકેટની રમત ઑલિમ્પિક્સનો હિસ્સો થઈ ગઈ છે એટલે ભારત સહિત તમામ દેશો ઑલિમ્પિક્સના નિયમોને આધીન છે. ઑલિમ્પિક ગેમ્સના નિયમો મુજબ વિશ્વના આ સૌથી મોટા રમતોત્સવમાં જે દેશો ભાગ લેવાના હોય તેઓ એકમેક સામેની મૅચનો બહિષ્કાર ન કરી શકે. ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) અને એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના પણ આ પ્રકારના જ નિયમો છે.

(૨) ભારત-પાકિસ્તાન વચ્ચે મુકાબલો થશે જ એવું જણાવીને કરોડો રૂપિયાના મીડિયા રાઇટ્સ મેળવવામાં આવ્યા હોય છે અને સ્પૉન્સરશિપના કરાર પણ થઈ ચૂક્યા હોય છે. કરોડો રૂપિયાની આ આવકમાંથી એશિયા કપ સાથે સંકળાયેલા તમામ ક્રિકેટ બોર્ડને ખાસ્સો એવો હિસ્સો આપવામાં આવતો હોય છે એટલે ભારત-પાકિસ્તાન જેવો હાઈ-વૉલ્ટેજ મુકાબલો રદ થવો સંભવ નથી.

(૩) ભારત એશિયા કપનું મુખ્ય યજમાન છે અને પાકિસ્તાન સાથેની મડાગાંઠને પગલે આ સ્પર્ધા યુએઇમાં રાખવામાં આવી છે.

(૪) તાજેતરમાં લેજન્ડ્સની સ્પર્ધામાં ભારતે પાકિસ્તાનનો બહિષ્કાર કર્યો હતો એ આસાન હતું, કારણકે એ પ્રાઇવેટ ટૂર્નામેન્ટ હતી જ્યારે એશિયા કપ સ્પર્ધા બહુરાષ્ટ્રીય હોવાથી એમાં કોઈ દેશનો બહિષ્કાર કરવો સલાહભર્યું ન કહેવાય, કારણકે એવું થાય તો બહિષ્કાર કરનાર ટીમને આગળ જતાં (ડિસ્ક્વૉલિફાય થવા સહિતની) મુશ્કેલી થઈ શકે.

(૫) યુએઇમાં એશિયા કપનું આયોજન કરનાર આયોજકોએ આશા વ્યક્ત કરી છે કે ભારત-પાકિસ્તાન મુકાબલા થશે જ. આયોજકોનું એવું કહેવું છે કે બીસીસીઆઇ સહિત તમામ ક્રિકેટ બોર્ડોએ આ ટૂર્નામેન્ટમાં અને એમાંના દેશો સામે રમવા બાબતમાં અગાઉથી પોતાની સરકાર પાસેથી મંજૂરી લીધી જ હશે અને એ પછી જ સ્પર્ધામાં રમવાની તૈયારી બતાવી હશે. તેમની તૈયારીને આધારે જ એશિયા કપનું ટાઇમટેબલ બન્યું છે. ■

# ભારતીય મૂળની બોધના શિવાનંદને ચેસમાં ત્રણ નવા ઈતિહાસ રચ્યા

લંડનઃ શતરંજમાં ભારતનો સુવર્ણ કાળ ચાલી રહ્યો છે અને એક પછી એક ખેલાડીઓ ચેસમાં વિશ્વ સ્તરે સુપર સ્ટાર બની રહ્યાં છે એવામાં ભારતીય મૂળની ૧૦ વર્ષની છોકરી બોધના શિવાનંદને પણ નવો ઇતિહાસ રચ્યો છે. તેણે એક નહીં, પણ બે રીતે વિશ્વ વિક્રમ સ્થાપિત કર્યો છે અને ઇંગ્લૅન્ડમાં પણ નવો રેકૉર્ડ રચ્યો છે.

૧૦ વર્ષીય બોધના ઇંગ્લૅન્ડમાં રહે છે અને તે મહિલાઓમાં ચેસનું ઇન્ટરનૅશનલ માસ્ટર (આઇએમ) ટાઇટલ મેળવનારી વિશ્વની સૌથી યુવાન ખેલાડી બની છે. એટલું જ નહીં, તે ગ્રૅન્ડમાસ્ટર (જીએમ) ખેલાડીને હરાવનાર વિશ્વની સૌથી યુવાન મહિલા ખેલાડી પણ બની છે. બોધના કોઈ પણ રમતની આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ઇંગ્લૅન્ડનું પ્રતિનિધિત્વ કરનારી સૌથી યુવાન ખેલાડી પણ બની છે. તેણે ગયા વર્ષે માત્ર નવ વર્ષની ઉંમરે ઇંગ્લૅન્ડનું પહેલી વાર પ્રતિનિધિત્વ કર્યું હતું.





બોધના શિવાનંદને ૬૦ વર્ષના ગ્રૅન્ડમાસ્ટરને હરાવી દીધા.

### ૬૦ વર્ષના ગ્રૅન્ડમાસ્ટરને હરાવ્યા

બોધનાએ આ અઠવાડિયે લિવરપૂલમાં બ્રિટિશ ચેસ ચૅમ્પિયનશિપ્સના અંતિમ રાઉન્ડમાં ૬૦ વર્ષની ઉંમરના ગ્રૅન્ડમાસ્ટર પીટર વેલ્સને પરાજિત કરીને સનસનાટી મચાવી દીધી હતી.

### અમેરિકી ખેલાડીનો વર્લ્ડ રેકૉર્ડ તોડ્યો

સૌથી નાની ઉંમરે ગ્રૅન્ડમાસ્ટર ખેલાડીને હરાવવાની બાબતમાં બોધના શિવાનંદને અમેરિકન ખેલાડી કૅરિસા યિપનો છ વર્ષ જૂનો વર્લ્ડ રેકૉર્ડ તોડ્યો છે. બોધનાની ઉંમર ૧૦ વર્ષ, પાંચ મહિના અને ત્રણ દિવસ છે. કૅરિસાએ ૨૦૧૯માં ગ્રૅન્ડમાસ્ટરને પરાજિત કર્યા હતા ત્યારે તેની ઉંમર ૧૦ વર્ષ, ૧૧ મહિના અને ૨૦ દિવસ હતી.

### જીએમ બનવા કટિબદ્ધ

ચેસમાં ગ્રૅન્ડમાસ્ટર હાઇએસ્ટ ટાઇટલ કહેવાય છે અને ૧૦ વર્ષની બોધના આઇએમ બન્યા પછી હવે જીએમ બનવા પ્રતિબદ્ધ છે. હાલમાં બોધનાને વિમેન ઇન્ટરનૅશનલ માસ્ટર (આઇએમ) રૅન્ક આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં નાગપુરની ૧૯ વર્ષીય દિવ્યા દેશમુખ વર્લ્ડ કપ જીતી એ સાથે તેને આપોઆપ જીએમનું ટાઇટલ પણ મળી ગયું હતું.

### પુત્રીની કુશળતાથી પિતા આશ્ચર્યચકિત

બોધના શિવાનંદનના પિતાનું નામ શિવા છે. તેમણે ગયા વર્ષે બ્રિટનની એક જાણીતી વેબસાઇટને મુલાકાતમાં કહ્યું હતું કે ‘હું અને મારી પત્ની ચેસમાં જરાય સારું નથી રમી શકતાં, પણ અમારી પુત્રી બોધના બુદ્ધિકસોટીની આ રમતમાં જે સિદ્ધિઓ મેળવી રહી છે એનાથી અમે બધા ચોંકી ગયા છીએ.’

### ચેસથી ગણિતમાં ફાયદો

ખુદ બોધના શિવાનંદન કેમ ચેસમાં આટલી બધી રુચિ ધરાવે છે એ વિશે કહે છે, ‘ મને ચેસ રમવી ખૂબ ગમે છે. ચેસ રમીને હું ખૂબ ખુશ રહું છું. બીજું, ચેસની રમતથી મને ગણિતના વિષયમાં સુધારો કરવામાં મદદ મળી છે. હું ચેસને કારણે ગણતરી વધુ સારી રીતે કરી શકું છું.’

### બોધનામાં ઘણી ખાસિયતો


બ્રિટિશ ચેસ ફેડરેશનના પ્રવક્તા ડૅની ગૉર્માલીએ કહ્યું છે કે ‘બોધના ખૂબ સહજતાપૂર્વક ચાલ ચાલતી હોય છે. જોકે તેની ગેમમાં દૃઢતા અને પાકટતા પણ જોવા મળે છે. તે શાંતિપૂર્વક હરીફને જાળમાં ફસાવે છે અને પછી તેને હરાવે છે. મને તો તેનામાં વર્લ્ડ નંબર-વન અને ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન મૅગ્નસ કાર્લસન જેવી કુશળતા જોવા મળી રહી છે.’

### ચેસના મ્હોરાને રમકડાં માનતી હતી

બોધના ૨૦૨૦ની સાલમાં પાંચ વર્ષની હતી ત્યારે તેણે ચેસ રમવાનું શરૂ કર્યું હતું. ત્યારે શરૂઆતમાં તે શતરંજના મ્હોરાને રમકડાં માનતી હતી. તે એક ઇન્ટરવ્યૂમાં કહે છે, ‘ મેં પહેલી વાર ચેસ બોર્ડ જોયું ત્યારે મને ખૂબ ગમી ગયું હતું. મને એના મ્હોરા ખૂબ ગમી ગયા હતા. હું તો પ્રાણીઓની ઓળખ બતાવતા એ મ્હોરાને રમકડાં માનીને રમતી હતી, પણ મારા પપ્પાએ મને કહ્યું કે આ રમકડાં નથી, આ એક પ્રકારની મહાન રમત છે જેમાં હરીફાઈઓ થતી હોય છે. બસ, ત્યારથી હું ચેસ રમવામાં મગ્ન થઈ ગઈ હતી.’ ■

# હૉકી, ક્રિકેટ, ફૂટબૉલ અને રગ્બીના ખેલાડી ડૉ. વેસ પેસે પુત્ર લિએન્ડરને બનાવ્યો અવ્વલ કક્ષાનો ટેનિસ ખેલાડી

## ઓલિમ્પિક પદક વિજેતા ડૉ. વેસનું ૮૦ વર્ષની વયે નિધનઃ દેશના ખેલકૂદ ક્ષેત્રે તેમનું અણમોલ યોગદાન હતું





લિએન્ડર પેસ કુલ ૧૮ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીત્યો છે.
પિતા ડૉ. વેસ પેસ સાથે લિએન્ડરની થોડા સમય પહેલાંની તસવીર.

કોલકાતાઃ ઑલિમ્પિક્સના બ્રોન્ઝ મેડલ વિજેતા હૉકી ખેલાડી અને ટેનિસ સ્ટાર લિએન્ડર પેસના પિતા ડૉ. વેસ પેસનું ગુરુવારે કોલકાતામાં ૮૦ વર્ષની વયે અવસાન થયું છે. ડૉ. વેસ પેસ એક ઉત્કૃષ્ટ ખેલાડી, રમતગમત ચિકિત્સક અને વહીવટકર્તા હતા, જેમણે હૉકી, ક્રિકેટ અને રમતગમત સંબંધિત દવાના ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપ્યું. તેમના કાર્યો અને સિદ્ધિઓ નવી-નવી પેઢીઓને સદા પ્રેરણા આપતા રહેશે. એપ્રિલ, ૧૯૪૫માં ગોવામાં જન્મેલા વેસ પેસ એક બહુમુખી ખેલાડી હતા. હૉકી ઉપરાંત તેઓ ક્રિકેટ, ફૂટબૉલ અને રગ્બીમાં પણ નિપુણ હતા. જોકે તેમણે પુત્ર લિએન્ડરની ટૅલન્ટ પારખીને તેને ટેનિસમાં કરીઅર બનાવવાની પ્રેરણા આપી હતી અને તેમના માર્ગદર્શનની મદદથી લિએન્ડર શાનદાર કારકિર્દી દરમ્યાન ડબલ્સ તથા મિક્સ્ડ-ડબલ્સના કુલ ૧૮ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીત્યો હતો.

ડૉ. વેસ પેસને મોટી ઉંમરને લગતી બીમારીઓ હતી. તેઓ પાર્કિન્સન્સ ડિસીઝનો પણ શિકાર થયા હતા. તેમની અંતિમ ક્રિયા સોમવાર અથવા મંગળવારે કરવામાં આવશે, કારણકે તેમની બન્ને પુત્રી વિદેશમાં રહે છે અને પરિવાર તેઓ બન્નેના આવવાની રાહ જુએ છે.

૧૯૭૨ની મ્યૂનિક ઑલિમ્પિક ગેમ્સમાં ભારતીય હૉકી ટીમના મિડફીલ્ડર તરીકે ડૉ. વેસ પેસ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. આ ઉપરાંત, તેઓ સ્પોર્ટ્સ મેડિસિનના ક્ષેત્રે પ્રણેતા પણ ગણાતા હતા. ખાસ કરીને ભારતીય ક્રિકેટ બોર્ડ અને એશિયન ક્રિકેટ કાઉન્સિલ માટે ડોપિંગ વિરોધી અધિકારી તરીકે તેમણે બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું.

તેમણે ૧૯૯૬થી ૨૦૦૨ સુધી ભારતીય રગ્બી ફૂટબોલ યુનિયનના પ્રમુખ તરીકે સેવા આપી અને કોલકાતાના પ્રતિષ્ઠિત કોલકાતા ક્રિકેટ અને ફૂટબૉલ ક્લબનું નેતૃત્વ પણ કર્યું હતું. સ્પોર્ટ્સ મેડિસિનના ક્ષેત્રે અપ્રતિમ કાર્યો દ્વારા તેમણે ખેલાડીઓના પ્રદર્શન અને સ્વાસ્થ્યને સુધારવામાં મદદ કરી હતી.

ડૉ. વેસ પેસના લગ્ન ભૂતપૂર્વ ભારતીય બાસ્કેટબૉલ ખેલાડી જેનિફર સાથે થયા હતા, જેઓ બંગાળી કવિ માઈકલ મધુસૂદન દત્તની પ્રપૌત્રી છે. તેમના ટેનિસ-પ્લેયર પુત્ર લિએન્ડર પેસે ઓલિમ્પિક મેડલ જીતીને પિતાના પગલે ચાલી ભારતનું નામ રોશન કર્યું છે. ડૉ. વેસ અને લિએન્ડર ભારતના એકમાત્ર એવા પિતા-પુત્રની જોડી છે, જેમણે ઓલિમ્પિક મેડલ જીત્યા છે.

ડૉ. વેસ પેસના નિધન પર હૉકી ઇન્ડિયાએ શોક વ્યક્ત કરતાં જણાવ્યું, “ડૉ. વેસ પેસ એક સાચા રમતવીર હતા, જેમણે ૧૯૭૨ની ઑલિમ્પિક્સમાં બ્રૉન્ઝ મેડલ જીતી દેશને ગૌરવ અપાવ્યું હતું.”

ભૂતપૂર્વ મહિલા ટેનિસ પ્લેયર સાનિયા મિર્ઝાએ ડૉ. વેસ પેસને અંજલિ આપતા જણાવ્યું, ‘તેઓ ખુદ વર્લ્ડ ક્લાસ હૉકી પ્લેયર હતા એટલે પ્રોફેશનલ ઍથ્લીટો અને ખેલાડીઓની માનસિકતા તેમ જ તેમની શારીરિક તકલીફોથી સુપરિચિત હતા જેનાથી તેમની તકલીફો જલદી જાણીને તેમની સારવાર કરવાનું ડૉ. વેસ માટે આસાન થઈ ગયું હતું. નમ્ર અને સૌમ્ય સ્વભાવના ડૉ. વેસ ભારતીય હોવાનો ગર્વ અનુભવતા હતા. આપણા દેશના ખેલકૂદ ક્ષેત્રને તેમની ગેરહાજરી ખૂબ વર્તાશે.’ ■

### ૧૯૭૨ની ઑલિમ્પિક્સમાં ઇઝરાયલી ઍથ્લીટોની હત્યા થયેલી

ડૉ. વેસ પેસ ૧૯૭૨માં ભારતની હૉકી ટીમ સાથે ઑલિમ્પિક્સમાં રમ્યા હતા અને ભારતીય ટીમ એમાં બ્રૉન્ઝ મેડલ જીતી હતી. ૧૯૭૨ના મ્યૂનિક ખાતેના એ રમતોત્સવમાં એક ગોઝારી ઘટના બની હતી. એ અનિચ્છનીય ઘટનાને કારણે પણ એ ઑલિમ્પિક્સ ક્યારેય ખેલકૂદપ્રેમીઓના દિલોદિમાગમાંથી ક્યારેય ગઈ નથી. એ રમતોત્સવ વખતે પૅલેસ્ટીન-તરફી આતંકવાદીઓએ ઑલિમ્પિક વિલેજમાં ઘૂસીને ઇઝરાયલના ૧૧ ઍથ્લીટોને બાનમાં રાખ્યા હતા અને પછી તેમની હત્યા કરી હતી.

# પાકિસ્તાનના બાસિત અલીએ પોતાના જ દેશની ટીમને ચેતવી, ‘ભારત ઈતના મારેગા કિ સોચા ભી નહીં હોગા’

## ભૂતપૂર્વ ક્રિકેટર કહે છે કે ‘હું તો ઇચ્છું છું કે ભારત એશિયા કપમાં પાકિસ્તાન સામે રમે જ નહીં’

કરાચીઃ વેસ્ટ ઇન્ડિઝ સામે વન-ડે સિરીઝની નિર્ણાયક મૅચમાં પાંચ બૅટ્સમેનના ઝીરો સહિત આખી પાકિસ્તાની ટીમ ફક્ત ૯૨ રનમાં આઉટ થઈ જતાં ૨૦૨ રનના સૌથી મોટા માર્જિનથી હારી ગઈ એને પગલે બાસિત અલીએ પોતાના જ દેશની ટીમને આવતા મહિને યુએઇમાં રમાનારા એશિયા કપનો ઉલ્લેખ કરતા કહ્યું છે કે ‘ ભારત ઇતના મારેગા કિ સોચા ભી નહીં હોગા.’

દુશ્મન દેશ પાકિસ્તાન સામે એશિયા કપમાં રમવા સામે ભારતમાં જે વિરોધ થઈ રહ્યો છે એને ધ્યાનમાં રાખીને બાસિત અલીએ પાકિસ્તાનના ક્રિકેટરોને ચેતવતાં કહ્યું છે કે ‘જો ભારત એશિયા કપમાં પાકિસ્તાન સામે રમશે તો પાકિસ્તાનની ટીમે એવી હાર જોવી પડશે કે જેની તેમણે કલ્પના પણ નહીં કરી હોય.

ટેરૌબા (ટ્રિનિદાદ)માં બે દિવસ પહેલાં રમાયેલી વન-ડેમાં વેસ્ટ ઇન્ડિઝે કૅપ્ટન શાઇ હોપ (અણનમ ૧૨૦)ની ૧૮મી સેન્ચુરીની મદદથી છ વિકેટે ૨૯૪ રન કર્યા હતા. ત્યાર બાદ પાકિસ્તાને પહેલા આઠ રનમાં ત્રણ વિકેટ ગુમાવી હતી અને ત્યાર પછી પણ સમયાંતરે વિકેટ પડતી રહી અને આખી ટીમ પત્તાંના મહેલની માફક તૂટી પડી હતી અને પાકિસ્તાને શર્મનાક હાર જોવી પડી હતી. સઇમ અયુબ, અબ્દુલ્લા શફીક, કૅપ્ટન મોહમ્મદ રિઝવાન, હસન અલી અને અબ્રાર અહમદ ખાતુ ખોલાવ્યા વિના જ આઉટ થઈ ગયા હતા. ફાસ્ટ બોલર જેડન સીલ્ઝે ૧૮ રનમાં છ વિકેટ અને ગુડાકેશ મૉટીએ ૩૭ રનમાં બે વિકેટ લીધી હતી.

તાજેતરમાં ભારતે વર્લ્ડ ચૅમ્પિયનશિપ ઑફ લેજન્ડ્સ (ડબ્લ્યૂસીએલ)ની બે મૅચમાં પાકિસ્તાન સામે રમવાનો ઇનકાર કરી દીધો હતો. બાસિત અલીએ એક યુટ્યૂબ ચૅનલ પર કહ્યું છે કે ‘હું તો ઇચ્છું છું કે એશિયા કપમાં પણ ભારતે પાકિસ્તાન સામે રમવાની ના પાડી દેવી જોઈએ. જો એવું નહીં થાય તો ભારતીય ટીમ પાકિસ્તાનની એટલી બધી ધુલાઈ કરશે કે પાકિસ્તાની ટીમે વિચાર્યું પણ નહીં હોય.’

૨૯મી ઑગસ્ટે યુએઇમાં ટ્રાયસિરીઝ શરૂ થઈ રહી છે જેમાં પાકિસ્તાને અફઘાનિસ્તાનની મજબૂત ટીમ સામે રમવાનું છે એને લક્ષમાં રાખીને ચૅનલ પર ઍન્કરે બાસિત અલીને એ વિશે પૂછ્યું તો તેણે કહ્યું, ‘અફઘાનિસ્તાન સામે હારી જવાય તો પાકિસ્તાનમાં લોકો ખાસ કંઈ પરવા નથી કરતા, પણ ભારત સામે હારતાં જ આખામાં દેશમાં આક્રોશ ફેલાઈ જાય છે.’ ■



# સર ડૉન બ્રેડમૅન બરાબર ૭૭ વર્ષ પહેલાં શૂન્ય પર આઉટ થયા અને ૧૦૦.૦૦ની બૅટિંગ-ઍવરેજ ચૂક્યા!

લંડનઃ અહીં ઓવલના ઐતિહાસિક મેદાન પર દસ દિવસ પહેલાં (સોમવાર, ૪ ઑગસ્ટે) ભારતીય ટીમે ઇંગ્લૅન્ડને પાંચ ટેસ્ટવાળી સિરીઝના પાંચમા અત્યંત રોમાંચક મુકાબલામાં હરાવીને ટેસ્ટ સિરીઝ ૨-૨થી ડ્રૉ કરાવી એ જ મેદાન પર બરાબર ૭૭ વર્ષ પહેલાં (૧૯૪૮માં) શ્રેણીની પાંચમી ટેસ્ટમાં એક એવી અનિચ્છનીય ઘટના બની હતી જેનો સમગ્ર ક્રિકેટ જગતને રંજ છે અને એ કિસ્સો ઑસ્ટ્રેલિયાના મહાન ક્રિકેટર સર ડૉન બ્રેડમૅનને લગતો છે. તેઓ ૧૯૪૮ની ૧૪મી ઑગસ્ટે શૂન્યમાં આઉટ થઈ ગયા હતા જેને કારણે તેઓ જરાક માટે (ફક્ત ચાર રન માટે) વિક્રમજનક ૧૦૦.૦૦ની બૅટિંગ-ઍવરેજ ચૂકી ગયા હતા.

ઇંગ્લૅન્ડ સામેની એ ટેસ્ટના પ્રથમ દાવમાં કૅપ્ટન બ્રેડમૅને પોતાની ઇનિંગ્સના બીજા જ બૉલ પર ઝીરોમાં વિકેટ ગુમાવી દીધી હતી. બ્રિટિશ લેગ-સ્પિનર એરિક હૉલિસે તેમને ક્લીન બોલ્ડ કર્યા હતા. ઇંગ્લૅન્ડની ટીમ એ મૅચ એક દાવ અને ૧૪૯ રનથી હારી જતાં ઑસ્ટ્રેલિયાના બૅટ્સમેનોએ બીજા દાવમાં બૅટિંગ કરવાની જરૂર જ નહોતી પડી. જોકે પહેલા દાવમાં બ્રેડમૅને માત્ર ચાર રન કર્યા હોત તો તેમની બૅટિંગ-સરેરાશ ૧૦૦.૦૦ની થઈ ગઈ હોત, પરંતુ એ તેમની અંતિમ ટેસ્ટ હતી અને તેમણે ૯૯.૯૪ની ઍવરેજ સાથે કરીઅર પૂરી કરી હતી.

ઇંગ્લૅન્ડની ટીમ પ્રથમ દાવમાં ઑસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર રે લિન્ડવૉલની છ વિકેટને કારણે માત્ર બાવન રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. ઑસ્ટ્રેલિયાએ જવાબમાં ૩૮૯ રન કરીને ૩૩૭ રનની તોતિંગ સરસાઈ લીધી હતી. કાંગારૂઓની ટીમના એ ૩૮૯ રનમાં રનઆઉટમાં વિકેટ ગુમાવનાર આર્થર મૉરિસના ૧૯૬ રન હતા, પરંતુ બ્રેડમૅન એ પહેલાં ઝીરોમાં આઉટ થઈ ચૂક્યા હતા. બીજા દાવમાં બિલ જૉન્સ્ટનની ચાર વિકેટ, રે લિન્ડવૉલની ત્રણ વિકેટ અને કિથ મિલરની બે વિકેટને લીધે બ્રિટિશ ટીમ ફક્ત ૧૮૮ રનના સ્કોર પર આઉટ થઈ જતાં ઑસ્ટ્રેલિયાનો એક ઇનિંગ્સથી વિજય થયો હતો.

જો બીજા દાવમાં નૉર્મન યાર્ડલીના સુકાનમાં ઇંગ્લૅન્ડની ટીમે સારું પર્ફોર્મ કર્યું હોત અને ૩૩૭ રનની સરસાઈ ઊતારીને ઑસ્ટ્રેલિયાને કોઈ લક્ષ્યાંક આપ્યો હોત તો બ્રેડમૅન બીજા દાવની બૅટિંગમાં ચાર રન કરીને ૧૦૦.૦૦ની બૅટિંગ-ઍવરેજ પૂરી કરી શક્યા હોત.

બ્રેડમૅનનો જન્મ ૧૯૦૮માં ન્યૂ સાઉથ વેલ્સમાં થયો હતો. ૨૦૦૧માં ઍડિલેઇડમાં તેમનું ૯૨ વર્ષની વયે નિધન થયું હતું. તેમણે ૧૯૨૮થી ૧૯૪૮ સુધીની (૨૦ વર્ષની કરીઅરમાં) બાવન ટેસ્ટમાં ૯૯.૯૪ની બૅટિંગ-સરેરાશે ૬,૯૯૬ રન કર્યા હતા. તેઓ માત્ર ચાર રન કરી શક્યા હોત તો ૧૦૦.૦૦ની ઍવરેજની સાથે તેમણે ૭,૦૦૦ રનની સિદ્ધિ પણ હાંસલ કરી લીધી હોત. તેમના ૬,૯૯૬ રનમાં ૨૯ સેન્ચુરી અને ૧૩ હાફ સેન્ચુરી સામેલ હતી. તેમણે ૩૨ કૅચ ઝીલ્યા હતા. તેમણે ટેસ્ટ-ક્રિકેટ સહિતની ફર્સ્ટ ક્લાસ કરીઅરમાં કુલ ૨૩૪ મૅચમાં ૨૮,૦૬૭ રન કર્યા હતા જેમાં ૧૧૭ સેન્ચુરી અને ૬૯ હાફ સેન્ચુરીનો સમાવેશ હતો. તેમણે કુલ ૧૩૧ કૅચ ઝીલ્યા હતા. ■



# અમેરિકા અને રશિયાની વાટાઘાટો પહેલાની સાવચેતીના માનસ વચ્ચે અફડાતફડીમાં અટવયેલા બજારે પોઝિટિવ ટોન જાળવી રાખ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રશિયા અને અમેરિકા વચ્ચે આજે અલાસ્કામાં થનારી વાટાઘાટોના પરિણામ અંગે સાવચેતીનું માનસ હોવા છતાં ગુરુવારના સત્રમાં સેન્સેક્સ અને નિફ્ટી બંને બેન્ચમાર્ક પોઝિટિવ ઝોન જાળવી રાખવામાં સફળ રહ્યા હતા. અમેરિકાના રિટેલ ફુગાવામાં નરમાઈને કારણે સપ્ટેમ્બરમાં ફેડરલ રિઝર્વ વ્યાજ દરમાં ઘટાડો કરશે એવી અટકળો સાથે સ્થાનિક ફૂગાવામાં પણ નોંધપાત્ર ઘટાડો થયો હોવાથી બજારમાં એક આશાવાદ પણ જોવા મળ્યો છે. હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સ પણ બે વર્ષની નીચી સપાટીએ પહોચ્યો છે.

સેન્સેક્સ સત્ર દરમિયાન ૨૧૧.૨૭ પોઇન્ટ સુધી આગળ વધીને ૮૦,૭૫૧.૧૮ના સ્તરને અથડાયો હતો પરંતુ લેવાલીના પર્યાપ્ત ટેકાના અભાવે અંતે ૫૭.૭૫ પોઇન્ટ અથવા તો ૦.૦૭ ટકાના સુધારા સાથે ૮૦,૫૯૭.૬૬ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૧૧.૯૫ પોઇન્ટ અથવા તો ૦.૦૫ ટકાના સુધારા સાથે ૨૪,૬૩૧.૩૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

ઇટર્નલ, ઇન્ફોસિસ, એશિઅન પેઇન્ટસ, એચડીએફસી બેન્ક, બજાજ ફિનસર્વ અને ટાઇટન સેન્સેક્સના ટોપ ગેઇનર શેરોમાં સામેલ હતા, જ્યારે ટાટા સ્ટીલ, ટેક મહિન્દ્રા, અદાણી પોર્ટ અને ભારત ઇલેક્ટ્રોનિક્સ ટોપ લુઝરની યાદીમાં હતા. ટ્રમ્પ- પુતીનની મીટીંગની એનર્જી માર્કેટ પર નોંધપાત્ર અસર જોવા મળશે. દરમિયાન એસએન્ડપીએ ભારતનું રેટિંગ ૧૯ વર્ષના સમયગાળા બાદ અપગ્રેડ કરીને ટ્રીપલ બી જાહેર કર્યું છે. મહત્તવની બાબતમાં આ ગ્લોબલ રેટિંગ એજન્સીએ કહ્યું છે કે ભારત વિશ્વની શ્રેષ્ઠ કામગીરી ધરાવતું અર્થતંત્ર બની રહેશે. અમેરિકાની ટેરિફની અસર ભારત ખમી જશે અને તેના વિકાસને કોઇ નોંધપાત્ર અવરોધ નહીં નડશે.

પ્રાઇમરી માર્કેટમાં જેએસડબલ્યુ સિમેન્ટનો શેર તેના રૂ. ૧૪૭ના ઇશ્યૂ ભાવ સામે ચાર ટકાના વધારા સાથે રૂ. ૧૫૩ની સપાટીએ ખૂલ્યો હતો. ઓલટાઇમ પ્લાસ્ટિકના શેર તેના રૂ. ૨૭૫ના ઇશ્યૂ ભાવ સામે ૧૪ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૩૧૪.૩૦ના ભાવે લિસ્ટેડ થયા હતા. વિક્રમ સોલાર રૂ. ૨,૦૭૯.૩૭ કરોડનો અને જેમ એરોમેટિક્સનો રૂ. ૪૫૧.૨૫ કરોડનો ઇશ્યૂ સાથે ૧૯ ઓગસ્ટે મૂડીબજારમાં પ્રવેશ કરશે. ફેકટલ એનાલિટિક્સ રૂ. ૪૯૦૦ કરોડના આઇપીઓ લાવી રહી છે.

સેશાસાઇ ટેકેએ પ્રી આઇપીઓ રાઉન્ડમાં રૂ. ૧૨૦ કરોડ એકત્ર કર્યા છે. મલ્ટીમીડિયા પ્રોડક્શન હાઉસ સ્ટુડિયો એલએસડી લિમિટેડ, ૧૮ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ તેની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. આ રૂ. ૭૪.૨૫ કરોડનું જાહેર ભરણું ૨૦ ઓગસ્ટે બંધ થશે. પ્રાઇસ બેન્ડ રૂ.૫૧થી રૂ. ૫૪ પ્રતિ શેર અને મિનિમમ લોટ સાઇઝ ૨૦૦૦ શેરની છે. ભંડોળનો ઉપયોગ વિસ્તરણ, પોસ્ટ પ્રોડકશન ફેસિલિટી તથા વીએફએક્સ સહિતની અદ્યતન ટેકનોલોજી માટે થશે. ઓએનજીસીએ પ્રથમ ક્વાર્ટરમાં ૧૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૮૦૨૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

નાયકાની પેરેન્ટ કંપની એફએસએન ઇ કોમર્સે નફામાં ૭૯ ટકાનો વધારો નોંધાવ્યો છે. સ્પાઇસ જેટે પાંચ બોઇંગ માટે ડેમ્પ લીઝ કરાર કર્યા છે. મુથુત ફાઇનાન્સના શેરમાં મજબૂત પરિણામને કારણે ૧૨ ટકા જેવો ઉછાળો જોવા મળ્યો હતો. બુલિયન આર્ટિકલ્સ અને સોના, હીરા, સ્પેશિયસ સ્ટોન્સ ક્ષેત્રે વિશેષતા ધરાવતી ખઝાંચી જ્વેલર્સ લિમિટેડે એ વિશ્વના સૌથી મોટા જ્વેલરી રિટેલર્સમાંના એક, મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સ લિમિટેડને તેના ગ્રાહક પોર્ટફોલિયોમાં સામેલ કરી લીધું છે. નાણાકીય વર્ષ ૨૦૨૫માં, કંપનીએ રૂ. ૧,૭૭૨.૫૩ કરોડની કુલ આવક, રૂ. ૬૪.૯૨ કરોડનો એબિટા અને રૂ. ૪૪.૯૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. સિંગાપોર ટેક્સ ઓથોરિટીએ ઇન્ફોસિસને જીએસટી પેમેન્ટ સંદર્ભે રૂ. ૬૬ લાખની પેનલ્ટી કરી છે.

ઇન્ફોસિસે ટેલ્ટ્રાની સબ્સિડરી વર્સેનન્ટ ગ્રુપમાં ૨૩૩.૨૫ મિલિયનમાં ૭૫ ટકા સ્ટેક હાંસલ કર્યો છે. ઇકો-રિસ્પોન્સિબલ




લક્ઝરી રિસોર્ટ કંપની પ્રવેગ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટર માટે તેના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં, નાણાકીય વર્ષ ૨૦૨૫ના પહેલા ક્વાર્ટરના રૂ. ૨૪.૬૮ કરોડની સામે કોન્સોલિડેટેડ ધોરણે ૬૧.૫૦ ટકાના વધારા સાથે રૂ. ૩૯.૮૬ કરોડની કુલ આવક નોંધાવી છે. સ્ટેન્ડઅલોન ધોરણે ઉપરોક્ત આંકડો રૂ. ૨૪.૬૮ કરોડની સામે ૨૧.૦૬ ટકા વધીને રૂ. ૨૯.૮૮ કરોડ નોંધાયો છે. સરકારે બીએસએનએલનું નેટવર્ક વિસ્તારવા રૂ. ૪૭૦૦૦ કરોડના કેપેક્સની જાહેરાત કરી છે.

કોગ્નીઝેન્ટે ૮૦ ટકા પાત્ર કર્મચારીઓને પહેલી નવેમ્બરથી વેતનવૃદ્ધિની આપવાની જાહેરાત કરી છે. અગ્રણી ઇન્ફ્રાસ્ટ્રક્ચર કન્સલ્ટન્સી કંપનીઓમાંની એક ધ્રુવ કન્સલ્ટન્સી સર્વિસીસ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૬.૮૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૧.૪૦ કરોડની કુલ આવક, ૩૦.૧૮ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩.૫૮ કરોડનો એબિટા અને ૮૧.૮૧ ટકાના વધારા સાથે રૂ. ૧.૬૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

કેપિટલ માર્કેટ નિયામક ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ ડીએચએફએલના ભૂતપૂર્વ સીએમડી કપિલ વાધવન અને અન્ય એક્ઝિક્યુટિવ્સને નાણાં ભંડોળના ડાયવર્ઝન અને બનાવટી હિસાબોના કારણે પાંચ વર્ષ સુધી સિક્યોરિટીઝ માર્કેટમાં પ્રવેશવા સામે પ્રતિબંધિત કર્યા છે. કુલ રૂ. ૧૨૦ કરોડનો દંડ લાદવામાં આવ્યો છે, અને હવે તેઓ લિસ્ટેડ કંપનીઓમાં મુખ્ય હોદ્દા પર કામ નહીં કરી શકે. એચએએલના નફામાં વાર્ષિક ધોરણે ચાર ટકાનો ઘટાડો થવા છતાં બ્રોકરેજિસે ટીપીમાં વધારો કર્યો છે.

વિશ્લેષકોએ જણાવ્યું હતું કે જુલાઈમાં રિટેલ ઇન્ફલેશન ૧.૫૫ ટકાના આઠ વર્ષના નીચલા સ્તરે પહોંચ્યું હોવાને કારણે સ્થાનિક ઇક્વિટીમાં સકારાત્મક વલણ જોવા મળ્યું હતું. ભારતીય ઇક્વિટીમાં વ્યાપક આશાવાદ જોવા મળ્યો હતો કારણ કે સીપીઆઇ આઠ વર્ષના નીચલા સ્તરે પહોંચ્યો હતો, જેના કારણે ઓટો અને ધાતુઓના નેતૃત્વમાં વિવેકાધીન ખર્ચમાં પુનરુત્થાનની આશા જાગી હતી. વૈશ્વિક સ્તરે, ચીનના ટેરિફ સમયમર્યાદાના વિસ્તરણ અને ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થવાથી સેન્ટિમેન્ટમાં સુધારો થયો હતો.

ટ્રમ્પના વેપાર વલણ, ટેરિફ અને વૈશ્વિક જોખમોની આસપાસ અનિશ્ચિતતા વધતી રહી હોવાથી બજારના અંડરટોનમાં સાવચેતીનું વલણ જોવા મળે છે. રોકાણકારોની નજર આજે ૧૫ ઓગસ્ટે અલાસ્કામાં આયોજિત ટ્રમ્પ-પુતિનની મુલાકાત પર મંડાયેલી છે. મંગળવારે જાહેર કરાયેલા સરકારી ડેટા અનુસાર, રિટેલ ઇન્ફલેશન જુલાઈમાં ૧.૫૫ ટકાના આઠ વર્ષના નીચલા સ્તરે પહોંચ્યું છે, જે જાન્યુઆરી ૨૦૧૯ પછી પહેલી વાર રિઝર્વ બેંકના કમ્ફર્ટ ઝોનથી નીચુ સ્તર બતાવે છે.

ક્ન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યો હતો, જ્યારે મેટલ અને ઓઈલ એન્ડ ગેસ સર્વાધિક ઘટ્યા હતા. એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ. ૬૧ હજાર કરોડનો ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સની ૧૪ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૬ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૧૮ ટકા ઘટ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૫૯ ટકા વધ્યો હતો.સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૮૫ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૯૯ ટકા ઘટ્યો હતો.

ગુરુવારે બીએસઈ સેન્સેક્સ ગત બુધવારના ૮૦,૫૩૯.૯૧ના બંધથી ૫૭.૭૫ પોઈન્ટ્સ (૦.૦૭ ટકા) વધ્યો હતો.સેન્સેક્સ ૮૦,૬૨૫.૨૮ ખૂલીને ઊંચામાં ૮૦,૭૫૧.૧૮ સુધી અને નીચામાં ૮૦,૪૮૯.૮૫ સુધી જઈને અંતે ૮૦,૫૯૭.૬૬ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૪૫.૩૯ લાખ કરોડથી રૂ. ૦.૬૧ લાખ કરોડ ઘટીને રૂ. ૪૪૪.૭૮ લાખ કરોડ રહ્યું હતું.

સેકટરલ ઈન્ડાયસીસમાં કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૮૨ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૪૫ ટકા, ટેક ૦.૩૯ ટકા, આઈટી ૦.૩૮ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૨૬ ટકા, બેન્કેક્સ ૦.૨૩ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૧૯ ટકા અને કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૧૩ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે મેટલ ૧.૪ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૧૮ ટકા, એનર્જી ૧.૦૨ ટકા, કોમોડિટીઝ ૦.૭૩ ટકા, યુટિલિટીઝ ૦.૬૪ ટકા, એફએમસીજી ૦.૫૭ ટકા, પાવર અને કેપિટલ ગુડ્સ ૦.૫૫ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૨૧૫ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૭૪૨ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૩૨૦ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૫૩ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૨૨ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૦૬ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૧ સ્ટોક્સને ઉપલી જ્યારે સાત સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ઈટર્નલ ૧.૯૪ ટકા, ઈન્ફોસિસ ૧.૫૦ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૧૬ ટકા, ટાઈટન ૦.૬૫ ટકા, એચડીએફસી બેન્ક ૦.૬૧ ટકા અને સ્ટેટ બેન્ક તેમ જ બજાજ ફિનસર્વ ૦.૫૫ ટકા વધ્યા હતા. જ્યારે મુખ્તવે તાતા સ્ટીલ ૩.૦૩ ટકા, ટેક મહિન્દ્ર ૧.૫૩ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૩૪ ટકા, બીઈએલ ૧.૦૨ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૮૦ ટકા એચસીએલ ટેકનોલોજી ૦.૭૦ ટકા, રિલાયન્સ ૦.૬૪ ટકા, આઈટીસી ૦.૬૩ ટકા અને ટ્રેન્ટ ૦.૫૩ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૯૧.૮૬ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૪૬૭ સોદામાં ૫૬૮ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૧,૬૦,૭૫૧ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૨૪,૮૧,૯૭૨.૧૬ કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસા તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે મુખ્યત્વે આયાતકારોની ડૉલરમાં પ્રબળ લેવાલી અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ સુધારાતરફી રહેતાં ડૉલર સામે રૂપિયામાં સત્ર દરમિયાન જોવા મળેલો આઠ પૈસાનો સુધારો ધોવાઈ ગયો હતો અને અંતે ગઈકાલના બંધ સામે ૧૨ પૈસાના ઘટાડા સાથે ૮૭.૫૯ના મથાળે બંધ રહ્યો હતો.

જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારો ધીમો પડવાની સાથે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૬૪૪.૪૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને કારણે રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો.

ટ્રેડરોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૪૭ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૮૭.૪૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૬૭ અને ઉપરમાં ૮૭.૫૬ની રેન્જમાં અથડાઈને અંતે ૧૨ પૈસાના ઘટાડા સાથે ૮૭.૫૯ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૬ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો.

વધુમાં રેટિંગ એજન્સી સ્ટાન્ડર્ડ ઍન્ડ પૂઅર્સે મજબૂત આર્થિક વૃદ્ધિ, રાજકોષિય સ્તર જાળવી રાખવા સરકારની પ્રતિબદ્ધતા અને ફુગાવો નિયંત્રિત રાખવા માટેની સાનુકૂળ મોનેટરી પૉલિસીને ધ્યાનમાં લેતા દેશનું સોવરિન ક્રેડિટ રેટિંગ્સ વધારીને ટ્રીપલ બી રાખ્યું હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા રૂપિયાને ટેકો મળ્યો હતો. સ્ટાન્ડર્ડ ઍન્ડ પૂઅર્સે યાદીમાં જણાવ્યું હતું કે અમેરિકા જો ૫૦ ટકા ટૅરિફ લાદે તો પણ ભારતની આર્થિક વૃદ્ધિ પર વધુ નકારાત્મક અસર નહીં પડે કેમ કે દેશની ૬૦ ટકા વૃદ્ધિ સ્થાનિક વપરાશી માગ પર અવલંબિત છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૨ ટકા ઘટીને ૯૭.૮૨ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૭.૭૫ પૉઈન્ટનો અને ૧૧.૯૫ પૉઈન્ટનો મામૂલી સુધારો આવ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૪૯ ટકા ઉછળીને બૅરલદીઠ ૬૫.૯૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સોનામાં ₹ ૭૪નો અને ચાંદીમાં ₹ ૩૪૨નો ઘસરકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ફેડરલના રેટ કટના આશાવાદ હેઠળ ડૉલર ઈન્ડેક્સમાં સત્રના આરંભે નરમાઈ જોવા મળ્યા બાદ ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હોવાના નિર્દેશો સાથે લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર અને વાયદાના ભાવમાં ધીમો ઘટાડો આવ્યો હતો તેમ જ ચાંદીમાં પણ નરમાઈનું વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પાંખાં કામકાજો વચ્ચે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૪૨નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૪નો ઘસરકો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ નફારૂપી વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૪૨ના સાધારણ ઘટાડા સાથે રૂ. ૧,૧૪,૯૩૩ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૪



ઘટીને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૯,૬૨૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૦૦,૦૨૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસા નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતર વધી આવતાં વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યા બાદ પુનઃ બાઉન્સબૅક જોવા મળતાં હાજરમાં સોનાના ઔંસદીઠ ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા ઘટીને ૩૩૫૩.૧૯ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ૩૪૦૧.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૮.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ધારણા મુકાઈ રહી હોવાથી આજે ડૉલર ઈન્ડેક્સ નબળો પડવાની સાથે અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ ઘટી આવતા વૈશ્વિક સોનામાં સુધારો જોવા મળ્યો હોવાનું કેપિટલ ડૉટ કૉમના વિશ્લેષક ક્યેલ રોડ્ડાએ જણાવતા ઉમેર્યું હતું કે ટૅક્નિકલ દષ્ટિએ સોનામાં મજબૂત વલણ જળવાઈ રહેતાં ભાવ ઔંસદીઠ ૩૪૦૦ ડૉલર સુધી પહોંચી શકે છે. ગત જુલાઈ મહિનામાં અમેરિકામાં ફુગાવામાં અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ થવાથી ફેડરલ રિઝર્વ આગામી મહિનાની બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા ઉજળી બની હોવાનું ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે જણાવતાં વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટના ઘટાડાની શક્યતા વ્યક્ત કરી હતી. નોંધનીય બાબત એ છે કે વ્યાજદરમાં કપાતના સંજોગોમાં રોકાણકારોની સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં માગ રહેતી હોય છે.

જોકે, હવે રોકાણકારોની નજર ફેડરલના વ્યાજદરમાં કપાતના નિર્ણય પર અસર કરે તેવાં આવતીકાલે જાહેર થનારા અમેરિકાના સાપ્તાહિક બેરોજગારીના ડેટા, પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ તેમ જ રિટેલ વેચાણના ડેટા પર સ્થિર થઈ છે. આ ઉપરાંત યુક્રેન-રશિયા વચ્ચેના યુદ્ધ વિરામના મુદ્દે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ તથા રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિન વચ્ચે યોજાનારી બેઠક પર પણ સ્થિર થઈ છે.

# ટીન અને નિકલની આગેવાની હેઠળ ધાતુમાં પીછેહઠ



મુંબઈ: આંતરરાષ્ટ્રીય સ્તરે ટ્રમ્પના ટૅરિફની અનિશ્ચિતતા વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની વિવિધ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં ટીન અને નિકલની આગેવાની હેઠળ તમામ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૧૬ સુધીનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ સામે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૬ ઘટીને રૂ. ૩૦૧૭, રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૩૪૫ અને રૂ. નવ ઘટીને રૂ. ૯૨૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે ભાવઘટાડાના માહોલમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી પણ નિરસ રહેતાં કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૮૪૯, રૂ. ૮૩૯ અને રૂ. ૨૭૧ તથા કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૮૨૭, રૂ. ૭૬૫ અને રૂ. ૫૬૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં છૂટીછવાઈ સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૬૧૦, રૂ. ૨૧૭, રૂ. ૨૬૧ અને રૂ. ૧૮૪ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# દેશમાં સ્ટીલનો માથાદીઠ વપરાશ વધીને ૧૦૦ કિલોગ્રામ

નવી દિલ્હી: સ્થાનિકમાં સ્ટીલનો માથીદીઠ વપરાશ વધીને ૧૦૦ કિલોની સપાટીએ પહોંચ્યો હોવાનું સ્ટીલ સચિવ સંદીપ પોન્ડ્રીકે તાજેતરમાં જણાવ્યું હતું. વૈશ્વિક સ્તરે સ્ટીલના ઉત્પાદનમાં ઘટાડો જોવા મળી રહ્યો છે ત્યારે ભારતીય સ્ટીલ ઉદ્યોગે વૃદ્ધિ દાખવી હોવાનું સ્ટીલ મંત્રાલયે જારી કરેલી એક યાદીમાં જણાવ્યું હતું. અત્રે દેશની રાજધાની નવી દિલ્હી ખાતે સ્ટીલ મંત્રાલયના નેજા હેઠળ યોજાયેલી એક કાર્યશાળાને સંબોધતા સ્ટીલ સચિવે જણાવ્યું હતું કે દેશમાં સ્ટીલ ઉત્પાદનનો વૃદ્ધિદર ૧૨ ટકાની ઉપર છે અને માથીદીઠ વપરાશ પણ ૧૦૦ કિલોગ્રામની સપાટી પાર કરી ગયો છે. નેશનલ સ્ટીલ પૉલિસી હેઠળ સરકારે વર્ષ ૨૦૩૦-૩૧ સુધીમાં દેશમાં સ્ટીલનો માથાદીઠ વપરાશ ૧૬૦ કિલો સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક રાખ્યો છે, ત્યારે હાલના તક્કે ૧૦૦ કિલોના વપરાશનું સિમાચિહ્ન હાંસલ કરવું એ એક મહત્ત્વની બાબત છે. વર્ષ ૨૦૧૭માં જ્યારે નેશનલ સ્ટીલ પૉલિસી અમલી બનાવવામાં આવી ત્યારે માથાદીઠ વપરાશ ૬૦ કિલોનો હતો. પૉલિસી અંતર્ગત વર્ષ ૨૦૩૦ સુધીમાં ક્રૂડ સ્ટીલની ક્ષમતાનો ૩૦ કરોડ ટન અને ૨૫.૫ કરોડ ટનના ઉત્પાદનનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો.

# જુલાઈમાં પેસેન્જર વાહનોની માગ મંદ પડતાં ડીલરોની રવાનગીમાં સાધારણ ઘટાડો

નવી દિલ્હી: ગત જુલાઈ મહિનામાં સ્થાનિક બજારમાં માગ શાંત રહેતાં પેસેન્જર વાહનોના ઉત્પાદકોની ડીલરોનાં શૉ રૂમ ખાતેની રવાનગી જુલાઈ, ૨૦૨૪નાં ૩,૪૧,૫૧૦ યુનિટ સામે સાધારણ ઘટાડા સાથે ૩,૪૦,૭૭૨ યુનિટની સપાટીએ રહી હોવાનું ઔદ્યોગિક સંગઠન સોસાયટી ઑફ ઈન્ડિયન ઑટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ (સિઆમ)એ એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. એકંદરે ગત જુલાઈમાં તમામ વાહનોના સેગ્મેન્ટમાં એકંદરે કામગીરી સ્થિર રહી હતી, પરંતુ માત્ર પેસેન્જર વાહનોના સેગ્મેન્ટમાં કામગીરી સાધારણ દબાણ હેઠળ રહી હોવાનું સિઆમના ડિરેક્ટર જનરલ રાજેશ મેનને એક યાદીમાં જણાવ્યું હતું.

સિઆમની આંકડાકીય માહિતી અનુસાર ગત જુલાઈ મહિનામાં દ્વીચક્રી વાહનોની ડીલરોનાં શૉ રૂમમાં રવાનગી આગલા જુલાઈ, ૨૦૨૪ના ૧૪,૪૧,૬૯૪ યુનિટ સામે નવ ટકા વધીને ૧૫,૬૭,૨૬૭ યુનિટની સપાટીએ રહી હતી.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં સાધારણ સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં બે દિવસની રજા પૂર્વે સ્ટોકિસ્ટોની લેવાલી છૂટીછવાઈ રહી હતી, પરંતુ રિટેલ સ્તરની માગ પ્રબળ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ભાવમાં ક્વિન્ટલે રૂ. બેથી છનો સુધારો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આવતીકાલે સ્વાતંત્ર્ય દિન અને શનિવારે ગોકુલાષ્ટમી નિમિત્તે બજાર સત્તાવાર ધોરણે બંધ રહેવાની હોવાથી આજે અંદાજે ૩૧થી ૩૨ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ખપપૂરતી રહી હતી, પરંતુ રિટેલ સ્તરની માગ પ્રબળ રહેતાં આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ હાજરમાં માગ તથા માલની ગુણવત્તાનુસાર સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે બે અને ઉપલા મથાળેથી રૂ. છ વધીને રૂ. ૪૦૫૨થી ૪૧૦૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૧૦૨થી ૪૧૮૨માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની ખપપૂરતી માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૫થી ૪૦૦૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૩૫થી ૪૦૭૫માં ટકેલા ધોરણે થયા હતા.







**રાજકોટ લોકમેળોઃ** સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં યોજાતા સુપ્રસિદ્ધ જન્માષ્ટમીના લોકમેળા ‘શૌર્યનું સિંદૂર’નો કેબિનેટ પ્રધાન રાઘવજી પટેલના હસ્તે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. પાંચ દિવસના મેળાની રાજકોટ સહિત સૌરાષ્ટ્રવાસીઓ મનમૂકીને મોજ માણશે. આ પ્રસંગે કેબિનેટ પ્રધાન મનસુખ માંડવીયા, રાજકોટના ધારાસભ્ય દર્શિતા શાહ, રાજકોટના સાંસદ પરશોતમ રૂપાલા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. (તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# પોરબંદરમાં રાજ્યકક્ષાનો સ્વાતંત્ર્ય પર્વઃ સૌરાષ્ટ્રનાં વિવિધ શહેરોમાં પ્રધાનો ધ્વજવંદન કરાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતના ૭૯મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી આ વર્ષે પોરબંદર ખાતે કરવામાં આવશે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ પોરબંદરમાં ધ્વજવંદન કરીને સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનો પ્રારંભ કરાવશે. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી મહેસાણા ખાતે ધ્વજવંદન કરશે. આ ઉપરાંત, રાજ્યભરમાં વિવિધ જિલ્લા મથકોએ પ્રધાનો અને કલેક્ટર દ્વારા ધ્વજવંદન સમારોહ યોજાશે. ત્યારે સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં મહાનુભાવો દ્વારા થનારા ધ્વજવંદન કરવામાં આવશે. જેમાં રાજ્ય સરકારના કેબીનેટ પ્રધાન રાઘવજીભાઈ પટેલ જામનગરમાં, ગીર સોમનાથના ગીરગઢડામાં કુંવરજીભાઈ બાવળીયા, દ્વારકાના ઓખા મંડળમાં મુળુભાઈ બેરા અને રાજકોટના પડધરીમાં ભાનુબહેન બાબરિયા દ્વારા ધ્વજવંદન કરવામાં આવશે. તે ઉપરાંત મોરબીના હળવદમાં રાજ્ય પ્રધાન જગદીશ વિશ્વકર્મા દ્વારા ધ્વજવંદન કરવામાં આવશે. આ સિવાયના જિલ્લાઓમાં કલેક્ટરના અધ્યક્ષ સ્થાને ધ્વજવંદન સમારોહ યોજાશે. આ ઉજવણીમાં મોટી સંખ્યામાં નાગરિકો, સરકારી અધિકારીઓ અને શાળાઓના વિદ્યાર્થીઓ ભાગ લેશે.■

# કચ્છમાં જન્માષ્ટમીનો થનગનાટઃ ભુજ અને અંજાર સહિત સમગ્ર જિલ્લામાં લોકમેળાનો પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લામાં બે દિવસના પરંપરાગત જન્માષ્ટમી પર્વની ઉજવણીની રાંધણ છઠ્ઠથી શરૂઆત થઇ હતી. ભુજ શહેરમાં બે દિવસના સાતમ-આઠમના લોકમેળાનો વાદળછાયા વાતાવરણ સાથે આરંભ થયો હતો. કચ્છમાં આ વર્ષે વરસેલા સચરાચર વરસાદને પગલે શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે.

ઐતિહાસિક મહાદેવનાકુ, આલમપનાહ ગઢ, ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ, કચ્છ સંગ્રહાલય જેવી હેરિટેજ ઇમારતો અને હમીરસર તળાવના કિનારે રાજાશાહીના જમાનાથી યોજાઈ રહેલા આ લોકમેળામાં આલમપનાહ ગઢથી શરૂ કરીને છેક ખેંગારપાર્ક અને ઉમેદનગર સુધીના વિસ્તારમાં બંને તરફ ફાળવવામાં આવેલા પ્લોટ પર રમકડાં, અલગ અલગ જોય રાઇડ્સ અને ખાણીપીણીના સ્ટોલ લગાવવામાં આવ્યા હતાં.

અતિભારે વરસાદની આગાહી વચ્ચે આ વખતે ત્રણ દિવસ માટે યોજાઈ રહેલા આ મેળામાં ભુજ ઉપરાંત આસપાસના ગામો જેવાં કે, માધાપર, મીરજાપર, માનકુવા, કુકમા, ધાણેટી, પદ્ધર, લાખોંદના લોકો પણ મેળાના સ્થળે પહોંચી રહ્યા છે. જન્માષ્ટમીના આ મેળામાં રમકડાં મોંઘા મળતા હોવાની માન્યતાને પગલે લોકોએ શહેરની મુખ્ય બજારોમાં આવેલી રમકડાંની વિવિધ દુકાનોમાંથી અથવા વિવિધ ઓનલાઇન શોપિંગ પોર્ટલ્સ પરથી ખરીદી કરવાનું પસંદ કર્યું હતું.

ભુજ સહિત કચ્છભરની બજારોમાં પણ જન્માષ્ટમીની રોનક જોવા મળી રહી છે. અંજારમાં જેસલ-તોરલની સમાધિ તેમજ અજેપાળ મંદિરની આસપાસના મેદાનમાં પણ સાતમ-આઠમના મેળાનો પ્રારંભ થયો હતો. ભુજ ઉપરાંત મુંદરા, ગાંધીધામ, નલિયા તેમજ રાપર જેવાં શહેરોમાં પણ તહેવાર પૂર્વેની રોનક વર્તાઈ રહી હતી. દરમ્યાન, ભુજના પ્રાચીન કલ્યાણેશ્વર મહાદેવ પરિસરમાં આવેલા અને રાજમાર્ગ તરીકે ઓળખાતા ઉપલીપાળ રોડ પરના શીતળા માતાના મંદિરોએ તેમજ રાપરના પ્રસિદ્ધ શીતળા માતાજીના મંદિરે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે. આ ઉપરાંત વાગડ વિસ્તારના એકમાત્ર પૌરાણિક કાળના નાગાસર તળાવના કિનારે સ્થિત સદીઓ જુના શીતળા માતાના મંદિર પાસે યોજાયેલા ભાતીગળ મેળામાં જનમેદની ઉમટી પડી હતી.■



જન્માષ્ટમીના પર્વનો સૌથી અનેરો ઉત્સાહ સૌરાષ્ટ્રમાં રહે છે, ત્યારે ગોકુળ આઠમ પૂર્વે રાજકોટ કૃષ્ણમય બની ગયું છે. બેડીનાકા ખાતે આવેલા નકલંક મંદિર જેવા જૂના વિસ્તારો સહિત રાજકોટ શહેરના નવા વિસ્તારો જેવા કે મહિલા કોલેજ સર્કલ, ઈન્દિરા સર્કલ, રેસકોર્સ ગ્રાઉન્ડ સહિતના વિસ્તારોમાં જન્માષ્ટમીની ઉજવણી માટે ભગવાનના ફ્લોટ્સ તૈયાર કરવામાં આવ્યા હતાં. (તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# જોડિયા તાલુકાનું કેશિયા ગામ તિરંગાના રંગે રંગાયું

## ૬૦૦ ફૂટ લાંબા રાષ્ટ્રધ્વજ સાથે રેલી નીકળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જોડિયા તાલુકાના કેશિયા ગામમાં ‘હર ઘર તિરંગા’ અને ‘સ્વચ્છતા હી સેવા’ કાર્યક્રમ હેઠળ રાજ્યના કેબિનેટ પ્રધાન રાઘવજીભાઈ પટેલની અધ્યક્ષતામાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ૬૦૦ ફૂટના તિરંગા સાથે યોજાયેલ વિશાળ રેલી સૌના આકર્ષકનું કેન્દ્ર બની હતી.

જોડિયા તાલુકાના કેશિયા ગામે ૭૯મા સ્વાતંત્ર્ય દિવસ નિમિત્ત ‘હર ઘર તિરંગા’ અભિયાન હેઠળ એક ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યના કેબિનેટ પ્રધાન રાઘવજી પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષની થીમ ‘‘હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા : સ્વતંત્રતા કા ઉત્સવ, સ્વચ્છતા કે સંગ હેઠળ ગ્રામજનો, વિદ્યાર્થીઓ, પદાધિકારીઓ અને અધિકારીઓ મોટી સંખ્યામાં તિરંગા યાત્રામાં જોડાયા હતા. સવારે ૮:૦૦ વાગ્યે રામ મંદિરથી શરૂ થયેલી આ યાત્રા બસ સ્ટેન્ડ સુધી પહોંચી હતી. આ યાત્રાનું મુખ્ય આકર્ષણ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરાયેલ ૬૦૦ ફૂટ લાંબો તિરંગો હતો, જેણે ઉપસ્થિત સૌ કોઈનું ધ્યાન ખેંચ્યું હતું. ■

# મુંદરા બંદર પર ડીઝલની દાણચોરીનો પર્દાફાશઃ ડીઆરઆઈએ ૨૩૫૦ મેટ્રિક ટન ડીઝલની ચોરી ઝડપી પાડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મુંબઈસ્થિત ડિરેક્ટોરેટ ઓફ રેવેન્યૂ ઇન્ટેલીજન્સની ટુકડીએ તાજેતરમાં દુબઇથી મુંદરા અદાણી બંદરે હેવી એરોમેટિક ઓઈલના નામે આવેલા ૧૨૪થી વધારે કન્ટેનરોને અટકાવી, અંદર રહેલા પદાર્થના નમૂના લઈને વડોદરાની એફએસએલ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા, જેમાં ડિક્લેર કાર્ગો તરીકે ડીઝલ નીકળતાં ડી.આર.આઈએ આયાતકારના ડાયરેક્ટરની ધરપકડ કરી હતી.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઈન્ટેલીજન્સ (ડી.આર.આઈ.) દ્વારા તાજેતરમાં મુંદરા અદાણી બંદરે આવેલાં ૧૫૦થી ૨૦૦ જેટલાં શંકાસ્પદ કન્ટેનર અટકાવવામાં આવ્યાં હતાં. તપાસ બાદ આ કન્ટેનરોમાં એમ.એચ.ઓ.નાં નામે કંડલા સેઝમાં અત્રેની જી.કે.એન કંપની દ્વારા હાઈસ્પીડ ડીઝલની આયાત કરવામાં આવી હોવાનો ઘટસ્ફોટ થયો હતો. આયાત કરાયેલો જથ્થો એમ.એચ.ઓ. નહીં પણ ડીઝલ હોવાનો અહેવાલ આવ્યા બાદ ડી.આર.આઈ. દિલ્હીની ટુકડી દ્વારા કંપનીના એમ.ડી. શ્રીનિવાસનને દિલ્હી પૂછપરછ માટે બોલાવાયા હતા, ત્યાર બાદ એમ.એચ.ઓ.નાં નામે ડીઝલ મગાવીને કરોડોની કિંમતની ડયૂટી ચોરીનો કારસો રચાયો હોવાનું સામે આવતા તેમની ધરપકડ કરવામાં આવી હતી.

ધરપકડ બાદ તેમને મુંદરા કોર્ટમાં રજૂ કરી જેલમાં ધકેલી દેવામાં આવ્યો હતો. આ શખ્સના યુનિટમાં દર મહિને અંદાજિત ૧૦૦૦૦ મેટ્રિક ટનથી વધારેની આયાત થતી હતી. ડી.આર.આઈ. દ્વારા કુલ્લ ૨૩૫૦ મેટ્રિક ટન જેટલો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો, જેની અંદાજિત કિંમત ૧૪ કરોડ થવા જાય છે. આ કાર્ગો કન્ટેનરની અંદર ફુગ્ગો (ફ્લેક્સી બલૂન)માં લઈ આવે છે, જ્યારે તેનું હેન્ડલિંગ કરવાની મોટા ભાગના સીએફએસ પાસે પરવાનગી નથી છતાં બેરોકટોક અહીં લાવવામાં આવતા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો અગાઉ એક ખાનગી સીએફએસમાં એક કન્ટેનરમાંથી જ્વલનશીલ ઓઈલનો રિસાવ થયો હતો પણ મુંદરા કસ્ટમે જવાબદારો વિરુદ્ધ કાર્યવાહી કરી ન હતી. વધુ એક બનાવમાં પ્રાગપર પાસે આવાં કન્ટેનરમાંથી માર્ગ અકસ્માત દરમિયાન અત્યંત જ્વલનશીલ ઓઇલ ઢોળાયું હતું. મુંદરા કમિશનરે એક જાહેરનામું બહાર પાડી આવા કન્ટેનર અંદર ફુગ્ગા (ફ્લેક્સી બલૂન )માં ઓઈલ ભરી લવાતાં કન્ટેનરો મુંદરા પોર્ટ લાવવા મનાઈ ફરમાવી હોવા છતાં આવા કન્ટેનરો કેમ અહીં આવે છે એ સવાલ ઊભો થઇ રહ્યો છે. ■

# અંજારમાં તહેવારો ટાણે તસ્કરોનો તરખાટઃ ત્રણ બંધ મકાનોમાંથી રૂ.૧.૯૬ લાખની મતાની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શ્રાવણ મહિનાના તહેવારી માહોલ તેમ જ ખેંચાઈ રહેલા વરસાદની વચ્ચે અંજાર તાલુકાના મેઘપર કુંભારડીમાં આવેલી રામેશ્વર રેસિડેન્સીમાં ત્રણ બંધ મકાનમાં તસ્કરોએ ત્રાટકીને રૂ. ૧,૯૬,૮૦૦ની મત્તાની ચોરીને અંજામ આપ્યો હતો. જેના કારણે સ્થાનિકોમાં ફફડાટ વ્યાપ્યો છે. આ અંગે મળતી વિગતો અનુસાર, મેઘપર કુંભારડીની રામેશ્વર રેસિડેન્સીમાં ગત રક્ષાબંધન પર્વ દરમ્યાન ચોરીનો આ બનાવ બન્યો હતો. અહીંના મકાન નંબર ૫૬માં રહેનાર ફરિયાદી હીરલાલ શંભુલાલ ઉમરાણિયાએ પોલીસને જણાવ્યું હતું કે, ગત તા.૫-૮ના રોજ સહ પરિવાર મહારાષ્ટ્રના શિરડી ખાતે રહેતી પુત્રીના ઘરે ગયા હતા. આ દરમ્યાન તા. ૧૦-૮ના રોજ તેમના પાડોશીએ ફોન કરી તેમના ઘરના તાળાં તૂટેલા હોવાની જાણ કરી હતી. ફરિયાદી ગત રાત્રે પરત પોતાના ઘરે પહોંચ્યા ત્યારે તપાસ કરતાં વેરવિખેર પડેલા સમાન વચ્ચે તિજોરીમાંથી દોઢ તોલાનું ગળામાં પહેરવાનું સોનાનું ડોકિયું, ૦.૩ તોલાના સોનાના બુટિયા, સોનાની વીંટી નંગ-૧, ૧.૫ તોલાની સોનાની ચેઇન, કાનમાં પહેરવાની સોનાની સેરીયું, ચાંદીનાં સાંકળાં, ચાંદીના સિક્કા તથા રોકડ રૂ. ૧૫,૦૦૦ની ચોરી થઇ હોવાનું ધ્યાને આવ્યું હતું. આ ઉપરાંત તેમના ઘરમાં ખાતર પાડનારા તસ્કરોએ આંગણામાં પાર્ક થયેલા મોટરસાઈકલ (નંબર જીજે-૧૨-ઇજી-૪૩૩૫)ને પણ લઇ ગયા હતા. આ તસ્કરોએ મકાન નંબર ૧૪માં મહેશ દેભાભાઇ ગોહિલનાં ઘરમાંથી પણ રોકડ રૂ. ૧૦,૦૦૦ તથા ૧૦૦ ગ્રામના ચાંદીના સાંકળાં જોડી નંગ-બે, સોનાની ધાબી વગેરે મળીને રૂ. ૧૪,૦૦૦ની મતાની ચોરી કરી ગયા હતા.

ફાવી ગયેલા તસ્કરોને આટલાથી સંતોષ ન થયો હોય તેમ આગળ વધ્યા હતા અને મકાન નંબર ૧૭માં રહેતા અને રક્ષાબંધન મનાવવા વતન ગયેલા મયૂર મહેન્દ્ર સથવારાના મકાનને પણ નિશાન બનાવ્યું હતું અને અહીંથી રોકડ રૂ. ૪૦,૦૦૦ તથા ચાંદીના દાગીનાની ઉઠાંતરી કરી, ત્રણેય બંધ મકાનમાંથી નિશાચરોએ કુલ રૂ.૧,૯૬,૮૦૦ની માલમતાની ચોરી કરી ગયા હતા. ■

# સાતમ-આઠમના તહેવાર વચ્ચે કચ્છમાં ગમગીની

## એક મહિલા સહિત ચાર લોકોએ જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સાતમ-આઠમના તહેવારોના ઉત્સાહ વચ્ચે સરહદી જિલ્લા કચ્છમાં સામે આવેલી આત્મહત્યાની અલગ અલગ દુર્ઘટનાઓમાં એક મહિલા સહિત ચાર લોકોના અકાળે મોત નીપજતાં પંથકમાં ગમગીની પ્રસરી જવા પામી હતી.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી જાણવા મળતી વિગતો પ્રમાણે, ભુજના કેમ્પ વિસ્તારના જયેષ્ઠા નગરમાં રહેનાર ચંદ્રિકાબેન નામની મહિલાએ વહેલી પરોઢે પોતાના ઘરેથી કોઈને જાણ કર્યા વિના નીકળીને હમીરસર પાસે આવ્યા હતા, બાદમાં તળાવમાં મોતની છલાંગ લગાવીને પોતાનું જીવન ટુંકાવી લીધું હતું. આ મહિલા માનસિક રીતે અસ્વસ્થ હોવાની હૉસ્પિટલ ખાતે નોંધ કરાવાઇ હતી. વધુ એક આપઘાતનો બનાવ ભચાઉના ચોપડવામાં આવેલી રાધાક્રિષ્ના કંપનીની કેન્ટીનમાં બન્યો હતો. અહીં રહીને મજૂરીકામ કરનાર મૂળ રાજસ્થાનના રામલાલને ગત રાત્રિ દરમ્યાન કેન્ટીનમાંના લોખંડના એંગલ સાથે દુપટ્ટો બાંધીને અકળ કારણોસર ગળેફાંસો ખાઈને પોતાના જીવનને સમાપ્ત કરી દીધું હતું.

બીજી તરફ, ભુજ શહેરની સત્યમ સોસાયટીમાં રહેતા અને કેન્સરની અસાધ્ય બીમારીથી પીડિત નીતિન ભટ્ટે પોતાના ઘરે છતમાં લાગેલા પંખામાં દોરડું બાંધી, ગળેફાંસો ખાઇને આપઘાત કરી લેતાં એ-ડિવિઝન પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી કરી હતી. દરમ્યાન, મૂળ જામનગરના, હાલ નલિયા રહેનારા અને વ્યવસાયે માછીમાર એવા શબીર નામના યુવકે કોઇ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. ગંભીર અવસ્થામાં પ્રથમ નલિયા બાદમાં વધુ સારવાર અર્થે ભુજ ખસેડાઇ રહ્યો હતો, ત્યારે રસ્તામાં જ તેની તબિયત લથડતાં મંગવાણાની સરકારી હોસ્પિટલે લઇ જવાતાં ત્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. નલિયા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# એકના ડબલનું તરકટ રચી ભુજની ઠગ ત્રિપુટીએ મધ્ય પ્રદેશના યુવકને ૯૫ હજારમાં છેતર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ એકના ડબલ પૈસાને કરી દેવાના નામે દેશભરના લોકો સાથે છેતરપિંડી આચરતી રહેતી ભુજની ઠગ ત્રિપુટીએ મધ્ય પ્રદેશના યુવકને ભુજ બોલાવીને ૯૫ હજારની ઠગાઈ કરી હતી. બીજી તરફ, મુંદરા પોલીસે નકલી સોના અને એકના ડબલની લાલચ આપી ઠગાઈ કરવાનો પ્રયાસ કરતા ભુજના ૬૪ વર્ષના વૃદ્ધને રંગેહાથ ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, મધ્ય પ્રદેશના બડવાનીમાં રહેતો અને ગામમાં મોબાઈલ ફોનની એસેસરીઝની દુકાન ધરાવતા ૨૫ વર્ષીય શ્રેયાંશ જૈન નામના યુવકને નિશાના પર લઈને ભુજની ઠગ ટોળકીએ આર્વન જૈન નામની ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી તેને એકના ડબલ રૂપિયા મળવાની લોભામણી સ્કીમ આપી હતી. વાતચીત બાદ વિશ્વાસમાં આવેલો શ્રેયાંશ ગત સવારે ટ્રેનથી ભુજ આવ્યો હતો. આ ટોળકીએ તેને ભુજ બસ સ્ટેશન પાસે બોલાવ્યો અને નંબર વગરની સફેદ બલેનો કારમાં તેને બેસાડીને ત્રિ-મંદિર વિસ્તારમાં લઈ ગઈ હતી.

અહીં તેની પાસેથી ૯૫ હજાર રૂપિયા લઈ લીધા હતા અને હિલ ગાર્ડન નજીક ખુલ્લાં મેદાન પાસે તેને લઈ ગયા. ત્યારબાદ રૂપિયાની નોટો કારની ડીકીમાંથી લઈ લેવા શ્રેયાંશને જણાવ્યું હતું. આ વેળાએ કારને હંકારી મૂકી દેતાં રસ્તા પર ઘસડવાથી ભોગ બનનારના હાથ પગે ઈજાઓ પહોંચી હતી. જી.કે. જનરલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર કરાવ્યા બાદ શ્રેયાંશ સ્થાનિક ગુન્હાશોધક શાખાની કચેરીએ પહોંચ્યો હતો.

પોલીસે તેને આ ગેંગના આરોપીઓના ફોટો બતાડતાં તે ત્રણે આરોપીઓને ઓળખી ગયો હતો. આરોપીઓની ઓળખ થયા બાદ શ્રેયાંશે ભુજ એ ડિવિઝન પોલીસ મથકે સાહિલ રમજુ સમેજા (કેમ્પ એરિયા, ભુજ), કરીમ ઈબ્રાહિમ ત્રાયા (સીતારા ચોક, ભુજી) અને આમદશા કરીમશા રોખડાડા (આલાવારા કબ્રસ્તાન પાછળ) વિરુધ્ધ ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી.બીજી તરફ, મુંદરા પોલીસે ભોળા લોકો સાથે ઠગાઈના હેતુથી નકલી સોનાના બિસ્કિટ અને ચલણી નોટોના થપ્પાના ફોટો તથા વીડિયો બનાવીને, ઇન્સ્ટાગ્રામ-ફેસબુક પર અપલોડ કરનારા ભુજના ૬૪ વર્ષિય ઇલિયાસ ઠાઠા બાવા (રહે. કોટવાલ શેરી, લખરાઈ ચાર રસ્તા પાસે, ભુજ)ની ધરપકડ કરી છે. ઈલિયાસ મુંદરાના સાડાઉ પાસે માલધારી હોટેલ પાછળ એક નિર્જન મકાન પાસે નકલી બિસ્કિટ અને નોટોના ફોટો વીડિયો રેકોર્ડ કરતો હોવાની મળેલી પૂર્વ બાતમીના આધારે પોલીસે તેને બે મોબાઈલ ફોન અને સ્કૂટર સાથે રંગેહાથ ઝડપી પાડ્યો હતો. આરોપીએ સલીમભાઇ નામની આઈડી પરથી ઈન્સ્ટાગ્રામના ડીપીમાં નકલી ગોલ્ડ બિસ્કિટનો ફોટો મુક્યો હોવાનું તથા સલીમ ખાન નામથી વોટસએપ પર જુદા જુદા નંબરો પર સોનાના બિસ્કિટના ફોટો વીડિયો ફોરવર્ડ કર્યા હોવાનું પણ સ્પષ્ટ થયું છે. આ વૃદ્ધ ‘ઠગ’ વિરુદ્ધ, ઠગાઈના હેતુથી સોશિયલ મીડિયા પર નકલી ગોલ્ડ બિસ્કિટ અને નકલી ચલણી નોટોના ભ્રામક ફોટો વીડિયો પોસ્ટ કરવા બદલ ગુનો નોંધવામાં આવ્યો છે. ■

# રાજકોટમાં જન્માષ્ટમી લોકમેળા ‘શૌર્યનું સિંદુર’નો રંગારંગ પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ ખાતે યોજાતા સુપ્રસિદ્ધ જન્માષ્ટમીના લોકમેળાનો રંગારંગ પ્રારંભ કરવામાં આવ્યો હતો. રાજકોટ કલેકટર તંત્ર અને લોકમેળા સમિતી દ્વારા રેસકોર્સ ગ્રાઉન્ડમાં આયોજિત પાંચ દિવસના ‘શૌર્યનું સિંદુર’ લોકમેળાનો કેબિનેટ પ્રધાન રાઘવજી પટેલના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. રાંધણ છઠ્ઠથી શરૂ થયેલો આ મેળો ૧૮ ઓગષ્ટ એટલે કે શ્રાવણ વદ દસમ સુધી ચાલશે. પાંચ દિવસના મેળાની રાજકોટ સહીત સૌરાષ્ટ્રવાસીઓ મનમૂકીને મોજ માણશે.

રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડમાં યોજાતા જન્માષ્ટમીના પરંપરાગત લોકમેળાનો જિલ્લા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રંગારંગ પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કેબિનેટ પ્રધાન મનસુખ માંડવીયા, રાજ્ય સરકારના કેબિનેટ પ્રધાન કુંવરજી બાવળિયા, ભાનુબેન બાબરિયા, રાજકોટના ધારાસભ્ય દર્શિતા શાહ, ઉદય કાનગડ, રમેશ ટીલાળા, રાજકોટ મનપામાં મેયર નયનાબેન પેઢડીયા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, રાજકોટના સાંસદ પરશોતમ રૂપાલા, રામભાઈ મોકરીયા, કેસરીદેવસિંહ ઝાલા ઉપસ્થિત રહ્યા હતાં. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકમેળાની વ્યાપક તૈયારીઓ કરવામાં આવી છે. જેમાં સહેલાણીઓ માટે ૬ એન્ટ્રી-એક્ઝિટ ગેઇટ, ૧૬ -વોચ ટાવર, ચાર કંટ્રોલરૂમ, એક ઇમરજન્સી રૂટ, ૧૬૪૦ પોલીસ જવાન તૈનાત રહેશે, ૧૦૦ સફાઈ કામદાર, ૪૦૦ રેવન્યુ કર્મચારીઓ, ૧૮ એનડીઆરએફના જવાન, ૨૨ એસડીઆરએફના જવાન, ૪ એમ્બ્યુલન્સ અને રૂ.૮ કરોડનું વીમા કવચ જેવી પૂર્વ તૈયારીઓ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી છે.

લોકમેળામાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૧૫ લાખ જેટલા લોકોની વ્યવસ્થાને ધ્યાને રાખી ૧૪ જગ્યા પર ફ્રી પાર્કિંગ જાહેર કરવામાં આવ્યા હતાં. ઉલ્લેખનીય છે કે આ પાંચ દિવસના મેળા માટે કુલ ૧૭૦૦ જેટલો બંદોબસ્ત અને ખાસ પાર્કિંગ સ્થળેથી વાહન ચોરી અટકાવવા પાર્કિંગ પ્લોટ પર સીસીટીવી કેમેરા ઇન્સ્ટોલ કરી કંટ્રોલરૂમમાંથી મોનિટરિંગ કરવામાં આવશે. તે ઉપરાંત રાજકોટના લોકમેળાને સ્વચ્છ અને સુઘડ રાખવા માટે રાજકોટ મહાનગરપાલિકાના સોલીડ વેસ્ટ વિભાગ દ્વારા સઘન આયોજન કરવામાં આવ્યું છે. મેળાની અંદર સ્વચ્છતા જળવાઈ રહે તે માટે ૨૬૦ સફાઈ કામદારોને તૈનાત કરવામાં આવ્યા છે. આ લોકમેળો પુર્ણ થયા બાદ વધારાના પાંચ દિવસ સુધી સફાઈની કામગીરી હાથ ધરવામાં આવશે. ■

# સુરેન્દ્રનગરમાં ‘વિરાસત અને ધરોહર’ લોકમેળાનો પ્રારંભઃ

## ચાર દિવસ સુધી રહેશે જન્માષ્ટમીના લોકમેળાનો થનગનાટ

અમદાવાદઃ સૌરાષ્ટ્રમાં રાંધણ છઠ્ઠના દિવસથી જ જન્માષ્ટમીના લોકમેળાની શરૂઆત કરવામાં આવી હતી. રાજ્યના વન અને પર્યાવરણ પ્રધાન અને સુરેન્દ્રનગર જિલ્લાના પ્રધાન મૂળુભાઈ બેરાએ નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણા, સાંસદ ચંદુભાઈ શિહોરા સહિતના મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિમાં સુરેન્દ્રનગર અને વઢવાણ લોકમેળાનું ઉદઘાટન કરી ખુલ્લો મૂક્યો હતો. આ સાથે સુરેન્દ્રનગર અને વઢવાણ ખાતે ચાર દિવસના લોકમેળાની રંગત શરૂ થઈ ગઈ હતી. સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા સુરેન્દ્રનગર અને વઢવાણ લોકમેળાને ‘વિરાસત અને ધરોહર’નું નામ આપવામાં આવ્યું હતું. આ તકે મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે આપણી સંસ્કૃતિમાં પારંપરિક ઉત્સવો અને લોકમેળાઓનું અનન્ય મહત્વ છે. તરણેતર, માધવપુર જેવા લોકમેળાઓ આપણી સાંસ્કૃતિક ધરોહરનું જીવંત પ્રતીક છે. આ મેળાઓ આપણી સાંસ્કૃતિક એકતાના મૂળને મજબૂત બનાવે છે. દરેક મેળો પોતાની વિશિષ્ટ પ્રવૃત્તિઓ અને સ્વરૂપ દ્વારા આપણી સંસ્કૃતિનું જતન કરવાના ઉદ્દેશ્યને સાકાર કરે છે. કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને સ્વદેશી ઉત્પાદનો અપનાવવાનો અનુરોધ કરવામાં આવ્યો હતો અને જણાવ્યું હતું કે, જન્માષ્ટમી જેવા લોકમેળાઓમાં ‘વોકલ ફોર લોકલ’ની ભાવના આપણી પ્રાથમિકતા હોવી જોઈએ. ■